# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
ટાઇગરની ફિલ્મમાં રકુલ પ્રીત અને પ્રજ્ઞા જયસ્વાલની એન્ટ્રી



પેજ-09
તિલક વર્માને ટીમમાંથી કાઢો, શ્રીકાંતની માંગ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 29.00 |
| વડોદરા | 36.00 | 29.00 |
| સુરત | 32.00 | 29.00 |


પેજ 5





ઈક્વિટી ફંડોમાં રોકાણ 26% વધીને રૂ.28,973 કરોડ

**12** JULY-2026 SUNDAY

હોર્મુઝ સંકટ: ઈરાનને ટ્રમ્પનું 24 કલાકનું અલ્ટીમેટમ, અમેરિકા-ઈરાન...




પેજ 10


**.....સુવિચાર.....**
બદનામીની બીક તો એને હોય દોસ્ત, જેનામાં નામ કમાવાની હિંમત ના હોય!


વર્ષ-15 । અંક-239 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# શરદ પવારે મહારાષ્ટ્ર સરકારની પ્રશંસા કરી

## NDA માં જોડાવાની અટકળો; ચાર દિવસ પહેલા પવાર-શિંદેની મુલાકાત થઈ હતી


(એજન્સી) મુંબઈ | તા.11

NCP(SCP) ના અધ્યક્ષ શરદ પવારે મહારાષ્ટ્ર સરકારની ખેડૂત દેવા માફી યોજનામાં થયેલા બદલાવની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે સરકારના આ નિર્ણયથી લાખો ખેડૂતોને ફાયદો થશે. પવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો આભાર પણ માન્યો.

શરદ પવારની પાર્ટી NCP ના NDA માં સામેલ થવા અથવા કોંગ્રેસમાં વિલય થવાની અટકળો પણ છે. જોકે, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શશિકાંત શિંદેએ આ તમામ ચર્ચાઓને અફવા ગણાવી છે.

સૂત્રો અનુસાર, પવારની પાર્ટીના નેતાઓ NDA માં સામેલ થવાના પક્ષમાં નથી. કેટલાક નેતાઓએ આ અંગે અસહમતિ દર્શાવી છે.

ખરેખરમાં, આ અટકળોને ત્યારે વધુ વેગ ત્યારે મળ્યો, જ્યારે શરદ પવારે મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા વિવાદ પર 8 જુલાઈના રોજ મુંબઈમાં વિધાનભવનમાં મીટિંગ કરી હતી. આ પછી પવારે ડેપ્યુટી CM શિંદેના રૂમમાં પોતાની પાર્ટીના ધારાસભ્યો સાથે મુલાકાત કરી.



### શરદ પવારે કહ્યું- જો સરકાર નિર્ણય ન લેત તો લાખો ખેડૂતોને નુકસાન થાત

**શરદ પવારે કહ્યું કે રાજ્ય સરકારે કુદરતી આફતો અને કૃષિ પેદાશોના ભાવમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને દેવા માફી યોજનાની જાહેરાત કરી હતી. જોકે, શરૂઆતમાં યોજનામાં કેટલીક એવી શરતો રાખવામાં આવી હતી, જેના કારણે મોટી સંખ્યામાં ખેડૂતોને લાભ મળી શક્યો ન હતો. તેમણે કહ્યું કે અગાઉ 2019ની મહાત્મા જ્યોતિરાવ ફુલે ખેડૂત દેવા માફી યોજનાનો લાભ લેનારા ખેડૂતો માટે મહત્તમ 50 હજાર રૂપિયા સુધીની જ રાહતની જોગવાઈ હતી. આ ઉપરાંત, નિયમિતપણે લોન ચૂકવતા ખેડૂતો માટે વર્ષ 2025-26 અને 2026-27ના પાક ધિરાણની ચુકવણી કરવી ફરજિયાત રાખવામાં આવી હતી. પવારે કહ્યું કે આ બંને શરતોને કારણે લાખો ખેડૂતો યોજનાના દાયરામાંથી બહાર થઈ જાત. તેમણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સરકારનો આ શરતો પાછી ખેંચવા બદલ આભાર માન્યો અને કહ્યું કે આ નિર્ણય રાજ્યના ખેડૂતોની ભાવનાઓને અનુરૂપ છે.**

### કોંગ્રેસથી અલગ થઈને બનાવી હતી NCP

**રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ની સ્થાપના 10 જૂન 1999ના રોજ શરદ પવાર, પી.એ. સંગમા અને તારિક અનવરે કરી હતી. ત્રણેય નેતાઓએ સોનિયા ગાંધીના વિદેશી મૂળનો મુદ્દો ઉઠાવીને પાર્ટી નેતૃત્વ પર સવાલ ઉભા કર્યા હતા. કોંગ્રેસે તેમને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા. આ પછી ત્રણેયે NCPની રચના કરી હતી.**

# તેલંગાણામાં બળાત્કારના આરોપીએ 6 હત્યા કરી

## જામીન પર છૂટ્યો હતો, પહેલા પત્ની-બાળકોને, પછી પીડિત અને તેના પરિવારને મારી નાખ્યા

(એજન્સી) તેલંગાણા | તા.11

તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં સગીરા પર બળાત્કારના એક આરોપીએ શુક્રવારે રાત્રે જામીન પર બહાર આવતા જ 6 હત્યાઓ કરી દીધી. પહેલા તેણે પોતાની 30 વર્ષની પત્ની, 4 વર્ષ અને 18 મહિનાના બે પુત્રોની હત્યા કરી.

આ પછી તે લગભગ 6 કિલોમીટર દૂર બીજા ગામ પહોંચ્યો. જ્યાં તેણે 17 વર્ષની બળાત્કાર પીડિતા, તેની માતા અને નાનીને પણ મારી નાખ્યા. છોકરીએ 16 મેના રોજ પોક્સો (POCSO) એક્ટ હેઠળ આરોપી રાજકુમાર વિરુદ્ધ બળાત્કારનો કેસ દાખલ કરાવ્યો હતો.



**20 દિવસ પછી, અમે તેમને ફરીથી જણાવ્યું કે તે ફરી રહ્યો છે અને કહી રહ્યો છે કે તે છોકરીને મારી નાખશે. તેમણે કહ્યું કે તેઓ તેને શોધી રહ્યા છે. કેસ નોંધાયાના માત્ર બે દિવસ પછી જ તે જામીન પર બહાર આવી ગયો હતો. તેણે લાંચ આપી હતી અને કેસ દબાવી દેવામાં આવ્યો. હવે તેણે છોકરીની હત્યા કરી દીધી છે અને આ બધું પોલીસની બેદરકારીને કારણે થયું છે. તેમને સસ્પેન્ડ કરવા જોઈએ અને આરોપીને અમારા હવાલે કરી દેવો જોઈએ.**

**છોકરીના કાકા નરેશે જણાવ્યું કે, તેણે મારી કાકી અને ભત્રીજીની હત્યા કરી દીધી. તેણે પહેલા પણ છોકરીને હેરાન કરી હતી અને તેના પર POCSO હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. તેણે કહ્યું હતું કે તે એક-બે અઠવાડિયામાં આખા પરિવારને મારી નાખશે. કેસ નોંધાયા પછી પણ તેને પૂછપરછ કે રિમાન્ડ માટે લઈ જવામાં આવ્યો ન હતો. તેના પરિવારને ખબર હતી કે તે ક્યાં છે, પરંતુ પોલીસને તેની જાણ ન હતી અને કેસ દબાવી દેવામાં આવ્યો.**

### શું છે પોક્સો કાયદો

**- POCSO એક વિશેષ કાયદો છે, જે સગીર બાળકો વિરુદ્ધ થતા જાતીય ગુનાઓની રોકથામ અને કડક કાનૂની કાર્યવાહી માટે 2012 માં લાગુ કરવામાં આવ્યો હતો. - 18 વર્ષથી ઓછી ઉંમરની દરેક વ્યક્તિ 'બાળક' ગણાય છે. - કેસોની સુનાવણી માટે વિશેષ POCSO કોર્ટ બનાવવામાં આવે છે. - પીડિત બાળકની ઓળખ જાહેર કરવી કાયદેસર ગુનો છે. - ગંભીર કેસોમાં આજીવન કેદ અથવા મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ છે (2019 ના સુધારા પછી)**

# ગડકરી બોલ્યા-E20 પેટ્રોલથી ગાડી ખરાબ થાય, તો પાર્ટ્સ મફત બદલો

(એજન્સી) નવીદિલ્હી | તા.11

20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી ગાડી ખરાબ થવા પર કંપનીઓ મફતમાં પાર્ટ્સ બદલશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે સરકારે કંપનીઓને નિર્દેશ આપ્યા છે કે તેઓ E20 ફ્યુઅલથી પ્રભાવિત જૂની ગાડીઓના (2023 પહેલાની) પાર્ટ્સને કોઈ વધારાના ચાર્જ વિના બદલે.

તેમણે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે E20 ફ્યુઅલથી સોશિયલ મીડિયા પર ગાડીઓ ખરાબ થવાના કે નુકસાન થવાના સમાચાર ખોટા છે અને આ એક ખોટો નેરેટિવ છે. જોકે, તેમણે જૂની ગાડીઓનું માઈલેજ ઓછું થવાની વાત સ્વીકારી છે.

ગડકરીએ કહ્યું કે સર્વિસિંગ માટે જતી જૂની કારોમાં પહેલા વોશર્સ મેટલ (ધાતુ)ના બનેલા હતા, જ્યારે હવે તે રબરના બનાવવામાં આવી રહ્યા છે. અમે કંપનીઓને કડક નિર્દેશ આપ્યા છે કે સર્વિસિંગ દરમિયાન ગ્રાહકો પાસેથી કોઈ વધારાનો ચાર્જ લીધા વિના આ વોશર્સ બદલવામાં આવે.

# ઉત્તરાખંડ-હિમાચલમાં 438 રસ્તા બંધ; મિઝોરમમાં 4 દિવસથી પ્રવાસીઓ ફસાયા

(એજન્સી) ઉત્તરાખંડ | તા.11

મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત દેશના 10 રાજ્યોમાં આગામી 5 દિવસ સુધી ચોમાસું નબળું રહેશે. આ રાજ્યોમાં વરસાદની ઓછી સંભાવના છે. તેનું કારણ દેશના પશ્ચિમી ભાગમાંથી વાદળોનું ગાયબ થઈ જવું છે. નવી સેટેલાઈટ તસવીરોમાં વાદળો પૂર્વીય રાજ્યો ઉત્તરાખંડ, યુપી, બિહાર, મેઘાલય, મિઝોરમ, ત્રિપુરા તરફ ખસી ગયા છે. જેના કારણે આ રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. યુપીના હાપુડમાં ભારે વરસાદને કારણે અંડરપાસમાં પાણી ભરાઈ ગયું. થાર કાર ડૂબી ગઈ. બિજનૌરમાં ગંગા અને તેની સહાયક માલન નદી ઉફાન પર છે. પુલ ડૂબી જવાથી મેરઠ-બિજનૌર હાઈવે, હરિદ્વાર રોડ સહિત અનેક રૂટ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. રાજ્યમાં 3 દિવસમાં 15 લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં 118 રસ્તાઓ બંધ થઈ ગયા. યમુનોત્રી નેશનલ હાઈવેનો લગભગ 100 મીટરનો ભાગ તૂટી ગયો. જ્યારે હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલનને કારણે 320 થી વધુ રસ્તાઓ બંધ છે. મિઝોરમના લુંગલેઈ જિલ્લામાં વરસાદ બાદ નદીનું જળસ્તર વધી ગયું. 80 પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. રાજ્યમાં 29 જગ્યાએ ભૂસ્ખલન થયું. લુંગલેઈ જિલ્લાના બુઆલ્તે ગામ પાસે નેશનલ હાઈવે 54 બંધ થઈ ગયો છે, જ્યાં છેલ્લા ચાર દિવસથી ઘણા પ્રવાસીઓ ફસાયેલા છે. પૌરી ગઢવાલમાં મોડી રાત્રે ભારે વરસાદને કારણે ચાલતી પીકઅપ પર પહાડનો એક ભાગ તૂટી પડ્યો. કાટમાળ અને પથ્થરોની ઝપેટમાં આવતા પીકઅપ સંપૂર્ણપણે કચડાઈ ગઈ. આ ઘટનાની જાણ શનિવારે સવારે થઈ, ત્યારબાદ રાહત અને બચાવ દળ ઘટનાસ્થળે પહોંચ્યું.

# વિજયે કહ્યું- કરુર નાસભાગ મારા જીવનનું સૌથી મોટું દર્દ

## ભીડને સંભાળવામાં પોલીસ નિષ્ફળ રહી, DMKએ 41 મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવ્યો

(એજન્સી) તમિલનાડુ | તા.11

તમિલનાડુના મુખ્યમંત્રી અને તમિલગા વેત્રી કડગમ (TVK) ના અધ્યક્ષ સી. જોસેફ વિજય ભાગદોડની ઘટના પછી પહેલીવાર કરૂર પહોંચ્યા. તેમણે કરૂરના એટલાસ ગ્રાઉન્ડમાં ભાગદોડમાં જીવ ગુમાવનારા 41 લોકોના પરિવારજનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો સોંપ્યા હતા.

વિજયે જનસભામાં કહ્યું- 2025ની કરૂરની ઘટના મારા જીવનનું સૌથી મોટું દર્દ છે. તેમણે કહ્યું- પોલીસ ભીડને સંભાળવામાં નિષ્ફળ રહી પરંતુ તત્કાલીન DMK સરકારે લોકોના મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો.

કરુરમાં 27 સપ્ટેમ્બર 2025ના રોજ TVKની પ્રથમ ચૂંટણી રેલીમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં 41 લોકોના મોત



થયા હતા અને 100થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ વર્ષે વિધાનસભા ચૂંટણીમાં TVK પહેલીવાર ચૂંટણી લડવા છતાં સૌથી મોટી પાર્ટી બની. ગઠબંધનના સમર્થનથી પાર્ટીએ સરકાર બનાવી અને વિજય મુખ્યમંત્રી બન્યા.

વિજયે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની યાદમાં કરુરમાં TVK તરફથી સ્મારક બનાવવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ સ્મારક એટલા માટે બનાવવામાં આવશે, જેથી આવનારી પેઢીઓ આ ઘટનાને યાદ રાખે અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓનો રાજકીય ઉપયોગ ન થાય.

### દાનના કરોડો રૂપિયા ક્યાં જાય છે?


# મહાકાલમાં સોના-ચાંદીનો હિસાબ નથી; ઓમકારેશ્વરમાં VIP દર્શનની કરોડોની કમાણી પર મૌન , સરકારી ચોપડે શ્રદ્ધાનો હિસાબ અધૂરો

(એજન્સી) મધ્યપ્રદેશ | તા.11

અયોધ્યામાં રામ મંદિરના દાનની રકમને લઈને ઉભા થયેલા વિવાદ બાદ મધ્ય પ્રદેશના મુખ્ય મંદિરોની દાન વ્યવસ્થા પણ સવાલોના ઘેરામાં છે. ભાસ્કરે જ્યારે પ્રદેશના મોટા મંદિરોમાં દાનના હિસાબ-કિતાબની વિગતો તપાસી, ત્યારે ઘણા ચોંકાવનારા ખુલાસા થયા.

જોકે, ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં રોકડ દાનની સુરક્ષા માટે ત્રણ-સ્તરીય વ્યવસ્થા છે, પરંતુ સોના-ચાંદીના દાનની સાર્વજનિક વિગતો ગેરહાજર છે.

ઓમકારેશ્વરમાં પહેલીવાર દાન પેટીઓની રકમ સાર્વજનિક કરવામાં આવી, જ્યારે ઓનલાઈન દાન, તાત્કાલિક દર્શન, પ્રસાદ અને અન્ય આવકનો હિસાબ હજુ પણ સાર્વજનિક કરવામાં આવતો નથી, ત્યાં જ આગર માલવાના બગલામુખી મંદિરમાં નકલી સમિતિ દાન લઈ રહી હતી. કલેક્ટરના આદેશ પર તેની તપાસ શરૂ થઈ ગઈ છે.



**દાવા કરતાં અલગ હકીકત- સિસ્ટમ પર શંકા વ્યક્ત કરી રહ્યા છે લોકો : મહાકાલ મંદિરના સહાયક પ્રશાસક આશિષ પહેલવાડિયાનું કહેવું છે કે બેંકની રજાઓ સિવાય દરરોજ દાનની ગણતરી થાય છે અને આખી પ્રક્રિયા ત્રણ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા હેઠળ કરવામાં આવે છે. સહાયક પ્રશાસકની આ સ્પષ્ટતા પછી પણ હવે લોકો સિસ્ટમ પર શંકા વ્યક્ત કરવા લાગ્યા છે.**

### એમપીના મંદિરોમાં તમારા દાનથી શું થાય છે


**અયોધ્યા વિવાદ પછી ઓમકારેશ્વર મંદિર ટ્રસ્ટે પહેલીવાર દાન પેટીઓમાંથી મળેલી રકમ સાર્વજનિક કરી. 9 જુલાઈએ ટ્રસ્ટે જણાવ્યું કે એક સપ્તાહમાં દાન પેટીઓમાંથી 24.41 લાખ રૂપિયા મળ્યા. અહીં દર મંગળવાર અને શુક્રવારે દાનની ગણતરી થાય છે. જોકે, ટ્રસ્ટ હજુ પણ ઓનલાઈન દાન, પ્રસાદાલય, લાડુ વેચાણ અને તાત્કાલિક દર્શનથી થતી આવકનો હિસાબ સાર્વજનિક કરતું નથી. VIP દર્શન માટે પ્રતિ શ્રદ્ધાળુ 300 રૂપિયા લેવામાં આવે છે અને દરરોજ છ હજાર સ્લોટ નક્કી કરાયા છે. મંદિર સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે લાંબા સમયથી પારદર્શિતાની માંગ ઉઠી રહી છે. આરોપ એ પણ લાગતા રહ્યા છે કે ગણતરી દરમિયાન મોટા મૂલ્યની નોટો અપેક્ષા મુજબ નીકળતી નથી. અગાઉ દાનપેટીઓમાંથી રકમ કાઢવાના વીડિયો પણ વાયરલ થયા હતા, પરંતુ વ્યવસ્થામાં ખાસ બદલાવ થયો ન હતો.**

# સેટેલાઇટ ઇમેજમાંથી વાદળો ગાયબ; સુપર ટાયફૂન બાવીના કારણે દેશમાં ચોમાસું ધીમું પડશે

## ભીડને સંભાળવામાં પોલીસ નિષ્ફળ રહી, DMKએ 41 મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવ્યો

(એજન્સી) ભોપાલ | તા.11

દેશમાં ચોમાસું પૂરેપૂરું બેસી ગયું છે, પરંતુ આજે સામે આવેલી તસવીરો ચિંતા ઉપજાવનારી છે. હવામાન વિભાગની સેટેલાઈટ ઈમેજમાં મધ્ય ભારતમાં ચોમાસું વધુ એક્ટિવ છે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર સુધી વાદળો ઘેરાયેલા છે.બીજી તરફ, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને પશ્ચિમી ભાગોમાં વાદળો ઓછા છે. અહીં આગામી દિવસોમાં વરસાદની શક્યતાઓ ઓછી દેખાઈ રહી છે. દેશના ચોમાસા માટે વધુ એક ખરાબ સમાચાર છે. ફિલિપિન્સ નજીક પ્રશાંત મહાસાગરમાં સુપર ટાયફૂન 'બાવી' સર્જાયું છે. તે તાઈવાન અને ચીન તરફ આગળ વધી રહ્યું છે. તેની અસર 3 થી 4



હજાર કિલોમીટર દૂર બંગાળની ખાડી સુધી જોવા મળી રહી છે. જ્યાં સુધી આ વાવાઝોડું ચીન નહીં પહોંચે, ત્યાં સુધી બંગાળની ખાડીમાં વરસાદ લાવનારી નવી સિસ્ટમ બનવાની આશા નથી. આવી સ્થિતિમાં બે દિવસ પછી દેશના ઘણા ભાગોમાં વરસાદ ઓછો થઈ શકે છે. સારો વરસાદ મેળવવા માટે આગામી અંદાજે એક અઠવાડિયા સુધી રાહ જોવી પડી શકે છે. અરુણાચલ પ્રદેશમાં પૂરના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને સાત થઈ ગઈ છે.

# સ્વદેશી યુદ્ધ જહાજ INS મહેન્દ્રગિરિ આજે નૌકાદળમાં સામેલ થશે

## એન્ટી સબમરીન સિસ્ટમ-એડવાન્સ મિસાઈલોથી સજ્જ; હાઈ સ્પીડ, રડાર પર ટ્રેક કરવું મુશ્કેલ

(એજન્સી) વિશાખાપટ્ટનમ | તા.11

ભારતીય નૌકાદળને શુક્રવારે વધુ એક યુદ્ધ જહાજ મળવા જઈ રહ્યું છે. સ્વદેશી ટેકનોલોજીથી તૈયાર કરાયેલ સ્ટેલ્થ ફ્રિગેટ 'મહેન્દ્રગિરિ'ને વિશાખાપટ્ટનમમાં નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ આ પ્રસંગે મુખ્ય અતિથિ હશે.

મહેન્દ્રગિરિ પ્રોજેક્ટ-17Aની નીલગિરિ કેટેગરીનું છઠ્ઠું સ્ટેલ્થ ફ્રિગેટ છે. તેને ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે અને મુંબઈ સ્થિત મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

મહેન્દ્રગિરિ હિંદ મહાસાગરમાં ભારતની દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત કરશે. સાથે જ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુરક્ષિત અને સ્થિર બનાવવામાં ભૂમિકા ભજવશે.



# વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓને લઈ જતી હોડી પલટી ગઈ; 15 લોકોના મોત

વિયેતનામ | વિયેતનામમાં એક મોટી દુર્ઘટના બની છે, જ્યાં ફુ ક્વોક ટાપુ નજીક ભારતીય પ્રવાસીઓને લઈ જતી હોડી અચાનક પલટી ગઈ. આ ઘટનામાં પંદર લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ઘણા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક અધિકારીઓ હાલમાં શોધ અને બચાવ કામગીરી ચલાવી રહ્યા છે.શનિવારે વિયેતનામના ફુ ક્વોક ટાપુ નજીક ભારતીય પ્રવાસીઓને લઈ જતી હોડી પલટી ગઈ, જેના કારણે સ્થાનિક અધિકારીઓ દ્વારા શોધ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી; વિયેતનામમાં ભારતીય દૂતાવાસે ઘટનાની પુષ્ટિ કરી. સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે આ દુ:ખદ અકસ્માતમાં 15 લોકોના મોત થયા છે, જોકે મૃતકોમાં ભારતીય નાગરિકોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી.અહેવાલો સૂચવે છે કે બોટમાં 24 ભારતીય નાગરિકો હતા. શ્રીનિવાસ નામના પ્રવાસીએ જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુના 105 પ્રવાસીઓનું જૂથ વિયેતનામ ગયું હતું; બોટમાં આશરે 24 લોકો સવાર હતા, જેમાં આંધ્ર પ્રદેશના પાંચ અને તમિલનાડુના 17નો સમાવેશ થાય છે. આંધ્ર પ્રદેશના બે લોકો સુરક્ષિત છે, જ્યારે ત્રણને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે; તમિલનાડુના ઘણા લોકોને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.




## ચૂંટણીમાં સોસાયટીઓએ ફરતા નેતા પાસે જનતાની પીડા અને મુશ્કેલીના સમયે ઊભા રહેવાનો સમય નથી : રજનીકાંત વાઘાણી

સુરત : આમ આદમી પાર્ટી સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણીએ જણાવ્યું હતું કે, મેં સોશિયલ મીડિયા દ્વારા એક વીડિયો જોયો, જેમાં વરાછાના ધારાસભ્ય કુમારભાઈ કાનાણી સામાન્ય જનતા સાથે એવી રીતે વાત કરી રહ્યા છે કે, 'પાણી કાઢવાનું મશીન નહીં આવે, જાવ જે થાય એ કરી લો.' સામાન્ય જનતા જ્યારે સુરતના પૂરમાં પરેશાન હતી, ત્યારે એક નાગરિક એમને એવું કહે છે કે, અહીંયા હોસ્પિટલ છે, જેની અંદર સાત-આઠ ગર્ભવતી મહિલાઓ અને બીજા હાર્ટના પેશન્ટો છે. હોસ્પિટલની અંદર પાવર પણ નથી, જો બેઝમેન્ટમાંથી પાણી બહાર ખેંચી લેવામાં આવે તો ટોરેન્ટ પાવર દ્વારા અમે વીજળીની વ્યવસ્થા કરાવી લઈશું. હોસ્પિટલની અંદર રહેલા દર્દીઓને કેવી મેડિકલ સુવિધાઓની જરૂર હોય અને તેમની પરિસ્થિતિ કેવી હોય, તે આપણે સમજી શકીએ છીએ. પણ ભૂતકાળમાં આરોગ્ય મંત્રી રહી ચૂકેલા અને ચાર ચોપડી



ભણેલા આ ધારાસભ્યને એમાં શું ખબર પડે? આ ધારાસભ્ય ભૂતકાળમાં પણ જનતા પર રોફ જમાવતા દેખાયા છે. જ્યારે કોરોના જેવી ગંભીર બીમારી આખા વિશ્વમાં પથરાઈ ગઈ હતી, ત્યારે પણ કુમાર કાનાણી એવા તોછડા જવાબો આપતા હતા કે, 'ઓક્સિજન અને ઈન્જેક્શન તો હું પણ શોધી રહ્યો છું.' આજે જ્યારે સામાન્ય માણસ એમ કહે છે કે અમને પાણી નિકાળનું મશીન આપો, ત્યારે તેઓ કહે છે કે મશીન નહીં આવે, જાવ જે થાય એ કરી લો. ચૂંટણી સમયે લોકોના ઘરે અને સોસાયટીઓમાં જવાનો તેમની પાસે સમય હોય છે, પણ જનતાના દુઃખ અને પીડાના દિવસોમાં ઊભા રહેવાનો આ ધારાસભ્ય પાસે સમય નથી. મારી વરાછા વિધાનસભાના તમામ મતદાર ભાઈ-બહેનોને અપીલ છે કે આવા માણસને હવે ઓળખો. છાશવારે લોકો પર રોફ જમાવવાનું અને દાદાગીરી કરવાનું જેમનું કામ છે, તેવા ધારાસભ્યને ઓળખી આગામી ચૂંટણીમાં બરાબરનો જવાબ આપવો પડશે.

## રાજપીપલા APMCની ચૂંટણી મોકૂફ રહેતા અનેક તર્ક વિતર્ક,ભાજપ ની આંતરિક જૂથબંધી ને કારણે મેન્ડેન્ટ ના આવ્યો

સત્યવલ્લભ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લા મથક રાજપીપલા માં આવેલ APMC ના ચેરમેન વાઇસ ચેરમેન ની ચૂંટણી ની જાહેરાત થઈ ગઈ હતી પણ ચૂંટણી ના ચાર કલાક પહેલાજ ચૂંટણી મોકૂફ રાખ્યા ની જાહેરાત થતા આ અંગે અનેક અટકળો વહેતી થઈ છે . પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા APMC ની અઢી વર્ષની બાકી મુદત માટે ચેરમેન, વાઇસ ચેરમેન ની ચૂંટણી યોજવાની જાહેરાત થઈ હતી પરંતુ મતદાન ના ચાર કલાક પહેલાજ ચૂંટણી મોકૂફ રાખ્યા ની જાહેરાત કરવામાં આવતા હાજર ડિરેક્ટરો નારાજ થયા હતા . અને ચૂંટણી કયા કારણોસર મોકૂફ રાખી તે કારણ જાણવા અને નવી તારીખ જાણવા મેનેજર ને લેખિત રજુઆત કરી હતી . જોકે ચૂંટણી અધિકારી એવા જિલ્લા રજિસ્ટ્રાર ની માંગણી ને કારણે ચૂંટણી મોકૂફ રાખ્યા ની જાહેરાત થઈ હતી પરંતુ જાણવા મળ્યા મુજબ જિલ્લા ભાજપ ની આંતરિક જૂથબંધી ને કારણે ચેરમેન પદ ની ખેંચાતાણી થતા મેન્ડેટ નહિ આવતા ચૂંટણી મોકૂફ રખાઈ છે . સૂત્રો ના જણાવ્યા મુજબ ભાજપ નું એક જૂથ આદિવાસી ડિરેક્ટર ને ચેરમેન બનાવવા માંગે છે કારણ કે એપીએમસી ની સ્થાપનાથી અત્યાર સુધી આદિવાસી ને ચેરમેન પદ મળ્યું નથી જ્યારે બીજું જૂથ બીન આદિવાસીને ચેરમેન બનાવવા માંગે છે . આમ ભાજપ ની આંતરિક જૂથબંધી ને કારણે ચૂંટણી મોકૂફ રહી છે ત્યારે હવે ચૂંટણી ક્યારે યોજાશે ? મેન્ડેટ કોનો આવેછે ? તે જોવું રહ્યું .

## ભૂસ્ખલનના કારણે રાજકોટ ડિવિઝન સંબંધિત કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા

રાજકોટ | મુસાફરોની સુવિધા માટે જાણ કરવામાં આવે છે કે દક્ષિણ પૂર્વ રેલવેના બિલાસપુર ડિવિઝનમાં ઠાકુરવાડી-મંકી હિલ રેલવે સ્ટેશનો વચ્ચે ભૂસ્ખલનના કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. જેના પરિણામે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન સંબંધિત નીચે મુજબની ટ્રેનોના રૂટ બદલવામાં (ડાયવર્ટ) આવ્યા છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડનારી ટ્રેનોની વિગતો આ મુજબ છે. 1) ટ્રેન નંબર 22718 સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ, જે 13 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત રૂટ પરથી દોડશે. 2) ટ્રેન નંબર 22718 સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ, જે 14 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત રૂટ પરથી દોડશે.3) ટ્રેન નંબર 20967 સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ, જે 15 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત રૂટ પરથી દોડશે.4) ટ્રેન નંબર 16614 કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ, જે 10 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત રૂટ પરથી દોડશે.5) ટ્રેન નંબર 22717 રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ, જે 13 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે સુરત-પાલધી-મનમાડ-દૌંડ-સોલાપુર રૂટ પરથી દોડશે.6) ટ્રેન નંબર 22717 રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ, જે 15 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે સુરત-પાલધી-મનમાડ-દૌંડ-સોલા રૂટ પરથી દોડશે.7) ટ્રેન નંબર 22717 રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ, જે 16 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે સુરત-પાલધી-મનમાડ-દૌંડ-સોલાપુર રૂટ પરથી દોડશે.8) ટ્રેન નંબર 20968 પોરબંદર-સિકંદરાબાદ એક્સપ્રેસ, જે 14 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે સુરત-પાલધી-મનમાડ-દૌંડ-સોલાપુર રૂટ પરથી દોડશે.9) ટ્રેન નંબર 16613 રાજકોટ-કોઈમ્બતુર એક્સપ્રેસ, જે 12 જુલાઈ 2026 ના રોજ ઉપડશે, તે સુરત-પાલધી-મનમાડ-દૌંડ-સોલાપુર રૂટ પરથી દોડશે.રેલ પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી શરૂ કરતા પહેલા રેલવેના ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES), રેલવન (RailOne) એપ અથવા રેલવે હેલ્પલાઈન 139 ના માધ્યમથી પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિની માહિતી ચોક્કસ મેળવી લે. મુસાફરોને પડેલી અસુવિધા બદલ ખેદ છે.

### ૪૦ કરતા વધારે લોકો ભાજપની અણઆવડતભરી નીતિઓના કારણે ખાડી પૂરના કારણે મૃત્યુ પામ્યા છે: મનોજ સોરઠિયા

# આમ આદમી પાર્ટીના મનોજ સોરઠિયા, રામ ધડુક અને ધર્મેશ ભંડેરીએ સુરતમાં ભરાયેલા પાણીના મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ ઉપાધ્યક્ષ રામ ધડુક અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરીએ સુરતમાં ભરાયેલા પાણીના મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ તકે મનોજ સોરઠિયાએ જણાવ્યું કે, ગત ૬ અને ૭ જુલાઈના રોજ સુરતમાં પડેલા પહેલા જ વરસાદને કારણે લગભગ તમામ વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. લોકોના ઘરો, દુકાનો અને બેઝમેન્ટમાં વરસાદી પાણી ભરાઈ ગયા, જે આજે ચાર દિવસ પછી પણ હજુ સુધી ઓસર્યા નથી. આમ તો સુરતના લોકોએ ભૂતકાળમાં પણ આવી નાની-મોટી વિપદાઓ અને કુદરતી આફતોનો હસતા મુખે તથા ખંતપૂર્વક સામનો કર્યો છે, પરંતુ આ વખતની પરિસ્થિતિ તદ્દન અલગ છે. આ વખતે આપણે વેપારીઓની આંખોમાં આંસુ જોયા છે અને આ પૂરમાં આશરે ૪૦ થી વધારે જેટલા લોકોના મૃત્યુ થતાં પરિવારોનો કરુણ આક્રંદ પણ સામે આવ્યો છે. આજે સમગ્ર સુરત સ્તબ્ધ છે કે માત્ર ૨૪ કલાકના વરસાદથી આવી ગંભીર પરિસ્થિતિ કેમ સર્જાઈ? આટલું કરોડો રૂપિયાનું નુકસાન કેવી રીતે થયું અને તેની પાછળના અસલી કારણો શું છે? આ પૂર્વે ૨૦ વર્ષ પહેલાં, વર્ષ ૨૦૦૬માં એક ભયાનક પૂર આવ્યું હતું. એ પૂર બાદ આપણને આશા હતી કે શાસકો થોડા સુધરશે અને નવી ટેક્નોલોજી તથા સાચી વિકાસ નીતિ સાથે આગળ વધશે. પરંતુ આપણે એ વાત ખાસ નોંધવી જોઈએ કે ૨૦૦૬માં સુરતમાં આવેલું પૂર સ્થાનિક વરસાદને કારણે નહીં, પરંતુ ઉકાઈ ડેમમાંથી છોડવામાં આવેલા પાણીના કારણે આવ્યું હતું. આ જ પરિસ્થિતિમાં કલ્પના કરો કે, જો આ વખતે સુરતમાં ભારે વરસાદની સાથે-સાથે ઉપરવાસમાંથી પાણી પણ છોડવામાં આવ્યું હોત, તો કેવી સ્થિતિ સર્જાત? તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આટલા વર્ષોના શાસન પછી પણ આપણા શાસકો કંઈ શીખ્યા કેમ



નહીં?

'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૬ના પૂર બાદ ઘણી સમિતિઓ બની અને વિવિધ સંસ્થાઓએ સર્વે કર્યા હતા. સરકારના ફ્લડ ડિપાર્ટમેન્ટ, આઈઆઈએમ (IIM) અમદાવાદ અને વર્લ્ડ બેંક દ્વારા કરવામાં આવેલા સર્વેના અહેવાલો સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રને સોંપવામાં આવ્યા હતા. આ તમામ કમિટીઓએ સુરતમાં પૂરની સ્થિતિ નિવારવા માટે એકસમાન અને ચોક્કસ સૂચનો કર્યા હતા. તેમાંનું પહેલું સૂચન એ હતું કે, સમગ્ર શહેરમાં ડ્રેનેજ સિસ્ટમ દુરસ્ત કરી મોટી સ્ટોર્મ વોટર લાઈનો નાખવી અને વરસાદી પાણીના નિકાલની અલગ વ્યવસ્થા ઊભી કરવી. બીજું, સુરતમાંથી પસાર થતી વિવિધ વિસ્તારોની ખાડીઓને પહોળી અને ઊંડી કરવી, જેથી વરસાદી પાણી સરળતાથી વહીને દરિયા સુધી પહોંચી શકે. ત્રીજું, સુરત શહેરના અનેક તળાવો અને જળાશયોનો સુચારું વિકાસ કરવો, જેથી કરીને રેન વોટર હાર્વેસ્ટિંગ થઈ શકે અને શહેરમાં પડતા વરસાદી પાણીનો યોગ્ય સંગ્રહ તેમજ નિકાલ થઈ શકે. ચોથી બાબત એ હતી કે, સુચારું અર્બન ડેવલપમેન્ટ એટલે કે સિટી પ્લાનિંગ વ્યવસ્થિત રીતે કરવું; જેમ ટ્રાફિક મેનેજ કરવા માટે રસ્તાઓ અને સિગ્નલોની વ્યવસ્થા કરવામાં આવે છે, તેવી જ રીતે વરસાદી પાણી માટે પણ વ્યવસ્થા કરવાની હોય છે. તો આ ૨૦ વર્ષની અંદર ભાજપના શાસકોએ શું કર્યું? એમણે પાણીના નિકાલના પ્રશ્નો પર કામ કરવાને બદલે, કપાતની કીમતી જમીનોનો વેપાર કર્યો અને પોતાના પ્રોજેક્ટોમાં ભ્રષ્ટાચાર કરીને પૈસા બનાવ્યા. અમે જ્યારે આ અંગે રિસર્ચ કર્યું અને વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી, ત્યારે ગંભીર બાબત સામે આવી કે સુરતની સ્ટોર્મ લાઈનોની સફાઈ છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી જ નથી. શાસકો એવું માનીને બેઠા છે કે વરસાદ આવશે એટલે સ્ટોર્મ લાઈનનો કચરો પોતાની જાતે જ સાફ થઈ જશે! જ્યારે પ્રી-મોન્સૂન કામગીરી કરવાનો સાચો સમય હતો, ત્યારે ભાજપના શાસકો ચૂંટણીઓ, મેયર અને સમિતિના સભ્યોની પસંદગી તથા સત્તા કોના હાથમાં આવશે તેની આંતરિક ખેંચતાણમાં વ્યસ્ત હતા. ૮૦ લાખથી વધુ વસ્તી ધરાવતા આટલા મોટા શહેરમાં આવી ગંભીર બેદરકારી જોઈને આપણને ભારે આશ્ચર્ય થાય છે. મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આટલી મોટી આપત્તિ અને પૂર આવ્યા પછી પણ આપણે જોયું કે, જાણે પોતે કોઈ મોગલ શહેનશાહ હોય તેમ આ શાસકો લોકોની વચ્ચે જઈને માત્ર શો-બાજી અને દેખાડો કરી રહ્યા છે .

## રાજુલા કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામ માટે સર્વિસ રોડના નિર્માણ સહિત માર્ગ સલામતી સુદ્રઢ બનાવવા અધિકારીઓએ કર્યો સંયુક્ત અભ્યાસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામ માટે સર્વિસ રોડના નિર્માણ સહિત માર્ગ સલામતી સુદ્રઢ બનાવવા અધિકારીઓએ કર્યો સંયુક્ત અભ્યાસ સર્વિસ રોડનું નિર્માણ થાય ત્યાં સુધી કેનેક્ટિંગ રોડ પર સ્પીડ બ્રેકર તથા નેશનલ હાઈવે પર રમ્બલ સ્ટ્રીપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવ છે.અમરેલી તા. ૧૧ જૂલાઈ, ૨૦૨૬ (શનિવાર) જિલ્લા કલેક્ટરશ્રીના સૂચન અનુસાર તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજુલા તાલુકાના કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામને જોડતા નેશનલ હાઈવે પર માર્ગ સલામતીના વિવિધ મુદ્દાઓને લઈ સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવી હતી.સ્થળ મુલાકાત દરમિયાન નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના અધિકારીઓ, નાયબ પોલીસ અધિક્ષક (DYSP), રાજુલા મામલતદારશ્રી, રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, જિલ્લા ટ્રાફિક પોલીસ અધિકારી તથા આર.ટી.ઓ.ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.સ્થળ નિરીક્ષણ દરમિયાન કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામ માટે સર્વિસ રોડની આવશ્યકતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ત્રણેય ગામ માટે સર્વિસ રોડના નિર્માણ માટે જરૂરી જમીન સંપાદનની કામગીરી મામલતદારશ્રીના સંકલનથી NHAI દ્વારા હાથ ધરવામાં આવશે.માર્ગ સલામતીને વધુ સુદ્રઢ બનાવવા સર્વિસ રોડનું નિર્માણ થાય ત્યાં સુધી કેનેક્ટિંગ રોડ પર સ્પીડ બ્રેકર તથા નેશનલ હાઈવે પર રમ્બલ સ્ટ્રીપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત જ્યાં ગામના રસ્તાઓ નેશનલ હાઈવે સાથે જોડાય છે તેવા સ્થળોએ અંદાજે ૧૦૦ મીટર અગાઉથી માર્ગદર્શક સૂચના ફલકો મૂકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થળ મુલાકાત દરમિયાન વર્ષ દરમિયાન વધુ અકસ્માતો નોંધાતા ત્રણ સ્થળોએ હાઈ માસ્ટ લાઈટ સ્થાપિત કરવા અંગે પણ નિર્ણય લેવાયો હતો, જેથી વાહનચાલકોને રાત્રિના સમયે વધુ સુરક્ષા મળી રહે.આ ઉપરાંત નેશનલ હાઈવે પરના અનધિકૃત દબાણો, લારીઓ, ગલ્લાઓ તેમજ અન્ય અવરોધો દૂર કરવા, અનધિકૃત ડિવાઈડર કટ બંધ કરવા તેમજ ગેરકાયદેસર કટ દૂર કરવા માટે સંબંધિત વિભાગો દ્વારા નિયમિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સ્થળ મુલાકાત દરમિયાન અધિકારીઓએ માર્ગ સલામતીના વિવિધ પાસાઓનું નિરીક્ષણ કરી અકસ્માત નિવારણ માટે જરૂરી પગલાં ઝડપી અમલમાં મૂકવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી.તેમ સહાયત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અમરેલી એ એક યાદીમાં જણાવ્યું છે.

## મંડળ રેલ્વે ચિકિત્સાલય, પ્રતાપનગર ખાતે ફાઈબ્રોસ્કેન, લીવર સ્કીનિંગ કેમ્પનું આયોજન



પશ્ચિમ રેલ્વે |વડોદરા

પશ્ચિમ રેલ્વેના મંડળ રેલ્વે ચિકિત્સાલય, પ્રતાપનગર, વડોદરાના ઓપીડી રૂમમાં તબીબી વિભાગ દ્વારા મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. દીપાલી તિવારીના માર્ગદર્શન હેઠળ લીવર સ્ક્રીનિંગ (ફાઈબ્રોસ્કેન) કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ઉદ્દેશ્ય રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના આશ્રિતોમાં લીવર સંબંધિત રોગોની પ્રારંભિક તબક્કામાં ઓળખ કરીને સમયસર સારવાર અને જરૂરી પરામર્શ ઉપલબ્ધ કરાવવાનો હતો.પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ કેમ્પમાં કુલ 67 રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ અને આશ્રિતોની ફાઈબ્રોસ્કેન તપાસ શ્રી અવિનાશ જગતાપ (BO) અને શ્રી સુનિલ પરમાર (ટેકનિશિયન), ઝાયડસ હેલ્થકેર લિમિટેડ, ડિસ્કવરી ડિવિઝન, વડોદરા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. દીપાલી તિવારીએ જણાવ્યું કે ફાઈબ્રોસ્કેન એક આધુનિક, સુરક્ષિત, દર્દ રહિત અને બિન-આક્રમક (નોન-ઈન્વેસિવ) તપાસ પદ્ધતિ છે, જેના માધ્યમથી લીવરમાં ચરબી (ફેટી લીવર) અને ફાઈબ્રોસિસ (લીવરમાં કઠોરતા/નુકસાન) નું ઝડપી મૂલ્યાંકન કરવામાં આવે છે. આ તપાસ ખાસ કરીને ડાયાબિટીસ, સ્થૂળતા, ફેટી લીવર, લાંબા સમય સુધી દારૂના સેવન, હેપેટાઈટીસ-બી/સી, લીવર એન્ઝાઇમમાં વધારો અને મેટાબોલિક સિન્ડ્રોમથી પીડિત વ્યક્તિઓ માટે અત્યંત ઉપયોગી છે.ડૉ. દીપાલીના જણાવ્યા અનુસાર, સમયસર લીવરના રોગોની ઓળખ થવાથી યોગ્ય જીવનશૈલીમાં ફેરફાર, નિયમિત તબીબી પરામર્શ અને સારવાર દ્વારા સિરોસિસ અને અન્ય ગંભીર જટિલતાઓથી બચાવ શક્ય છે.મંડળ રેલ્વે ચિકિત્સાલય દ્વારા સમય-સમય પર આવા સ્વાસ્થ્ય જાગૃતિ અને તપાસ કેમ્પ આયોજિત કરવામાં આવતા રહે છે, જેથી રેલ્વે પરિવારને વધુ સારી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

## ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ નિર્માણ કાર્યનો પ્રારંભ કરાવ્યો



જામનગર | ભાણવડ તાલુકાના ચોખંડા ગામે ગ્રામજનોની સુખાકારી માટે 1.10 કરોડના ખર્ચે 1035 મીટર લાંબા સુવિધાપથ રસ્તાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જામજોધપુર-લાલપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ ગામના વડીલો, શ્રેષ્ઠીઓ અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં આ કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ જણાવ્યું હતું કે, આ માર્ગના નિર્માણથી ગામના લોકો તેમજ વાહનચાલકોને વધુ સરળ, ઝડપી અને સુરક્ષિત અવરજવરનો લાભ મળશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક માર્ગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છેવાડાના નાગરિકોને વિકાસના લાભો પહોંચાડવા માટે સરકાર સતત પ્રતિબદ્ધ છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે બનાસકાંઠાના તેનીવાડા ખાતે 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ'નું ભૂમિ પૂજન સંપન્ન

બનાસકાંઠા | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે બનાસકાંઠા જિલ્લાના તેનીવાડા (પાલનપુર -સિદ્ધપુર હાઈવે) ખાતે જીવન વિદ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ'નુંભૂમિપૂજન સંપન્ન થયું હતું.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત ૧૨ વર્ષ દરમિયાન દેશ વિકસિત ભારતના સંકલ્પ તરફ આગળ વધી રહ્યો છે. વિકાસની સાથે વિરાસતના સંરક્ષણનો અભિગમ અપનાવી રાષ્ટ્ર નિર્માણને નવી દિશા આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ દેશના છેવાડાના માનવી સુધી વીજળી, પીવાનું પાણી, માર્ગો અને અન્ય આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ પહોંચાડી વિકાસને સર્વસમાવેશક બનાવ્યો છે. આરોગ્ય ક્ષેત્રે પણ ડૉક્ટરોની સંખ્યા વધારવા માટે મેડિકલ શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રીના વિજનના લીધે અગાઉ દર વર્ષે આશરે ૧,૧૭૫ ડૉક્ટરો તૈયાર થતા હતા, જ્યારે આજે દર વર્ષે લગભગ ૭,૦૦૦ નવા ડૉક્ટરો તૈયાર થઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવતને સાર્થક કરતી જીવન વિદ્યા ચેરિટેબલ ટ્રસ્ટની આશરે ૪૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ' માનવસેવાનું ઉત્તમ કેન્દ્ર બનશે. ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવાનો આ અભિગમ રાજ્યમાં પ્રથમ નથી અને આવા અનેક આરોગ્ય પ્રકલ્પો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન કલ્યાણના લીધે સમાજના કલ્યાણ માટે કાર્યરત થઈ રહ્યા છે.મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આજે દેશ પાણી બચાવ અને પ્રાકૃતિક ખેતીના અભિયાનને પ્રાથમિકતા આપી રહ્યો છે. રાસાયણિક ખાતરોના ઉપયોગથી આરોગ્ય સંબંધિત પ્રશ્નોની મુક્તિ માટે પ્રાકૃતિક ખેતી અસરકારક માર્ગ છે અને તે ભવિષ્યને વધુ સ્વસ્થ અને સમૃદ્ધ બનાવી શકે છે. વડાપ્રધાનશ્રીએ યોગથી આયુષ્યમાન ભારત સુધીની વ્યવસ્થા કરી છે.

## રેલ ફળીયા વર્ગ પ્રતાપપુરા શાળાના લોકપ્રિય શિક્ષક શ્રી રોનકભાઈ પટેલનો ભવ્ય અને ભાવભીનો વિદાય સમારંભ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

રેલ ફળીયા વર્ગ પ્રતાપપુરા શાળામાં ૨૧ વર્ષ સુધી પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી શાળાના સર્વાંગી વિકાસમાં સિંહફાળો આપનાર આદરણીય શિક્ષક શ્રી પટેલ રોનક પિયુષભાઈનો વિદાયમાન સમારંભ ખૂબ જ ભાવસભર માહોલમાં યોજાઈ ગયો. શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શ્રી રોનકભાઈની દીર્ઘકાલીન શૈક્ષણિક સેવાઓ, તેમનું સરળ વ્યક્તિત્વ અને શાળાના ભૌતિક તેમજ શૈક્ષણિક વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને અત્યંત આદરપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું. ગામના વડીલો અને શિક્ષણ જગતના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ. આ વિદાય સમારંભમાં ગામના સરપંચ શ્રી પ્રેમચંદભાઈ, અગ્રણી પત્રકાર અભેસિંહભાઈ,દીપકભાઈ , બાબુભાઈ, જ્વરસિંહભાઈ, પુંજાભાઈ લક્ષ્મણભાઈ વડીલો, સામાજિક આગેવાનો, પે-સેન્ટર શાળાના સાથી શિક્ષક ભાઈ-બહેનો, વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ જેમાં મહેશભાઈ, ભાવસિંહભાઈ, બુધાભાઈ રમેશભાઈ, ગુલાબભાઈ તેમજ નિવૃત



શિક્ષકો મહેન્દ્રભાઈ, લક્ષ્મણભાઈ, ચંદ્રકાન્તભાઈ, પારસીંગભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ શ્રી રોનકભાઈ સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય તથા ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરી હતી.વાલીઓ, મહિલાઓ અને બાળકોની આંખો ભીની થઈશિક્ષક શ્રી રોનકભાઈએ ૨૧ વર્ષના લાંબા ગાળા દરમિયાન ગામના બાળકોને માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પરંતુ સંસ્કારોનું પણ સિંચન કર્યું હતું. આ વિદાય વેળાએ શાળાના બાળકો, વાલીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓની આંખો ભાવુક બની ગઈ હતી. ગ્રામજનો અને શાળા પરિવાર તરફથી શ્રી રોનકભાઈ પટેલનું શાલ ઓઢાડી, સ્મૃતિચિહ્ન અને ભેટ સોગાદો આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ નું સંચાલક શ્રી ભારતભાઈ, અને ભલાભાઈ અને પગાર કેન્દ્ર ના આચાર્ય શ્રી મહેશભાઈ દ્વારા સૌ નો આભાર માનવામાં આવ્યો.અને ભોજન કરી પ્રોગ્રામ પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમ ભારે હૈયે અને અત્યંત ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

## મુખ્યમંત્રીનો 'બેક ટુ સ્કૂલ મિશન' અંતર્ગત બનાસકાંઠાના વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ

બનાસકાંઠા | રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના સાર્વત્રિકીકરણ અને શાળા ડ્રોપ-આઉટ દર ઘટાડવાના મક્કમ સંકલ્પ સાથે રાજ્યભરમાં 'બેક ટુ સ્કૂલ મિશન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના તેનીવાડા ખાતે શાળામાં પુનઃપ્રવેશ પામેલા બાળકો સાથે પ્રેરણાદાયી સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ શાળામાં પુનઃપ્રવેશ પામેલા ૧૨ જેટલા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તથા



મેન્ટર્સ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સહજતાથી હળીમળીને વાતચીત કરી હતી તેમજ બાળકોના શાળા છોડવાના કારણો, પુનઃપ્રવેશ બાદના શૈક્ષણિક અનુભવો અને ભવિષ્ય અંગેની તેમની આશાઓ વિશે રસપૂર્વક પૂછપરછ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળાએ જવા, ખંતપૂર્વક અભ્યાસ કરવા, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા અને જીવનમાં ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણી દીકરીઓ ઘરકામની જવાબદારી નિભાવવાની સાથે શિક્ષણમાં પણ શ્રેષ્ઠ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે દીકરીઓના શિક્ષણ પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે દીકરીઓનું શિક્ષિત બનવું અત્યંત જરૂરી છે. વાલીઓને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દરેક માતા- પિતાની ફરજ છે કે તેઓ પોતાના બાળકોને નિયમિત શિક્ષણ અપાવે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને પ્રોત્સાહિત કરે.

## લીમખેડામા રથયાત્રાના માર્ગ પર ખાડા, તંત્રની કામગીરી પર ઉઠ્યા સવાલ

દિપક રાવલ દાહોદ | લીમખેડા નગર ખાતે આગામી 16 જુલાઈના રોજ ૭મી ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અવસરે ભગવાન જગન્નાથ પોતાના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે અને ભક્તોને આશીર્વાદ આપશે. આ ધાર્મિક મહોત્સવને



લઈને નગરભરમાં ઉત્સાહ અને તૈયારીઓનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, રથયાત્રાના મુખ્ય માર્ગ એવા ઝાલોદ રોડ પર સર્જાયેલી દયનીય સ્થિતિને કારણે ભક્તોમાં ચિંતા અને નારાજગી ફેલાઈ છે. લીમખેડા નગરમાં ચોમાસાના પ્રથમ વરસાદમાં જ રોડની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ઝાલોદ રોડ પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા છે, જેના કારણે રસ્તો અત્યંત જોખમી બની ગયો છે. રથયાત્રાનો રૂટ આ જ રોડ પરથી પસાર થવાનો હોવાથી તંત્રની બેદરકારી સામે ભક્તો તીખી પ્રતિક્રિયા આપી રહ્યા છે. ભગવાનના રથનું પૈડું કે રથ ખેંચતા શ્રદ્ધાળુઓ આ ખાડાઓને કારણે કોઈ દુર્ઘટનાનો ભોગ ન બને તેવો ભય સ્થાનિકોમાં સેવાઈ રહ્યો છે. મુખ્ય માર્ગ પર પડેલા ગાબડાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓ પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રથયાત્રા માટે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે આ પરિસ્થિતિ ભક્તો માટે મૂંઝવણનું કારણ બની છે.

# શિક્ષિકાથી સુપરરાઈટર સુધીની વર્ષા સી. જોશીની પ્રેરણાદાયી સાહિત્યસફર ૭૦ વર્ષે સાહિત્યકાર તરીકે નવી ઓળખ પાંચ નવલકથાઓનું વિમોચન

અમદાવાદ : જે પી ગ્રુપના નવસર્જન પ્રકાશન દ્વારા મુદ્રિત સુશ્રી વર્ષા સી જોશી `અશ્ક` ની એક સાથે પાંચ નવલકથાઓ શતરંજ, મિસિંગ ભાગ ૧ અને ૨ ,ષડયંત્ર, સ્નેહ સરિતા, હાઈજેક ભાગ ૧ અને ૨ નું વિમોચન આજરોજ AMA ખાતે સાહિત્ય અકાદમીના ચેરમેન શ્રી ભાગ્યેશ ઝા (રીટાયર્ડ IAS ) ના હસ્તે કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી ડો પ્રભુદાસ પટેલ, લોકપ્રિય કલાકાર શ્રી અર્ચન ત્રિવેદી, મિશન હેલ્થ ફિઝિયોથેરાપીના ફાઉન્ડર-ડિરેક્ટર ડો આલાપ શાહ તેમજ AMAના શ્રી ઉન્મેષ દીક્ષિત વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. સુશ્રી વર્ષાબેનની દિકરી ધારા - જમાઈ દિપેશકુમાર શેઠે જે પી ગ્રુપના ચેરમેન શ્રી જયેશભાઈ શાહનો પુસ્તક પ્રકાશન કરવા બદલ ખાસ આભાર માન્યો હતો. નાનીમાની આ સિદ્ધિ માટે તેમની દોહીત્રીઓ દ્વિજા તથા સ્વરા તેમના માટે ગર્વ અનુભવી રહ્યા છે. શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલના વિદ્યાર્થીની અને શિક્ષિકા સુશ્રી વર્ષા સી જોશીએ ૩૫ વર્ષની શિક્ષિકા




તરીકેની કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ ૬૫ વર્ષની ઉંમરે વર્ષ ૨૦૨૦માં પ્રતિલિપિ એપ ઉપર લખવાનું ચાલુ કર્યું જેમાં તેઓએ અત્યાર સુધીમાં ૪૧ નવલકથાઓ અને ૨૩ વાર્તા સંગ્રહો લખીને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે નવી કારકિર્દીની કેડી કંડારી છે. જેમાંની પાંચ નવલકથાઓ - શતરંજ, મિસિંગ ભાગ ૧ અને ૨ ,ષડયંત્ર, સ્નેહ સરિતા, હાઈજેક ભાગ ૧ અને ૨ આજે પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી છે. સુ શ્રી વર્ષા સી જોશીને પ્રતિલિપિ દ્વારા સુપર રાઈટર એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવેલ છે. તેઓનો એમ.ફીલ નો લઘુ નિબંધ શ્રી પન્નાલાલ પટેલ ની ગ્રામ્યલક્ષી નવલકથાઓ ઉપર આધારિત હતો. તેઓ તળપદી ગુજરાતીમાં પણ વાર્તાઓ લખેલ છે જેને ઓનલાઈન ખુબ સારો પ્રતિસાદ મળેલ છે. તેમના સાહિત્યસર્જનને પ્રતિલિપિ પર અત્યાર સુધીમાં ૩૫ લાખથી વધુ વાચકોનો પ્રેમ અને પ્રતિસાદ મળ્યો છે, જ્યારે તેમના ૪,૫૦૦થી વધુ ફોલોઅર્સ તેમની સર્જનયાત્રા સાથે સતત જોડાયેલા છે. તેમની સર્જન યાત્રા આજે પણ અવિરત ચાલુ જ છે. તેમની વિશેષતા એ છે કે તેઓ રોજ ઓછા માં ઓછી બે વાર્તા ઓનલાઈન લખતા હોય છે. આ ઉપરાંત તેઓ સામાન્યરીતે એક સાથે ઓનલાઈન ત્રણ નવલકથાઓ લખી રહ્યા હોય છે. તેઓએ જણાવ્યું હતું કે રીટાયરમેન્ટ પછી શું કરીશ એનો જવાબ એમની દોહિત્રી દ્વિજાએ એટલો સરસ આપ્યો કે તેમની જિંદગી બદલાઈ ગઈ છે અને તેઓ સાહિત્યમય થઇ ગયા છે. કાર્યક્રમના અંતે વક્તાઓએ સુશ્રી વર્ષા સી. જોશીની અદમ્ય સર્જનશક્તિ, સાહિત્ય પ્રત્યેની નિષ્ઠા અને નિવૃત્તિ બાદ પણ સતત સર્જન કરતા રહેવાની ભાવનાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે વર્ષા સી. જોશીની જીવનયાત્રાએ સાબિત કરે છે કે સપનાઓને સાકાર કરવા માટે ઉંમર ક્યારેય અવરોધ બનતી નથી. કાર્યક્રમના અંતે સૌએ તેમના આગામી સાહિત્યસર્જન માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને ગુજરાતી સાહિત્યને તેઓ તરફથી હજુ અનેક ઉત્તમ કૃતિઓ મળતી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ડ્રાઈવર ફરાર, મુસાફરો 2 કલાક અટવાયા

# મહારાષ્ટ્રની બસ બાદ વડોદરામાં મધ્ય પ્રદેશની બસે 4 વાહનને અડફેટમાં લીધા

(એજન્સી) વડોદરા । તા. 11

સંસ્કારી નગરી વડોદરામાં અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી. થોડા સમય પૂર્વે ફતેગંજ બ્રિજ પર મહારાષ્ટ્રની બસની બ્રેક ફેઈલ થવાની ઘટના બાદ હવે હરણી રોડ પર મધ્યપ્રદેશની એક બસના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ બસ એકસાથે ચાર કાર સાથે અથડાતા રસ્તા પર અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે મધ્યપ્રદેશની એક પેસેન્જર બસ હરણી રોડ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન ડ્રાઈવરે અચાનક વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે બસ અનિયંત્રિત બની ગઈ હતી અને રસ્તા પર ચાલતી એક પછી એક એમ કુલ ચાર કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ તમામ ચાર કારને વત્તા-ઓછા અંશે ગંભીર નુકસાન થયું છે.



અકસ્માત બાદ ડ્રાઈવર ઘટનાસ્થળેથી પોતાની જવાબદારીમાંથી ભાગી છૂટ્યો હતો. ડ્રાઈવર ફરાર થઈ જતા બસમાં સવાર મુસાફરો અચાનક મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. અકસ્માતના સ્થળે લગભગ બે કલાક સુધી મુસાફરો અટવાઈ રહ્યા હતા, જેને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ડ્રાઈવરના આ પ્રકારના બેજવાબદાર વર્તન સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ હરણી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે તમામ અકસ્માતગ્રસ્ત વાહનોને રોડ પરથી હટાવીને ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી છે અને ગુનો નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

### શહેરમાં વધતા અકસ્માતો

વડોદરામાં એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં બસ દ્વારા થયેલી આ બીજી મોટી અકસ્માતની ઘટના છે. શહેરમાં પ્રવેશતી આંતરરાજ્ય બસોની ઝડપ અને ડ્રાઈવરોના બેફામ ડ્રાઈવિંગને લઈને હવે પ્રશ્નો ઉઠી રહ્યા છે. સતત બની રહેલા આવા અકસ્માતોને રોકવા માટે સ્થાનિક તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી માંગ શહેરીજનો દ્વારા કરવામાં આવી રહી છે.

## વડોદરાના કરોળિયા રોડ પર નળમાં આવે છે ગંદુ પાણી, સ્થાનિકોમાં ભારે રોષ



વડોદરા | વડોદરા શહેરના વોર્ડ નંબર ૮ હેઠળ આવતા કરોળિયા રોડ વિસ્તારમાં પાણી અને ડ્રેનેજની ગંભીર સમસ્યાને લઈને રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે મહિનાથી આ વિસ્તારના લોકો ગંદા પાણી અને દુર્ગંધના કારણે નરક સમાન જીવન જીવવા મજબૂર બન્યા છે. વૃંદાવન ચોકડી નજીક આવેલી છ જેટલી સોસાયટીઓના આશરે ૮૦૦ મકાનોમાં છેલ્લા છ મહિનાથી ડ્રેનેજ લાઈન ઉભરાવવાની સમસ્યા સતત વકરી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગત બે મહિનાથી તો ડ્રેનેજનું ગંદુ પાણી સોસાયટીના મુખ્ય માર્ગો પર ફરી વળ્યું છે, જેના કારણે આખા વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાયેલી રહે છે અને લોકોને અવરજવર કરવામાં પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે ડ્રેનેજનું ગંદુ પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી ગયું. હવે રહીશોના ઘરે નળમાં કાળા રંગનું દૂષિત પાણી આવી રહ્યું છે. આ દૂષિત પાણી અને ગંદકીના કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે, જેના પગલે સ્થાનિક રહીશોમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે.

## ઊનામાં નશાખોર શિક્ષક સસ્પેન્ડ, સગીર પાસે મંગાવ્યો દારૂ, સગીર છાત્ર પાસે મંગાવ્યો દારૂ

(એજન્સી) ઊના । તા. 11

ગીર-સોમનાથ જિલ્લાના ઊના પંથકમાંથી શિક્ષણ જગતને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખાપટ ગામની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એક શિક્ષકે પોતાની નશાની લત સંતોષવા માટે ધોરણ ૭ ના કુમળી વયના વિદ્યાર્થીનો ઉપયોગ કરતા ચકચાર મચી ગઈ છે. આ મામલે શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવતા શિક્ષકને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હરેશગીરી ગુલાબગીરી ગોસ્વામીને દારૂ પીવાની લત હતી. ગત ૨૦ જૂનના રોજ શાળાના સમય દરમિયાન આ શિક્ષકે ધોરણ ૭ ના એક સગીર વિદ્યાર્થીને ૫૦૦ રૂપિયાની નોટ આપીને દારૂની બોટલ મંગાવવા મોકલ્યો હતો. વિદ્યાર્થીએ દુકાનેથી દારૂની બોટલ લાવીને શિક્ષકને આપી હતી અને વધેલા ૨૩૦ રૂપિયા પણ પરત કર્યા હતા. શાળાના આચાર્ય મિલનગીરી ગોસ્વામીને આ ગંભીર બાબતની જાણ થતા તેમણે તાત્કાલિક તે દારૂની બોટલ અને વધેલા રૂપિયા જપ્ત કરી સમગ્ર ઘટનાનું પંચ રોજકામ કર્યું હતું.

આ ગંભીર ઘટનાની લેખિત જાણ કરવા છતાં ૧૬ દિવસ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હતા. જોકે, આ કિસ્સો સોશિયલ મીડિયા પર વાયરલ થતા અને આક્રોશ જાગતા તંત્ર સફાળું જાગ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીની સૂચનાથી આખરે આચાર્યએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે પોલીસે આરોપી શિક્ષકની તેના ઘરેથી ધરપકડ કરી હતી.

આ શરમજનક ઘટનાને ગંભીરતાથી લઈને શિક્ષણ વિભાગે આરોપી શિક્ષક હરેશગીરી ગોસ્વામીને સસ્પેન્ડ કરી દીધા છે. સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે ગીર-સોમનાથના નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વેરાવળના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ગીરગઢડાના તાલુકા વિકાસ અધિકારીની એક સંયુક્ત તપાસ ટીમની રચના કરવામાં આવી છે.

## વડોદરામાં હત્યાના કેસમાં 11 મહિના બાદ પોલીસની આંખ ઉઘડી, હત્યાનો ગુનો નોંધવામાં વિલંબ

(એજન્સી) વડોદરા । તા. 11

વડોદરાના માંજલપુર અલવાનાકા વિસ્તારમાં એક વર્ષ પહેલા બનેલી હુમલાની ઘટનામાં ભોગ બનનાર વ્યક્તિના મોત બાદ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજાને કારણે મોત થયાનું સ્પષ્ટ હોવા છતાં, ૧૧ મહિના સુધી માંજલપુર પોલીસે હત્યાનો ગુનો દાખલ ન કરતા આખરે ગત દિવસે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મૂળ રાજસ્થાનના અને વડોદરામાં રહેતા સૌરાજસિંહ જાદૌન પર ૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ એક સગીરે લોખંડની પાઈપથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સૌરાજસિંહને સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને માંજલપુર પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા. પરિવારના આક્ષેપ મુજબ, હુમલાખોર સામે કાર્યવાહી કરવાને બદલે પોલીસે ઉલટાનું ફરિયાદી સૌરાજસિંહ પર જ દારૂના નશામાં હોવાનું જણાવી પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી દીધો હતો. ત્યારબાદ પોલીસે દબાણ કરીને બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી દીધું હતું.

### પોસ્ટમોર્ટમ રિપોર્ટની અવગણના

હુમલાના માત્ર ચાર દિવસ બાદ જ, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સૌરાજસિંહનું મોત નીપજ્યું હતું. પી.એમ. રિપોર્ટમાં માથાના અંદરના ભાગે હેમરેજ થવાથી શ્વસનતંત્ર બંધ થઈ ગયું હોવાનું અને તેને કારણે મોત થયું હોવાનું સ્પષ્ટ જણાવાયું હતું. આમ છતાં, પોલીસે ૧૧ મહિના સુધી કોઈ નક્કર તપાસ કે ગુનો દાખલ ન કરીને ગંભીર બેદરકારી દાખવી હતી. મૃતકની પત્ની સુધાબેને અગાઉ લગાવેલા આક્ષેપો મુજબ, પોલીસે ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને ઈજાગ્રસ્ત પતિને જ આરોપી બનાવી દીધા હતા. ૧૧ મહિના સુધીના લાંબા સંઘર્ષ બાદ આખરે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરતા તપાસ તેજ બની છે. આ કેસમાં પોલીસની ભૂમિકા શંકાસ્પદ હોવાથી સમગ્ર મામલાની સઘન અને નિષ્પક્ષ તપાસ થાય તેવી માંગ ઉઠી રહી છે.

## રાજકોટ હત્યા કેસમાં મોટો ખુલાસો, બે હથિયાર કબજે, પોલીસ દ્વારા તપાસ તેજ કરાઈ

(એજન્સી) રાજકોટ । તા. 11

શહેરના ગાંધીગ્રામ-૨ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલના ભત્રીજા કૃષ્ણસિંહ જાડેજાની હત્યાના ચકચારી કેસમાં તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાંચે મહત્વની સફળતા મેળવી છે. નાનામવા ગામમાં પરિવારની હાજરીમાં ગોળી મારી કરવામાં આવેલી આ હત્યાના આરોપીઓ પાસેથી પોલીસે ગુનામાં વપરાયેલ હથિયાર સહિત કુલ બે હથિયાર કબજે કર્યા છે.

આરોપી રણજીત વાળાને જ્યારે જાણ થઈ કે તેના પુત્રોને મારકૂટ કરવામાં આવી છે, ત્યારે તે રોષે ભરાયો હતો અને હથિયાર લઈને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ત્યાં તેણે કૃષ્ણસિંહ જાડેજા પર ફાયરિંગ કરી તેની હત્યા નિપજાવી હતી. આ દરમિયાન આરોપી રણજીતને પણ પોતાના જ હથિયારમાંથી અકસ્માતે ગોળી વાગી હતી, જેના કારણે તે ઘાયલ થયો હતો. હાલ તેને સિવિલ હોસ્પિટલમાં પોલીસ બંદોબસ્ત હેઠળ સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તેના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવશે.

પોલીસે આ કેસમાં અન્ય આરોપી રાજવીર વાળાની પણ ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા રાજવીરને કોર્ટમાં રજૂ કરીને આગામી સોમવાર સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ કેસમાં સામેલ એક સગીર આરોપીને બાળ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીઓ પાસે આટલી મોટી સંખ્યામાં હથિયારો ક્યાંથી આવ્યા અને આ હત્યા પાછળ અન્ય કોઈનું માર્ગદર્શન હતું કે કેમ, તે દિશામાં તપાસ સઘન બનાવવામાં આવી છે.

આરોપી રણજીતની પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે. ક્રાઈમ બ્રાંચ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે બનાવ વખતે આરોપીઓ પાસે ખરેખર કેટલા હથિયારો હતા. રાજકોટ શહેરના શાંત વાતાવરણને ડહોળતી આ હત્યાકાંડની ઘટના બાદ પોલીસ તંત્ર અત્યંત સતર્ક બન્યું છે. પોલીસ કમિશનરની સૂચના હેઠળ ક્રાઈમ બ્રાંચની અલગ-અલગ ટીમો આ કેસની કડીઓ જોડવા માટે કામે લાગી છે.

## વડોદરાની ટ્રેનિંગ સ્કુલમાં 4 યુવતીઓને ઝાડા-ઉલટીની અસર, પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ




વડોદરા | વડોદરાની લાલબાગ સ્થિત પોલીસ ટ્રેનિંગ સ્કૂલ (પી.ટી.એસ.) માં તાલીમ લઈ રહેલી ચાર યુવતીઓની તબિયત ગત રાત્રે અચાનક લથડતા હોસ્પિટલ પહોંચાડવાની ફરજ પડી હતી. ચારેય યુવતીઓને ઝાડા-ઉલટીની ફરિયાદ જણાતા તેમને તાત્કાલિક શહેરની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જોકે, પ્રાથમિક સારવાર બાદ ચારેયની તબિયત સુધારા પર જણાતા તેમને રજા આપી દેવામાં આવી છે. ગત રાત્રે ભોજન કર્યા બાદ આ યુવતીઓને અચાનક અસ્વસ્થતા અનુભવાઈ હતી. પ્રારંભિક તબક્કે આ ઘટના ફૂડ પોઈઝનિંગની હોવાની આશંકા સેવાઈ હતી, પરંતુ સંસ્થા અને પોલીસ તંત્ર દ્વારા આ વાતનો સખત ઈનકાર કરવામાં આવ્યો છે. સંસ્થાના અધિકારીઓના જણાવ્યા મુજબ, હોસ્ટેલમાં હાલ ૫૫૦ જેટલી તાલીમાર્થીઓ રહે છે, જેમાંથી માત્ર ૪ યુવતીઓને જ આવી ફરિયાદ થઈ છે. જો ફૂડ પોઈઝનિંગ હોત તો વધુ સંખ્યામાં તાલીમાર્થીઓ બીમાર પડ્યા હોત. પોલીસ અને સંસ્થાનું પ્રાથમિક અનુમાન છે કે આ ઘટના ફૂડ પોઈઝનિંગને બદલે પીવાના પાણીની સમસ્યા અથવા વાતાવરણમાં થયેલા ફેરફારને કારણે હોઈ શકે છે.

## કરોડોનું નુકસાન, મદદને બદલે જપ્તી

# સુરતના વેપારીઓને બેવડો માર, પૂર બાદ પાલિકાની કઠોરતા



(એજન્સી) સુરત । તા. 11

ટેક્સટાઈલ સિટી ગણાતા સુરતમાં કુદરતનો કેર અને તે પછી સુરત મહાનગરપાલિકાની અસંવેદનશીલતાએ વેપારીઓને રોડ પર લાવી દીધા છે. પુણા ગામના લક્ષ્મણ નગરમાં પડેલા ભારે વરસાદ બાદ ૩૦૦૦થી વધુ દુકાનોમાં પાણી ભરાઈ જતા વેપારીઓને કરોડોનું નુકસાન થયું છે. એક તરફ જિંદગીભરની કમાણી પાણીમાં વહી ગઈ છે, તો બીજી તરફ મદદના નામે આવેલા પાલિકાના કર્મચારીઓએ વેપારીઓના બોર્ડ અને સામાન જપ્ત કરતા આક્રોશની જ્વાળા ભભૂકી ઉઠી છે.

લક્ષ્મણ નગરના વેપારીઓ માટે આ દિવાળી જેવી તહેવારની સીઝન માતમમાં ફેરવાઈ ગઈ છે. દુકાનોમાં ૧ થી ૨ ફૂટ પાણી ભરાઈ જતા લાખોનું ડ્રેસ મટીરીયલ અને સાડીઓ બગડી ગઈ છે. વેપારી વિલાસબેન જાનીએ રડતી આંખે જણાવ્યું કે, "મેં વ્યાજે પૈસા લાવી ૩૦ લાખનો માલ ભર્યો હતો, જે હવે પાણીમાં ધોવાઈ ગયો છે. ૧૦૦૦ની સાડી મારે અત્યારે ૫૦ કે ૧૦૦માં વેચવી પડી રહી છે. તંત્રની મદદ તો દૂર, અમારી હાલત જોવા પણ કોઈ આવ્યું નથી."

વેપારીઓનો આરોપ છે કે છેલ્લા ત્રણ દિવસથી પાલિકાને વારંવાર જાણ કરવા છતાં કચરો કે ગંદકી ઉપાડવા કોઈ ફરક્યું નથી. વેપારી સંજયભાઈ જીયાણીએ જણાવ્યું કે, "મારી ચાર દુકાનોમાં ૨૦ લાખનું નુકસાન થયું છે. ત્રણ દિવસથી અમે SMCને ફોન કરીએ છીએ, પણ સાફ-સફાઈ માટે કોઈ તૈયાર નથી. કોઈ કોર્પોરેટર પણ મુલાકાત લેવા આવ્યા નથી. પરિસ્થિતિ એટલી વિકટ છે કે અમારે અમારો માલ રસ્તા પર ભીના ભાવે વેચવાની ફરજ પડી છે." એક તરફ વેપારીઓ જ્યારે આફત સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે વરાછા ઝોનની પાલિકાની ટીમ દબાણ હટાવવાના નામે પહોંચી ગઈ હતી. વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે, મદદ કરવાને બદલે પાલિકાના કર્મચારીઓ રોડ પર સુકવેલો સામાન, દુકાનોના બોર્ડ અને બેનરો જપ્ત કરી ગયા હતા. જ્યારે વેપારીઓ કરગરતા હતા, ત્યારે પણ તંત્રના કર્મચારીઓએ કોઈ દયા દાખવી ન હતી. કમર સુધી પાણીમાં ડૂબેલી દુકાનોમાંથી માંડ બહાર નીકળેલા વેપારીઓ માટે આ જપ્તીની કામગીરી ઘામાં મીઠું ભભરાવવા સમાન હતી.

સ્થાનિક વેપારીઓએ માગણી કરી છે કે, તેમને નુકસાનનું વળતર આપવામાં આવે અને દબાણ હટાવવાની કામગીરી અત્યારે સ્થગિત રાખવામાં આવે. કુદરતી આપત્તિના આ કપરા કાળમાં પાલિકાનું આવું વલણ સુરતના વેપારી આલમમાં ચર્ચાનો વિષય બન્યું છે.

## બિલમાં માર્ગ બેસતા મોટો ભૂવો, વિકાસના દાવાઓની પોલ ખૂલી

# વડોદરાના બિલ વિસ્તારમાં માર્ગ બેસતા મોટો ભૂવો પડ્યો

(એજન્સી) વડોદરા । તા. 11

સંસ્કારી નગરી વડોદરાના વોર્ડ નંબર ૧૨માં આવેલા બિલ વિસ્તારમાં ફરી એકવાર વિકાસકામોની ગુણવત્તા પર સવાલો ઉઠ્યા છે. બિલ નવી પાણીની ટાંકી નજીક ઓરો રેસીડેન્સીથી ઓરો પ્રાઈમ સોસાયટી તરફ જતા માર્ગનો એક મોટો હિસ્સો અચાનક બેસી જતા ૧૨ ફૂટ લાંબો અને ૭ ફૂટ પહોળો વિશાળ ભૂવો પડી ગયો હતો. આ ઘટનાને પગલે વાહનચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

### સ્થાનિકોની હાલાકીમાં વધારો

ભૂવો પડવાની જાણ થતાની સાથે જ સુરક્ષાના કારણોસર માર્ગની એક તરફનો વાહનવ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો. આ રસ્તો સોસાયટીમાં અવરજવર માટે મુખ્ય હોવાથી સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો



સામનો કરવો પડી રહ્યો છે. અવરજવર માટે લાંબો ફેરો ફરવો પડતો હોવાથી લોકોમાં તંત્રની કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક કોંગ્રેસના કાર્યકરોએ આ ઘટના બાદ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, શહેરમાં કરવામાં આવતા વિકાસકાર્યોમાં ગુણવત્તાનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ કાર્યકરે આક્ષેપ કર્યો કે, "તંત્ર દ્વારા કરવામાં આવતા કામોમાં પૂરતું સુપરવિઝન કરવામાં આવતું નથી, જેનું પરિણામ જનતાએ ભોગવવું પડે છે. ફરીથી આ ભૂવો પૂરવા માટે જાહેર જનતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સના નાણાં ખર્ચવા પડશે."

### તંત્રની પોલ ખૂલી

વડોદરાના વિવિધ વિસ્તારોમાં અવારનવાર રસ્તા બેસી જવાની અને ભૂવા પડવાની ઘટનાઓ બની રહી છે, જે પાલિકાના એન્જિનિયરિંગ વિભાગની કામગીરી પર અનેક પ્રશ્નાર્થ ચિન્હો મૂકે છે. ચોમાસાની સીઝનમાં જ્યારે રસ્તાઓની સ્થિતિ વધુ નાજુક હોય છે, ત્યારે આવા ભૂવા પડવાથી મોટી દુર્ઘટના થવાની ભીતિ પણ રહેલી છે. સ્થાનિકોની માંગ છે કે આ માર્ગનું વહેલી તકે મજબૂત સમારકામ કરવામાં આવે અને જે પણ કોન્ટ્રાક્ટર દ્વારા આ કામ કરવામાં આવ્યું હતું, તેની સામે તપાસ કરી કડક પગલાં લેવામાં આવે.

**પોલીસની મોટી સફળતા**

## ભૂવાના સ્વાંગમાં છેતરપિંડી કરનાર ઠગ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 11

રાજમહેલ રોડ વિસ્તારમાંથી પોલીસે એક એવા ભેજાબાજને ઝડપી પાડ્યો છે, જે ભૂવાનો સ્વાંગ રચી રાહદારીઓને વિધિના નામે ભોળવીને તેમના સોનાના દાગીના પડાવી લેતો હતો. પકડાયેલા આરોપી પાસેથી પોલીસે સોનાની ચેઈન પણ કબજે કરી છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન રાજમહેલ રોડ પર નવલખી ગ્રાઉન્ડ પાસેથી એક શખ્સને કેસરી ગમછો પહેરીને નંબર પ્લેટ વગરના સ્કૂટર પર જતી વખતે અટકાવ્યો હતો. પૂછપરછ અને તપાસ દરમિયાન તેની પાસેથી સોનાની ચેઈન મળી આવી હતી. આરોપીનું નામ મુકેશનાથ ઉર્ફે મુકડો નટવર નાથ મદારી છે, જે મૂળ અમદાવાદના સરખેજનો રહેવાસી છે.

### અગાઉ પણ અનેક ઘટનાઓને અંજામ આપ્યો

ક્રાઈમ બ્રાન્ચની સઘન પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે ભૂવા બનીને લોકોને પોતાની વાતોમાં ફસાવવામાં માહિર છે. તેણે અઢી મહિના પહેલા પાણીગેટ પાસે એક વ્યક્તિને વિધિના નામે ભોળવી સોનાની વીંટી પડાવી લીધી હતી. આ ઉપરાંત, ૧૫ દિવસ પહેલા જૂના છાણી રોડ પર પણ એક રાહદારીને આવી જ રીતે ફસાવી સોનાની ચેઈન ઝૂંટવી લીધી હતી.

### પોલીસ તપાસ તેજ

આરોપીની ધરપકડ બાદ એવું માનવામાં આવી રહ્યું છે કે આ ઠગ ગેંગે શહેરના અન્ય વિસ્તારોમાં પણ અનેક લોકોને પોતાનો શિકાર બનાવ્યા હશે. પોલીસે હાલ તેની વધુ પૂછપરછ હાથ ધરી છે. આ પ્રકારની ટોળકીઓ શહેરમાં સક્રિય હોવાની આશંકાને પગલે પોલીસે લોકોને અપીલ કરી છે કે અજાણ્યા વ્યક્તિઓ કે જેઓ ભૂવા કે જ્યોતિષી બનીને વિધિના નામે દાગીના ઉતારવાનું કહે, તેમની વાતોમાં ન આવવું જોઈએ.

**સાયબર ગઠિયાઓ સક્રિય, વિવિધ બહાને લોકોના પૈસા પડાવ્યા**

## વડોદરામાં ઓનલાઈન ઠગોનો આતંક: નિવૃત્ત મહિલાના 5 લાખ પડાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 11

વડોદરા શહેરમાં ઓનલાઈન ઠગાઈના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, જેમાં નિવૃત્ત વ્યક્તિઓ અને સામાન્ય નાગરિકો સરળતાથી ગઠિયાઓની જાળમાં ફસાઈ રહ્યા છે. તાજેતરમાં ન્યુ સમા રોડ અને માણેજા વિસ્તારમાં છેતરપિંડીના બે ગંભીર કિસ્સાઓ સામે આવ્યા છે.

### નિવૃત્ત મહિલાને બનાવ્યા નિશાન

ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા ૬૮ વર્ષીય નિવૃત્ત મહિલા લતાબેન રવિન્દ્ર સાથે વિશાલ શર્મા નામની વ્યક્તિએ ફોન પર સંપર્ક કરી ઈન્સ્યોરન્સ પોલિસીના બોનસના નામે ઠગાઈ આચરી હતી. ઠગે મહિલાને વિશ્વાસમાં લઈ આધાર કાર્ડ, પાન કાર્ડ અને કેન્સલ ચેક મેળવી લીધા હતા. ત્યારબાદ ઓટીપી (OTP) મેળવીને તબક્કાવાર પ્રોસેસિંગ ફી અને અન્ય બહાના હેઠળ કુલ ૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### ઇ-ચલણના નામે યુવકના પૈસા ગયા

બીજી તરફ, માણેજા વિસ્તારમાં પેટ્રોલ પંપ પર કામ કરતા જીતાલાલ પટેલ નામના યુવકને ઈ-ચલણના નામે ઠગાઈનો ભોગ બનવું પડ્યું હતું. યુવકને મળેલી ઈ-ચલણની લિંક પર ક્લિક કરતા જ તેના ખાતામાંથી ૧ લાખ રૂપિયાના ટ્રાન્જેક્શન થઈ ગયા હતા. આ અંગે યુવકે તાત્કાલિક સાયબર સેલને જાણ કરી હતી.

પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને વારંવાર અપીલ કરવામાં આવે છે કે અજાણ્યા વ્યક્તિ સાથે આધાર કાર્ડ, પાન કાર્ડ કે OTP જેવી સંવેદનશીલ વિગતો શેર ન કરવી. ઉપરાંત, અજાણી લિંક્સ (Links) પર ક્લિક કરવાનું ટાળવું જોઈએ. ઓનલાઈન છેતરપિંડીના વધતા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આ બંને કેસોમાં ગુનો નોંધી આરોપીઓને શોધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશો તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**વૃષભ : બ. વ. ઉ.**

સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**કર્ક : ડ. હ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારૂ અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**સિંહ : મ. ટ.**

પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**તુલા : ર. ત.**

નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે- આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**વૃશ્ચિક : ન. ય.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મકર : ખ. જ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમને ખુશ કરે એવી બાબતો કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા. જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**ઈમરજન્સી સમયે જાગૃતતા અને સેવા પ્રત્યે વિશ્વાસ વધે તે માટે પણ સમજણ આપવામાં આવી**

# નીરોણા ગામે વિદ્યાર્થીઓને 108 ઈમરજન્સી સેવા અને પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નીરોણા ગામની કુમાર શાળા અને કન્યા શાળાના ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ માટે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા અને પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન 108 ઈમરજન્સી સેવાનો યોગ્ય ઉપયોગ, અકસ્માત કે અન્ય તાત્કાલિક પરિસ્થિતિમાં કેવી રીતે મદદ મેળવવી તેમજ પ્રાથમિક સારવારના મૂળભૂત નિયમો અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પ્રાયોગિક માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં ઈમરજન્સી સમયે જાગૃતતા અને સેવા પ્રત્યે વિશ્વાસ વધે તે માટે પણ સમજણ આપવામાં આવી હતી.આ પ્રસંગે નીરોણા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી એન. ટી. આહીરે જણાવ્યું હતું કે 108 સેવા અનેક લોકો માટે જીવનરક્ષક સાબિત થઈ છે. વિદ્યાર્થીઓને બાળપણથી જ આવી મહત્વપૂર્ણ માહિતી મળે તો તેઓ આપત્તિના સમયે યોગ્ય નિર્ણય લઈ શકે અને અન્ય લોકોની મદદરૂપ બની શકે. તેમણે વિદ્યાર્થીઓને આ માહિતી પોતાના પરિવારજનો અને સમાજ સુધી પહોંચાડવા પણ અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, 108 સેવાની ટીમ તથા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. અંતે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નો પૂછીને ઈમરજન્સી સેવા અને પ્રાથમિક સારવાર અંગે ઉપયોગી માહિતી મેળવી.



## જામનગરમાં દારૂ વિરુદ્ધ પોલીસના સઘન દરોડા : 3 સ્થળેથી વિદેશી-દેશી દારૂનો જથ્થો ઝડપાયો

જામનગર: સીટી બી. ડિવિઝન પોલીસે વિકાસ ગૃહ રોડ વિસ્તારમાં દરોડો પાડી ક્રિપાલસિંહ સુખદેવસિંહ ઝાલા (ઉ.વ.22, રહે. શાંતિનગર, મચ્છરનગર)ને ભારતીય બનાવટના વિદેશી દારૂના 70 ચપલા કિંમત રૂ.21,000 સાથે ઝડપી પાડ્યો હતો.આ ઉપરાંત સીટી બી ડિવિઝન પોલીસે જ નાગનાથ ગેઈટ રોડ સ્મશાન પાસે દરોડો પાડી ગૌતમ ઉર્ફે ગટ્ટી રમેશભાઈ પરમાર (ઉ.વ. 21, રહે. નાગેશ્વર કોલોની, જામનગર) પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 2 બોટલ અને 40 ચપલા મળી કુલ રૂ.15,600નો મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી.બીજી તરફ સીટી સી ડિવિઝન પોલીસે જાગૃતિનગર, નીલકમલ સોસાયટી પાછળ આવેલા ઝૂંપડામાં દરોડો પાડતા ભગવતીબેન પ્રકાશભાઈ ડાભી નામની મહિલા આરોપી સ્થળ પરથી ફરાર મળી આવી હતી. પોલીસને ત્યાંથી 15 લિટર દેશી દારૂ કિંમત રૂ.3,000, દેશી દારૂ બનાવવા માટેનો 90 લિટર આથો કિંમત રૂ.2,250 તેમજ ભઠ્ઠીના સાધનો કિંમત રૂ.150 મળી કુલ રૂ.5,400નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે સમગ્ર મુદ્દામાલ કબજે કરી ફરાર મહિલા આરોપીને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.ત્રણેય બનાવોમાં સંબંધિત પોલીસ મથકોએ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જુગાર**

## લાલપુર નજીક નવાપરા સીમમાંથી તીનપત્તીનો જુગાર રમતાં 7 શખ્સો પોલીસ ઝપટે ચડ્યા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાપરા સીમ વિસ્તારમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે લાલપુર પોલીસે દરોડો પાડી 7 શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની વિગતો મુજબ, તા. 10 જુલાઈ, 2026ના રોજ સાંજે રીઝપર ગામથી આગળ નવાપરા સીમ વિસ્તારમાં બાવળની ઝાડીમાં કેટલાક શખ્સો ગંજીપત્તાના પાનાં વડે "તીનપત્તી" નામનો જુગાર રમી રહ્યા હતા. પોલીસ દરોડા દરમિયાન કુલ રૂ.10,180 રોકડા તથા ગંજીપત્તાના પાનાં કબજે કરવામાં આવ્યા હતા.આ બનાવમાં હિતેશ દેવજીભાઈ નેસડિયા (ઉ.વ. 51, રહે. ચાર થાંભલા, લાલપુર), પીઠા રાજશીભાઈ વસરા (ઉ.વ. 48, રહે. રીઝપર ગામ), કારાભાઈ ઉર્ફે ભોલાભાઈ વેજાભાઈ વસરા (ઉ.વ. 62, રહે. નવાપરા ગામ), મનોજ મેરામણભાઈ વસરા (રહે. રીઝપર ગામ), મેરામણ રામાભાઈ વસરા (રહે. નવાપરા ગામ), પ્રકાશ ઉર્ફે પકો મોહનભાઈ ગોહીલ (રહે. ચોરબેડી ગામ) તથા પ્રવીણ રાજશીભાઈ વસરા (રહે. રીઝપર ગામ) સામે જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસે હિતેશ દેવજીભાઈ નેસડિયા અને પીઠા રાજશીભાઈ વસરાની અટકાયત કરી છે. કારાભાઈ ઉર્ફે ભોલાભાઈ વસરા સિનિયર સિટિઝન હોવાથી તેમને બી. એન.એસ.એસ.ની કલમ 35(1) મુજબ સ્થળ પર નોટિસ આપવામાં આવી હતી.

**ગળાફાંસો**

## જામજોધપુરના ધ્રાફા ગામે 17 વર્ષીય સગીર કિશોરે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામે 17 વર્ષના સગીરે અગમ્ય કારણોસર પોતાના રહેણાંક મકાનમાં સાડી વડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર બનાવ મામલે શેઠ વડાળા પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.પોલીસની વિગતો મુજબ, ધ્રાફા ગામે રહેતા જતીનભાઈ જીવાભાઈ પરમાર (ઉ.વ. 17 વર્ષ 11 માસ, ધંધે મજૂરી) તા. 10 જુલાઈના રોજ સવારે 11:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે પોતાના ઘરે સાડી વડે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મૃત્યુ થયું હતું.આ બનાવ અંગે મૃતકના પિતા જીવાભાઈ ભીમાભાઈ પરમારે શેઠવડાળા પોલીસને જાણ કરતાં પોલીસે બી.એન.એસ.એસ. કલમ 194 હેઠળ અકસ્માતે મૃત્યુની નોંધ કરી તપાસ શરુ કરી છે. હાલ પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા શોધખોળ**

## હિંમતનગર: કેનેડાના વર્ક વિઝાના નામે કરોડોની ઠગાઈ, વિઝા કન્સલ્ટન્સી ચલાવતી યુવતીએ 1 કરોડથી વધુ રકમ પડાવી ફરાર

હિંમતનગર : ગુજરાતમાં વિદેશ જવા ઈચ્છુક યુવાનોને નિશાન બનાવી લાખો-કરોડો રૂપિયા પડાવતી બોગસ વિઝા એજન્સીઓનો આતંક યથાવત છે. સાબરકાંઠાના હિંમતનગરમાં કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં વિઝા કન્સલ્ટન્સી ઈન્સ્ટિટ્યૂટ ચલાવતી પ્રિતી વ્યાસ નામની યુવતી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા જ તે રાતોરાત ફરાર થઈ ગઈ છે. પોલીસે ગુનો નોંધી આરોપી યુવતીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી અનુસાર, હિંમતનગરના એક સ્થાનિક યુવકને કેનેડા મોકલવાનું સપનું બતાવીને આ સમગ્ર ઠગાઈ આચરવામાં આવી હતી. આરોપી પ્રિતી વ્યાસે કેનેડાના વર્ક વિઝા અપાવવાની પાકી ખાતરી આપી યુવક પાસેથી કુલ 23 લાખ રૂપિયા પડાવ્યા હતા. સમય વીતી જવા છતાં ન તો વિઝા મળ્યા કે ન કેનેડા જવાની કોઈ પ્રક્રિયા આગળ વધી હતી. યુવકે વારંવાર પોતાના રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ માંડ 4 લાખ રૂપિયા પરત આપ્યા હતા, જ્યારે બાકીના 19 લાખ રૂપિયા આપવા આનાકાની કરી હતી. આખરે ભોગ બનનાર યુવકે હિંમતનગર પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા.

પોલીસે જ્યારે આ મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી ત્યારે કન્સલ્ટન્સીના નામે અન્ય લોકોને પણ શિકાર બનાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. એક પછી એક અન્ય ભોગ બનનારા લોકો પણ પોલીસ સમક્ષ આવ્યા હતા, જેના કારણે છેતરપિંડીનો કુલ આંકડો ૧ કરોડ ૩૭ લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આટલી મોટી રકમની છેતરપિંડીની ફરિયાદ સત્તાવાર રીતે દાખલ થતાં જ આરોપી પ્રિતી વ્યાસ પોલીસની પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગઈ છે.

વિદેશ મોકલવાના બહાને આચરવામાં આવતી આવી કરોડોની છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. વિદેશ જવા ઈચ્છુક નાગરિકોએ કોઈપણ એજન્સી કે સંસ્થામાં પોતાની કચેરીની મહેનતના રૂપિયા જમા કરાવતા પહેલાં તેની માન્યતા, લાયસન્સ અને વિશ્વસનીયતાની સંપૂર્ણ ચકાસણીકરી લેવી અત્યંત જરૂરી બની ગઈ છે.

હિંમતનગર પોલીસે આ કરોડોની ઠગાઈના કેસને અત્યંત ગંભીરતાથી લીધો છે. ફરાર થઈ ગયેલી આરોપી પ્રિતી વ્યાસની ધરપકડ કરવા માટે પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને દરોડા શરૂ કરવામાં આવ્યા છે.

# કચ્છમાં સારા વરસાદ માટે ખીરસરા (વિં.) ગામે નમાઝે ઈસ્તિસ્કા અદા, ખાસ દુઆનું આયોજન

**જુમ્માની નમાઝ બાદ ગ્રામજનો ઈદગાહ સુધી પગપાળા પહોંચ્યા; સમગ્ર કચ્છમાં સારા વરસાદ અને ખેડૂતોની સુખાકારી માટે પ્રાર્થના**

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સમગ્ર ગુજરાતમાં ચોમાસું સક્રિય બન્યું હોવા છતાં કચ્છ જિલ્લામાં હજુ અપેક્ષિત વરસાદ ન વરસતા અબડાસા તાલુકાના ખીરસરા (વિં.) ગામે શુક્રવારની જુમ્માની નમાઝ બાદ સારા વરસાદ માટે નમાઝે ઈસ્તિસ્કા અદા કરી વિશેષ દુઆનું આયોજન કરવામાં આવ્યું હતું.ગામના લોકો સામૂહિક રીતે ગામની બહાર આવેલી ઈદગાહ સુધી પગપાળા પહોંચ્યા હતા. ત્યાં સૈયદ અલ્લામા અલહાજ બશીરબાપુના માર્ગદર્શન હેઠળ નમાઝે ઈસ્તિસ્કા અદા કરવામાં આવી હતી. ત્યારબાદ કચ્છ મુસ્લિમ સમાજના ધર્મગુરુ આદરણીય સૈયદ અલ્લામા અલહાજ સુલતાનશા બાપુએ સમગ્ર



કચ્છમાં સારો વરસાદ વરસે, ખેડૂતોના ખેતરો લીલાછમ બને, પાણીની અછત દૂર થાય અને સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ તથા બરકત આવે તે માટે વિશેષ દુઆ કરી હતી.આ પ્રસંગે વિંઝાણના સૈયદ ઈબ્રાહિમશા બાપુ, ખીરસરાના સૈયદ તન્વીરઅહેમદ બાપુ, ગામના મૌલાના મુબારકભાઈ તેમજ મૌલાના તુર્ક હાજી મોહમ્મદભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ એકસાથે અલ્લાહ તઆલાની બારગાહમાં કચ્છ પર રહેમતનો વરસાદ વરસે અને સમગ્ર પ્રદેશમાં સુખાકારી સ્થાપિત થાય તેવી પ્રાર્થના કરી હતી.

ખીરસરા (વિં.) ગામના માજી સરપંચ શ્રી હિંગોરા રજાકભાઈએ જણાવ્યું હતું કે, કુદરત પ્રત્યે આદર અને સામૂહિક પ્રાર્થના એ આપણી પરંપરાનો મહત્વનો ભાગ છે. સમગ્ર કચ્છમાં સારો વરસાદ વરસે, ખેડૂતો સમૃદ્ધ બને અને દરેકના જીવનમાં ખુશહાલી આવે તેવી સૌએ દિલથી દુઆ કરી છે.

## ભરતભાઈ ભરવાડ ની દાહોદ જિલ્લા. પંચાયતમાં શિક્ષણ સમિતિમાં કોન્ટ સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી

લીમખેડા : આર્ટસ કોલેજ લીમખેડા, ડી.એલ. ભરવાડ એમ.એસ.ડબ્લ્યુ. કોલેજ લીમખેડા અને શ્રી હસ્તેશ્વર સ્કૂલ (મોટા હાથીધરા)ના ટ્રસ્ટી શ્રી



ભરતભાઈ ધનાભાઈ ભરવાડ ની જિલ્લા પંચાયત દાહોદની શિક્ષણ સમિતિના કો-ઓપ્ટ સભ્ય તરીકે નિમણુંક થવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ! પાઠવવામાં આવી હતી આ નિમણૂકથી દાહોદ જિલ્લાના શૈક્ષણિક વિકાસમાં વધુ પ્રગતિ થશે અને શિક્ષણ ક્ષેત્રે આપના અનુભવનો વિદ્યાર્થીઓને મોટો લાભ મળશે.

## શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી દ્વારા વણઝારી ચોક પ્રાથમિક શાળા નાં ધોરણ-૧ થી ૮ની પરીક્ષામાં ૧ થી ૩ ક્રમ મેળવનાર ને સ્કુલબેગ, કલરકીટ અને કંપાસ આપી અભિવાદન કરવામાં આવ્યું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧ શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળીનાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢાની યાદીમાં જણાવેલ છે કે તા.૦૯/૦૭/૨૦૨૬ને ગુરૂવારનાં રોજ આ સંસ્થા દ્વારા વણઝારી પ્રાથમિક સ્કુલનાં ધોરણ - ૧ થી ૮ ની પરીક્ષામાં ૧ થી ૩ નંબર સુધીનાં વિધાર્થીઓને સ્કુલબેગ, કલરકીટ અને કંપાસ આપવામાં આવેલ અને બાકીનાં તમામ વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવેલ, આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢા, ઉપપ્રમુખશ્રી સાધનાબેન નિર્મળ, સેક્રેટરીશ્રી રૂપલબેન લખલાણી, ડિરેક્ટરશ્રી હિનાબેન મજમુદાર, ઝંખનાબેન ભીંડોરા, જમકુબેન સોજીત્રા તથા સ્ટાફ મેમ્બરશ્રી કૃપાલીબેન જીકરીયા, નમ્રતાબેન પરમાર, રિદ્ધિબેન ત્રિવેદી, નિરાલીબેન ખેતાણી તેમજ નરેન્દ્રભાઈ ઘુચલા અને મનીષાબેન ટીંબલીયા એ હાજરી આપી હતી.આ સમયે તમામ વિદ્યાર્થીઓનાં મુખ ઉપર ખુશી જોવાં મળેલ હતી. શાળાનાં સ્ટાફ મેમ્બર્સ બહેનો શ્રી જશુબેન વિગેરે તરફથી ખુબજ સારો સાથ સરકાર મળેલ હતો.

**શુભેચ્છા**

## નખત્રાણાના ટી.ડી.ઓ. હાર્દિક ગઢવીએ લોકસાહિત્યકાર રાજેશ ગઢવીની શુભેચ્છા મુલાકાત લીધી



જગદીશ પી. દવે| દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ.) હાર્દિક ગઢવીએ મૂળ મોરજર ગામના અને હાલ દેવપર (યક્ષ) ખાતે નિવાસ કરતા જાણીતા લોકસાહિત્યકાર રાજેશ ગઢવીની તેમના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી.વ્યસ્ત વહીવટી જવાબદારીઓ વચ્ચે પણ કચ્છની લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને સાંસ્કૃતિક વારસા પ્રત્યેનો આદર વ્યક્ત કરતી આ મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. આ પ્રસંગે રાજેશ ગઢવીએ કચ્છી પરંપરા અનુસાર હાર્દિક ગઢવીનું પાઘડી પહેરાવી, સાલ ઓઢાડી તથા કચ્છની વિશ્વવિખ્યાત રોગાન કળાની ફ્રેમ ભેટ આપી સન્માન કર્યું હતું.મુલાકાત દરમિયાન બંને મહાનુભાવો વચ્ચે કચ્છના લોકસાહિત્યના સંવર્ધન, સાંસ્કૃતિક વારસાના જતન, યુવા પેઢીમાં લોકકળા પ્રત્યે જાગૃતિ અને ગ્રામ્ય વિકાસને વધુ ગતિશીલ બનાવવા જેવા વિવિધ મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા-વિચારણા થઈ હતી. હાર્દિક ગઢવીએ લોકસાહિત્યકારોના યોગદાનની પ્રશંસા કરી કચ્છની આગવી સાંસ્કૃતિક ઓળખને જાળવી રાખવા સૌના સહિયારા પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ શુભેચ્છા મુલાકાત કલા, સાહિત્ય અને વિકાસ વચ્ચેના સુમેળનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી હતી અને ઉપસ્થિત લોકોએ પણ તેની પ્રશંસા વ્યક્ત કરી હતી.

## જૂનાગઢમાં ધામધૂમથી શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ ઉજવાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧ શ્રી જગન્નાથજી રથયાત્રા ઉત્સવ સમિતિ, જૂનાગઢના શ્રી મનસુખભાઈ વાજા એ જણાવ્યું છે કે, શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા તા.14-07-2026 ને મંગળવારના રોજ સાંજે 5:00 વાગ્યે શ્રી ખરેડેશ્વર વાડીથી શ્રી જગન્નાથજી મંદિર સુધી યોજાશે તેમાં બહેનો દ્વારા પવિત્ર પાણી લઈ બૅન્ડ-વાજા સાથે ભવ્ય શોભા યાત્રા તથા વસ્ત્ર છઠ્ઠાનું આયોજન કરવામાં આવ્યું છે તથા તા.15-07-2026 ને બુધવારના રોજ શ્રી જગન્નાથજી મંદિર ખાતે સવારે 8:00 વાગ્યે શ્રી વિષ્ણુ યાગ.બપોરે 4:00 વાગ્યે બીડું હોમાશે. સાંજે 8:00 વાગ્યે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી છે તથા તા.16-07-26 ને ગુરુવારે શ્રી જગન્નાથજી મંદિર ખાતે સવારે 8:00 વાગ્યે અભિષેક સ્નાન.સવારે 11:00 વાગ્યે વસ્ત્ર શણગાર.બપોરે 12:00 વાગ્યે ભોગ અને મહા આરતી.

**વિદ્યાર્થીઓને ફાયર ફાઈટિંગ સાધનોનું જીવંત પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું**

# દાહોદ નગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગની વિદ્યાર્થીઓએ શૈક્ષણિક મુલાકાત લીધી

| દિપક રાવલ | દાહોદ લીમખેડા | તા.11

સરકારી ઈજનેરી કોલેજ, દાહોદના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે આયોજિત ઈન્ડક્શન કાર્યક્રમ અંતર્ગત દાહોદ નગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અગ્નિશામક સેવાઓ, આપત્તિ વ્યવસ્થાપન અને જાહેર સુરક્ષા અંગે વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરવાનો હતો.મુલાકાત દરમિયાન ફાયર વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને ફાયર સ્ટેશનની કામગીરી, વિવિધ પ્રકારના અગ્નિશામક સાધનો, ફાયર ટેન્ડર, રેસ્ક્યૂ ઉપકરણો તથા ઈમરજન્સી






પ્રતિસાદ પ્રણાલી વિશે વિગતવાર માહિતી આપી. ઉપરાંત આગ લાગવાની પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ કેવી રીતે આપવો, આગથી બચવાના ઉપાયો તથા સલામતીના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને ફાયર ફાઈટિંગ સાધનોનું જીવંત પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિહાળ્યું. વિદ્યાર્થીઓએ અધિકારીઓ સાથે પ્રશ્નોત્તરી કરીને ફાયર અને ઈમરજન્સી સેવાઓની કામગીરી અંગે વધુ જાણકારી મેળવી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓમાં જાહેર સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધવા ઉપરાંત આપત્તિના સમયમાં જવાબદાર નાગરિક તરીકેની ભૂમિકાની સમજ પણ વિકસિત થશે.આ મુલાકાતનું આયોજન સરકારી ઈજનેરી કોલેજ, દાહોદના ઈન્ડક્શન કાર્યક્રમ અંતર્ગત પ્રોફેસર બી. કે. ચાવડા અને ડૉ. ઈશાક શેખના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર ૫૦ પગથિયાં ઉપરથી આશરે ૧૨ વર્ષ ના બાળક ને સિંહ ઉપાડી ગયો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧. જૂનાગઢમાં પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત ઉપર ઘણા લોકો આસ્થા સાથે દેવ દર્શનાર્થે, પ્રવાસે આવે છે, તેમાં એક અઘટીત બનાવ બન્યો છે, એક ગૃપના આશરે ૫૦ થી ૬૦ સભ્યો વહેલી સવારે ગિરનાર પર્વત ઉપર ચડી રહ્યા હતાં ત્યારે એક ૧૨ વર્ષ નું બાળક તેના કાકા ની આંગળી પકડી ચડતુ હતું ત્યારે એક સિહ આશરે ૫૦ માં પગથિયાં પાસેથી આ બાળક ને ખેંચી જંગલમાં જતો રહ્યો હતો, આ માટે લોકો એ બુમ બરાડા કરેલ પરંતુ કંઈ થયું નહિ, આ માટે જંગલ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતા તેમાં બાળકનું પેન્ટ, બુટ તથા અવશેષ મળી આવ્યાનું જાણવા મળ્યું છે. આ માટે સીડી ઉપર લાઈટ ચાલુ ન હોવાથી અંધારામાં આ બનાવ બન્યો.

## સેકન્ડરી માર્કેટમાં શેરોમાં તેજીના સેન્ટીમેન્ટના પગલે

# ઈક્વિટી ફંડોમાં રોકાણ 26% વધીને રૂ.28,973 કરોડ

(એજન્સી) મુંબઈ | તા 11

ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધના વાદળો જૂનમાં વિખેરાતા અને અલ-નીનોનું જોખમ જૂનના અંતિમ દિવસોમાં હળવું થતું જોવાતાં ભારતીય શેર બજારોમાં સેકન્ડરી માર્કેટમાં તેજીના સેન્ટીમેન્ટની સાથે ફરી ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણનો પ્રવાહ ધસમસતો જોવાયો છે. જૂન ૨૦૨૬ મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ મે ૨૦૨૬ મહિનાના રૂ.૨૨,૯૦૭ કરોડની તુલનાએ ૨૬ ટકા જેટલું વધીને રૂ.૨૮,૯૭૩ કરોડનું નોંધાયું છે. આ રોકાણમાં સૌથી વધુ આકર્ષણ ફરી મિડ કેપ ફંડોમાં રૂ.૬૦૯૦ કરોડનું નોંધાયું છે. ઈક્વિટી ફંડોમાં કુલ રૂ.૨૮,૯૭૩ કરોડના રોકાણમાં મિડ કેપ અને સ્મોલ કેપનો હિસ્સો ૪૦ ટકા રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એયુએમ-નેટ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ મે ૨૦૨૬ના અંતના રૂ.૮૧.૩૮ લાખ કરોડની તુલનાએ એક ટકા વધીને રૂ.૮૨.૦૫ લાખ કરોડ થઈ છે.




૧૧ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સબ કેટેગરીમાં મિડ કેપ ફંડોએ રોકાણ મેળવવામાં અગ્રેસરતા મેળવી છે. ત્યાર બાદ સ્મોલ કેપ ફંડોમાં રૂ.૫૬૦૧ કરોડનું ચોખ્ખું રોકાણ અને ફ્લેક્સી કેપ ફંડોમાં રૂ.૫૨૩૧ કરોડનું રોકાણ નોંધાયું છે. ડિવિડન્ડ યીલ્ડ ફંડો અને ઈએલએસએસ ફંડોમાં રોકાણ ઉપાડ એટલે કે જાવક અનુક્રમે રૂ.૪૯ કરોડ અને રૂ.૬૩૩ કરોડની રહી છે. માસિક ધોરણે સેક્ટરલ અને થીમેટિક ફંડોમાં સૌથી વધુ રોકાણ પ્રવાહ ૧૨૭ ટકા વધીને રૂ.૧૪૬૯ કરોડનો નોંધાયો છે. ત્યાર બાદ મિડકેપ ફંડોમાં ૩૯ ટકાની વૃદ્ધિ, જ્યારે વેલ્યુ/કોન્ટ્રા ફંડો અને ફોક્સ્ડ ફંડોમાં દરેકમાં ૩૫ ટકાની વૃદ્ધિ જોવાઈ છે.

ડેટ મ્યુચ્યુઅલ ફંડોમાં સતત બીજા મહિને જૂનમાં રોકાણકારોએ રોકાણ પાછું ખેંચવાનું ચાલુ રાખતાં જાવક નોંધાઈ છે. રોકાણકારોએ મે ૨૦૨૬ મહિનાના રૂ.૯૬,૯૪૮ કરોડના ઉપાડની તુલનાએ જૂનમાં રૂ.૧.૦૯ લાખ કરોડનું રોકાણ પાછું ખેંચી લીધું છે. ક્રેડિટ રિસ્ક ફંડો અને ફ્લોટર ફંડો સિવાય અન્ય કેટેગરીમાં પણ રોકાણ જાવક નોંધાઈ છે. ક્રેડિટ રિસ્ક ફંડો અને ફ્લોટર ફંડોમાં અનુક્રમે રૂ.૨૪૭ કરોડ અને રૂ.૪૫૨ કરોડ પોઝિટીવ રોકાણ નોંધાયું છે. ૧૬ સબ-કેટેગરીઝમાં લિક્વિડ ફંડોમાં સૌથી વધુ રૂ.૪૨,૨૯૩ કરોડની જાવક-ઉપાડ નોંધાયો છે. લો ડ્યુરેશન ફંડોમાંથી રૂ.૧૬,૪૮૪ કરોડનો રોકાણ ઉપાડ નોંધાયો છે. ગિલ્ટ ફંડોમાં ૧૦ વર્ષના કોન્સ્ટન્ટ ડ્યુરેશનમાં રૂ.૧૦૨ કરોડની જાવક હી છે.

હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ મે મહિનાના રૂ.૧૦,૫૬૦ કરોડની તુલનાએ ૨૨ ટકા વધીને જૂન ૨૦૨૬માં રૂ.૧૨,૮૯૨ કરોડ રહ્યો છે. કન્ઝર્વેટીવ હાઈબ્રિડ ફંડોમાં સૌથી ઓછું રૂ.૧૦૨ કરોડનું રોકાણ થયું છે. ઈક્વિટી સેવિંગ્સ ફંડોમાં રૂ.૪૯૪ કરોડની જાવક રહી છે.

અન્ય સ્કિમોમાં પેસિવ ફંડો જેવા કે ઈટીએફ, ઈન્ડેક્સ ફંડો અને એફઓએફઝ સહિતમાં રોકાણ મે મહિનાના રૂ.૩૬૧ કરોડની તુલનાએ જૂનમાં રૂ.૧૬,૭૨૪ કરોડનું નોંધાયું છે. ચાર સબ-કેટેગરીઝ, અન્ય ઈટીએફઝમાં સૌથી વધુ રોકાણ રૂ.૧૩,૨૩૭ કરોડનું થયું છે. ત્યાર બાદ ગોલ્ડ ઈટીએફમાં રૂ.૩૪૪૩ કરોડ અને ફંડ ઓફ ફંડ્સમાં રૂ.૧૦૧ કરોડનું રોકાણ નોંધાયું છે. ઈન્ડેક્સ ફંડોમાં રૂ.૫૮ કરોડની જાવક રહી છે, જે મે મહિનામાં રૂ.૯૪૩ કરોડનું પોઝિટીવ રોકાણ થયું હતું.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ચીફ એક્ઝિક્યુટીવ વેંકટ ચેલાસાણીએ જણાવ્યું હતું કે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે જૂન ૨૦૨૬માં મજબૂત વૃદ્ધિ કાયમ રાખી છે. એયુએમ રૂ.૮૨.૨૨ લાખ કરોડ સુધી પહોંચી છે. જૂનમાં સતત ૬૪માં મહિને સકારાત્મક ઈક્વિટી પ્રવાહ જોવા મળ્યો છે. એસઆઈપી યોગદાન રૂ.૩૧,૭૮૧ કરોડને સ્પર્શ્યું છે. જે રોકાણકારોના વધતા વિશ્વાસ અને શિસ્તબદ્ધ, લાંબાગાળાના રોકાણની વધતા સ્વીકારને પ્રતિબિંબિતકરે છે.

મુંબઈમાં, જૂન 2026માં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ 26% વધીને 28,973 કરોડ થયું છે. સ્મોલ અને મિડકેપ શેરોમાં રોકાણકારોનું આકર્ષણ વધ્યું છે, જેમાં મિડકેપ ફંડોમાં 6090 કરોડનું રોકાણ થયું છે. ડેટ ફંડોમાંથી 1.09 લાખ કરોડનો ઉપાડ નોંધાયો છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ AUM 82.05 લાખ કરોડ પહોંચી છે.જૂનમાં સ્મોલ, મિડકેપ શેરોમાં ફરી ઈન્વેસ્ટરોનું આકર્ષણ વધ્યું : મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એયુએમ એક ટકા વધીને રૂ.૮૨.૦૫ લાખ કરોડ પહોંચી : ડેટ ફંડોમાંથી જંગી રૂ.૧.૦૯ લાખ કરોડનું રોકાણ પાછું ખેંચાયું મ્યુચ્યુઅલ ફંડોમાં સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) થકી થતાં રોકાણમાં જૂન ૨૦૨૬ મહિનામાં ત્રણ ટકાની વૃદ્ધિ થઈ છે. મે મહિનાના રૂ.૩૦,૯૫૪ કરોડના રોકાણની તુલનાએ જૂનમાં એસઆઈપી થકી રૂ.૩૧,૭૮૧ કરોડનું રોકાણ થયું છે. જે ત્રણ મહિનાની ઊંચાઈએ પહોંચ્યું છે.

વાર્ષિક ધોરણે એસઆઈપી રોકાણ પ્રવાહ જૂન ૨૦૨૫ના રૂ.૨૭,૨૬૯ કરોડની તુલનાએ ૧૭ ટકા એટલે કે રૂ.૪૫૧૨ કરોડ વધારો થયો છે. એસઆઈપી એસેટ્સ ઉદ્યોગની કુલ એયુએમના ૨૧.૫ ટકા રહી છે. જે જૂન ૨૦૨૬માં રૂ.૧૭.૭૦ લાખ કરોડની નોંધાઈ છે.

## નીતિ આયોગ દ્વારા શાંતિ અધિનિયમ ૨૦૨૫ના અમલીકરણ પર ચર્ચા

નવી દિલ્હી: દેશના આર્થિક અને ઊર્જા ક્ષેત્રે મહત્વપૂર્ણ ગણાતા 'શાંતિ અધિનિયમ ૨૦૨૫' ના અસરકારક અમલીકરણ માટે નીતિ આયોગે શુક્રવારે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય સ્ટેકહોલ્ડર પરામર્શનું આયોજન કર્યું હતું. ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરના સમરસ્તા ઓડિટોરિયમમાં યોજાયેલી આ બેઠકમાં સરકાર, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગ જગતના દિગ્ગજોએ અધિનિયમના ઓપરેશનલ માળખા પર ગહન વિચાર-વિમર્શ કર્યો હતો.

આ બેઠકની અધ્યક્ષતા નીતિ આયોગના સભ્ય પ્રોફેસર અભય કરંદીકરે કરી હતી. આ મહત્વપૂર્ણ પરામર્શમાં ઊર્જા મંત્રાલયના સચિવ પંકજ અગ્રવાલ, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના અધ્યક્ષ ઘનશ્યામ પ્રસાદ, એનટીપીસીના સીએમડી ગુરદીપ સિંહ તેમજ અણુ ઊર્જા અને પરમાણુ નિયમન સાથે જોડાયેલા અનેક વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય શાંતિ અધિનિયમ ૨૦૨૫ને જમીની સ્તરે સફળતાપૂર્વક ઉતારવા માટેની બ્લૂપ્રિન્ટ તૈયાર કરવાનો હતો.કાયદાકીય અને નિયમનકારી માળખું: આ વિભાગમાં અધિનિયમના ડ્રાફ્ટ નિયમો અને પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) નીતિની જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સ્થાનિક હિતોનું રક્ષણ કરીને કેવી રીતે વિદેશી મૂડીને આકર્ષી શકાય, તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## News Brief

### ભારતનો લાંબાગાળાનો આર્થિક વિકાસ દર મજબૂત

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક પરિબળોને કારણે ભારતીય અર્થતંત્રમાં થોડી અસ્થિરતા જોવા મળી શકે છે, પરંતુ ભારતની લાંબાગાળાની વિકાસયાત્રા અત્યંત મજબૂત અને પ્રોત્સાહક છે. પ્રાઈસ વોટરહાઉસ એલએલપીના પાર્ટનર અભિષેક રાડાએ શુક્રવારે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે સર્જાતી અનિશ્ચિતતાઓ ટૂંકાગાળા માટે અવરોધક બની શકે છે, પરંતુ ભારતની પાયાની આર્થિક સ્થિતિ તેને લાંબા ગાળે ૬.૫ થી ૭ ટકાના દરે વધવામાં મદદ કરશે.એક ઉદ્યોગ ચર્ચા દરમિયાન રાડાએ જણાવ્યું હતું કે કોઈપણ મોટા વિકાસ ચક્રમાં આવા નાના આંચકા આવવા સ્વાભાવિક છે. તેમણે કહ્યું, "આપણે કેટલીક અસ્થિરતાનો સામનો કરી રહ્યા છીએ, પરંતુ જો આપણે લાંબાગાળાના અંદાજો પર નજર કરીએ, તો તે સ્પષ્ટ છે કે ભારત લાંબા ગાળે ટકાઉ ધોરણે વિકાસ કરવાનું ચાલુ રાખશે. બાહ્ય પરિબળોને કારણે વિકાસની ગતિમાં ક્યારેક ટૂંકાગાળાનો ઘટાડો જોવા મળે, પણ તે વિકાસનો એક ભાગ છે." આ કાર્યક્રમમાં 'વિશ્વસનીય વિકાસ: મૂડી, ઉદ્યોગસાહસિકતા અને નાણાકીય અહેવાલ' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા માટે સુદ્રઢ કોર્પોરેટ ગવર્નન્સ અને પારદર્શક નાણાકીય અહેવાલ કેટલા અનિવાર્ય છે, તે અંગે પણ નિષ્ણાતોએ ભાર મૂક્યો હતો. રોકાણકાર સમુદાય એવી કંપનીઓમાં રોકાણ કરવાનું પસંદ કરે છે જેમના ગવર્નન્સ માળખા મજબૂત હોય અને નાણાકીય કામગીરી પારદર્શક હોય.

### NPPA એ ૩૯ દવાઓના ભાવ કર્યા મર્યાદિત

નવી દિલ્હી: સામાન્ય નાગરિકોને મોંઘી દવાઓમાંથી રાહત આપવા માટે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) એ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઓથોરિટીએ બ્લડ પ્રેશર (હાઈપરટેન્શન), ડાયાબિટીસ, હૃદયની બીમારીઓ અને અન્ય ગંભીર સ્થિતિઓમાં વપરાતી ૩૯ સામાન્ય દવાઓના છૂટક ભાવ પર સીલિંગ લગાવી દીધી છે. આ નિર્ણય ડ્રગ્સ (પ્રાઈસ કંટ્રોલ) ઓર્ડર, ૨૦૧૩ ની જોગવાઈઓ હેઠળ લેવામાં આવ્યો છે.નવા નોટિફિકેશન મુજબ, કેલ્શિયમ અને વિટામિન D3 ટેબ્લેટના છૂટક ભાવ જીએસટી સહિત ૮.૯૩ રૂપિયા પ્રતિ ટેબ્લેટ નક્કી કરવામાં આવ્યા છે. વધુમાં, એન્ટિ-રેબીઝ ઈમ્યુનોગ્લોબ્યુલિન ઈન્જેક્શનના દરમાં પણ સુધારો કરવામાં આવ્યો છે, જે હવે ૧૧૯.૪૮ રૂપિયા રહેશે. આ દવાઓ હાડકાના સ્વાસ્થ્ય અને કુતરા કરડવાના કિસ્સામાં ખૂબ જ અનિવાર્ય માનવામાં આવે છે, જેના ભાવ મર્યાદિત થવાથી દર્દીઓ અને હોસ્પિટલોને સીધો ફાયદો થશે.આ નિર્ણય સરકારના તે અભિયાનનો ભાગ છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય આવશ્યક દવાઓને સામાન્ય માણસની પહોંચમાં લાવવાનો અને બજારમાં દવાઓના વધુ પડતા ભાવ પર અંકુશ મેળવવાનો છે. NPPA એ તમામ દવા ઉત્પાદકો અને વિક્રેતાઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ તાત્કાલિક અસરથી આ સુધારેલા ભાવોનો અમલ કરે. આ સાથે જ દવાના પેકિંગ પર નવી મહત્તમ છૂટક કિંમત (MRP) છાપવી ફરજિયાત કરવામાં આવી છે. NPPA દ્વારા આ ૩૯ દવાઓના ભાવ પર લગાવવામાં આવેલી મર્યાદાથી તેવા પરિવારોને મોટી રાહત મળશે જેઓ લાંબા સમયથી ડાયાબિટીસ કે હૃદય રોગ જેવી ક્રોનિક બીમારીઓની સારવાર કરાવી રહ્યા છે.

### ભારત વૈશ્વિક ફિનટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં ભજવશે મુખ્ય ભૂમિકા

નવી દિલ્હી: ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા ફિનટેક ઈકોસિસ્ટમ તરીકે ઉભરી આવ્યા બાદ હવે દેશ પોતાની ઓળખ માત્ર એક ડિજિટલ પેમેન્ટ બજાર તરીકે જ નહીં, પરંતુ એક 'ગ્લોબલ ફિનટેક પ્લેટફોર્મ' નિર્માતા તરીકે સ્થાપિત કરી રહ્યો છે. પેયોનિયર (Payoneer) ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને ભારતના સાઈટ લીડર ગૌરવ ગુપ્તાના મતે, ભારત હવે પ્રોડક્ટ એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ક્રોસ-બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વૈશ્વિક કંપનીઓનું પસંદગીનું કેન્દ્ર બની રહ્યું છે.ગૌરવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "ભારત હવે માત્ર ફિનટેક અપનાવવાનું બજાર નથી રહ્યું, પરંતુ તે એવી જગ્યા બની રહ્યું છે જ્યાં વૈશ્વિક ફિનટેક પ્લેટફોર્મ ડિઝાઈન કરવામાં આવે છે અને તેને વધુ વિકસિત કરવામાં આવે છે." ભારતના એન્જિનિયરિંગ ટેલેન્ટ અને જટિલ ડિજિટલ પેમેન્ટ ઉપયોગોના અનુભવે ભારતને આગામી પેઢીના નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં કેન્દ્રસ્થાને મૂકી દીધું છે. હાલમાં ૧૧૧ અબજ ડોલરનું ભારતનું ફિનટેક ક્ષેત્ર ૨૦૨૯ સુધીમાં ૪૨૧ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. વૈશ્વિક સ્તરે ફિનટેક કંપનીઓ હવે ઝડપી ક્રોસ-બોર્ડર વ્યવહારો, ઓટોમેટેડ રિકોન્સિલિએશન અને AI-આધારિત જોખમ નિયંત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ માટે એવી ટીમોની જરૂર છે જે વિશ્વાસ, સુરક્ષા અને કડક નિયમનકારી તપાસ વચ્ચે મોટા પાયે કામ કરી શકે. આ પરિવર્તનને કારણે ભારતની ભૂમિકા 'ડિલિવરી' થી બદલાઈને 'પ્લેટફોર્મ આઉટકમ' સુધી વિસ્તરી છે. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય પેમેન્ટ પ્રવાહ ૨૦૩૨ સુધીમાં ૩૨૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે, જે ભારતની ટેક ટીમો માટે અનેક ગણી તકો ઉભી કરશે.

## વપરાશકર્તાનો નકારાત્મક ફીડબેક મળતા લીધો

# મેટાએ મ્યુઝ ઈમેજનું નવું ફીચર પાછું ખેંચ્યું

નવી દિલ્હી: ટેક જગતની દિગ્ગજ કંપની મેટાએ તેના એક નવા ફીચરને સત્તાવાર રીતે પાછું ખેંચી લીધું છે. કંપની દ્વારા થોડા દિવસો પહેલા જ એક ફીચર જાહેર કરવામાં આવ્યું હતું, જેની મદદથી વપરાશકર્તાઓ મેટા એઆઈ (Meta AI) માં સાર્વજનિક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સનો ઉલ્લેખ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) દ્વારા તસવીરો બનાવી શકતા હતા. જોકે, વપરાશકર્તાઓ તરફથી મળેલા નકારાત્મક પ્રતિસાદ બાદ કંપનીએ આ સુવિધા બંધ કરવાનો નિર્ણય લીધો છે.મેટાએ આ અઠવાડિયાની શરૂઆતમાં જ 'મ્યુઝ ઈમેજ' (Muse Image) નામના તેના પ્રથમ ઈમેજ જનરેશન મોડેલના લોન્ચિંગ સાથે આ ફીચર રજૂ કર્યું હતું. આ મોડેલ મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. ફીચરનો હેતુ એવો હતો કે વપરાશકર્તાઓ કોઈપણ સાર્વજનિક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને મેન્શન કરી તેના સંદર્ભમાં નવી તસવીરો બનાવી શકે. કંપનીનું માનવું હતું કે આ એક રચનાત્મક સાધન સાબિત થશે, પરંતુ વાસ્તવિકતામાં તે વપરાશકર્તાઓની અપેક્ષાઓ પર ખરું ઉતરી શક્યું નહીં. શુક્રવારે કંપની દ્વારા જારી કરાયેલા એક અપડેટમાં જણાવવામાં આવ્યું કે, "અમે એક ઉપયોગી સર્જનાત્મક સાધન આપવાનો ઈરાદો રાખ્યો હતો અને લોકોને નિયંત્રણ આપવા માંગતા હતા કે તેમની સાર્વજનિક સામગ્રીનો આ રીતે ઉપયોગ થઈ શકે કે નહીં. જોકે, અમને પ્રતિસાદ મળ્યો છે કે આ ફીચર લોકોની જરૂરિયાત મુજબનું નહોતું, તેથી તે હવે ઉપલબ્ધ નથી."

## લક્ઝરી કાર અને વ્હિસ્કીના ભાવમાં થશે ઘટાડો

# ભારત બ્રિટન વચ્ચે મુક્ત વેપાર કરાર પંદર જુલાઈથી લાગુ

નવી દિલ્હી: ભારત અને બ્રિટન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વાટાઘાટો બાદ આખરે ઐતિહાસિક 'મુક્ત વેપાર કરાર' (એફટીએ) પર મહોર લાગી ગઈ છે. વિદેશ વ્યાપાર મહાનિદેશાલય દ્વારા સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ આ મહત્વપૂર્ણ ડીલ આગામી ૧૫ જુલાઈથી સમગ્ર દેશમાં અમલી બનશે. આ કરારને કારણે માત્ર વેપાર જ નહીં, પરંતુ ગ્રાહકો માટે લક્ઝરી વસ્તુઓના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળશે. આ કરાર હેઠળ સૌથી મોટો ફાયદો લક્ઝરી કાર અને આયાતી પીણાંના શોખીનોને થવાનો છે. હાલમાં બ્રિટનથી આવતી કારો પર ૧૧૦ ટકા જેટલો ઊંચો ટેક્સ લાગે છે, જેને હવે ઘટાડીને ૩૦ ટકા કરવામાં આવ્યો છે. ખાસ કરીને ૩૦૦૦ સીસીથી વધુ પેટ્રોલ અને ૨૫૦૦ સીસીથી વધુ ડીઝલ ક્ષમતા ધરાવતી ૧૦,૦૦૦ કારોને આ નવી કર નીતિનો સીધો લાભ મળશે. આગામી વર્ષોમાં આ ટેક્સને તબક્કાવાર ઘટાડીને માત્ર ૧૦ ટકા સુધી લાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ફેરફારથી રેન્જ રોવર, ડિફેન્ડર, બેન્ટાયગા અને રોલ્સ-રોયસ જેવી અદ્યતન બ્રાન્ડ્સના ભાવમાં ધરખમ ઘટાડો આવશે. તે જ રીતે, સ્કોચ વ્હિસ્કી પરનો ટેક્સ પણ ૧૫૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા સુધી લાવવામાં આવશે, જે કિંમતોમાં અંદાજે ૧૧૦ ટકાનો ઘટાડો લાવી શકે છે.

આ ડીલ માત્ર આયાત સુધી મર્યાદિત નથી, પરંતુ તે ભારતીય નિકાસકારો માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. બ્રિટન સરકારે ભારતના ૯૯ ટકા સામાન પરની ડ્યુટી નાબૂદ કરી દીધી છે. અત્યાર સુધી ભારતીય કાપડ, કેમિકલ્સ અને બેઝ મેટલ્સ જેવી વસ્તુઓ પર બ્રિટનમાં ૮ થી ૧૨ ટકા ટેક્સ લાગતો હતો, જે હવે શૂન્ય ટકા થઈ જશે. આનાથી ભારતીય ઉદ્યોગો બ્રિટનના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે અને નિકાસમાં ભારે ઉછાળો આવવાની અપેક્ષા છે. મીડિયા અહેવાલ મુજબ, આ કરાર બંને દેશોના અર્થતંત્રને નવી ગતિ આપશે.આર્થિક નિષ્ણાતોના મતે, આ મુક્ત વેપાર કરાર ભારત અને બ્રિટન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ડીલ હેઠળ પ્રથમ વર્ષે જ ૨,૫૦૦ કોમર્શિયલ વાહનોની આયાતને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે ઈલેક્ટ્રિક અને હાઈડ્રોજન કાર માટે અલગ ક્વોટા રાખવામાં આવ્યો છે. સરકારનો આ નિર્ણય મેક ઈન ઈન્ડિયા પહેલને પણ પ્રોત્સાહન આપી શકે છે.

## FIU-IND ને આંતરરાષ્ટ્રીય સ્તરે મળ્યું મોટું સન્માન

નવી દિલ્હી: ભારતની ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (FIU-IND) એ નાણાકીય ગુનાઓ સામેની લડાઈમાં એક વૈશ્વિક સિદ્ધિ મેળવી છે. સાયબર ફ્રોડના એક મોટા કેસની તપાસ માટે આ સંસ્થાને 'બેસ્ટ એગમોન્ટ કેસ એવોર્ડ' (BECA) ૨૦૨૬ માં રનર-અપ જાહેર કરવામાં આવી છે. અઝરબૈજાનના બાકુ ખાતે યોજાયેલી એગમોન્ટ ગ્રુપની પ્લેનરીમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. એગમોન્ટ ગ્રુપના ૧૮૨ સભ્ય દેશોમાંથી ભારતની પસંદગી થવી એ દેશની મજબૂત નાણાકીય ગુપ્તચર પ્રણાલીનો પુરાવો છે.આ કેસની શરૂઆત 'ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર' (I4C) દ્વારા શેર કરવામાં આવેલી માહિતીથી થઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, FIU-IND દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં અંદાજે ૮૬૮ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનું એક જટિલ નેટવર્ક બહાર આવ્યું હતું. તપાસમાં ૫,૦૦૦ થી વધુ 'મ્યુલ' બેંક ખાતાઓ અને અનેક દેશોમાં ફેલાયેલા ક્રિપ્ટોકરન્સી વ્યવહારો મળી આવ્યા હતા. આ તપાસ ભારતની મજબૂત ઓપરેશનલ એનાલિસિસ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માહિતીની આપ-લે કરવાની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

## શેરમાં પંચાણું ટકા કડાકાથી કંપની ગંભીર આર્થિક સંકટમાં

# એરિક ટ્રમ્પની કંપનીમાં રોકાણકારોના અબજો રૂપિયાનો મોટો ફટકો

વોશિંગ્ટન: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પની માલિકીની 'અમેરિકન બિટકોઈન કોર્પ' હાલમાં ગંભીર નાણાકીય સંકટનો સામનો કરી રહી છે. એક સમયની આ આશાસ્પદ કંપનીના શેરમાં છેલ્લા ૧૦ મહિનામાં ૯૫ ટકાથી વધુનો ભયંકર કડાકો નોંધાયો છે. આ આર્થિક તોફાનને કારણે એરિક ટ્રમ્પની પોતાની નેટવર્થમાં અંદાજે ૬૦૦ મિલિયન ડૉલર એટલે કે લગભગ ૫૭૨૨ કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે, જેણે બજારમાં ભારે ચર્ચા જગાવી છે.કંપનીની બજારમાં શાખ એટલી હદે કથળી ગઈ છે કે તેણે નૅસ્ડેક એક્સચેન્જમાં પોતાનું લિસ્ટિંગ ટકાવી રાખવા માટે 'રિવર્સ સ્ટોક સ્પ્લિટ' જેવી આકરા પગલાં લેવાની ફરજ પડી હતી. આ પ્રક્રિયા અંતર્ગત ૧૫ જૂના શેરને જોડીને ૧ નવો શેર બનાવવામાં આવ્યો હતો, પરંતુ આ પ્રયાસ પણ કંપનીને ડૂબતી બચાવવામાં નિષ્ફળ રહ્યો છે. હાલમાં કંપનીનો શેર તેના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચી ગયો છે, જેના કારણે એરિક ટ્રમ્પની સાથે સાથે



તેમાં રોકાણ કરનારા હજારો સામાન્ય રોકાણકારોના નાણાં પણ જોખમમાં મુકાઈ ગયા છે. અમેરિકન બિટકોઈન કોર્પની નિષ્ફળતાનું મુખ્ય કારણ તેની પરંપરાગત અને જીદ્દી વ્યવસાયિક વ્યૂહનીતિ છે. જ્યારે બજારમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો દબદબો વધી રહ્યો હતો અને અન્ય સ્પર્ધક કંપનીઓ પોતાની જમીન અને વીજળીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ ડેટા સેન્ટર બનાવવા માટે કરી રહી હતી, ત્યારે એરિક ટ્રમ્પની કંપની માત્ર બિટકોઈન માઈનિંગ પર જ મક્કમ રહી હતી.

## PM મોદીના નેતૃત્વમાં ભારતનું આર્થિક પરિવર્તન


નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે હાંસલ કરેલી આર્થિક પ્રગતિના વિશ્વભરમાં વખાણ થઈ રહ્યા છે. ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને ભારતની આ પ્રગતિને 'અદભૂત પરિવર્તન' ગણાવી છે. ઓકલેન્ડમાં એક કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા લક્સને જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના શાસનકાળમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા છે અને ભારતનો મધ્યમ વર્ગ જે હાલમાં ૪૪ કરોડની સંખ્યામાં છે, તે ૨૦૩૦ના અંત સુધીમાં ૭૫ કરોડ સુધી પહોંચી જશે.લક્સને ભારત સાથેના પોતાના જૂના સંબંધોને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૯૯૦ના દાયકાના મધ્યમાં જ્યારે તેઓ યુનિલિવર માટે ભારત આવ્યા હતા, ત્યારે સ્થિતિ ઘણી અલગ હતી. તેમણે કહ્યું, "ત્યારે લોકો તેમના રોજિંદા વેતન સિક્કાઓના સ્વરૂપમાં હાથમાં મેળવતા હતા. આજે ભારતની જે સફર મેં નિમ્ન-આવકથી મધ્યમ-આવક અને હવે ઉચ્ચ-આવક તરફ જોઈ છે, તે અત્યંત પ્રેરણાદાયી અને રોમાંચક છે.

## જાપાનમાં નાદારીનો આંકડો બાર વર્ષમાં સૌથી ઉંચો

# જાપાનમાં નાદારીનો રેકોર્ડ તોડતી પાંચ હજારથી વધુ કંપનીઓ

ટોક્યો: જાપાનના વેપાર જગત માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વર્તમાન વર્ષના પ્રથમ છ મહિનામાં જાપાનમાં ૫૩૦૦થી વધુ કંપનીઓએ નાદારી નોંધાવી છે, જે છેલ્લા ૧૨ વર્ષનો સૌથી ઊંચો આંકડો છે. સતત પાંચમા વર્ષે કંપનીઓની નાદારીમાં જોવા મળેલો આ વધારો દેશની અર્થવ્યવસ્થા સામે ઊભા થયેલા ગંભીર પડકારો તરફ ઈશારો કરે છે. આ આંકડાઓ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની કફોડી હાલત છતી કરે છે.

મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, જાપાનના વેપારગૃહો હાલમાં અનેક મોરચે લડી રહ્યા છે. વધતી જતી મોંઘવારી, સ્થાનિક ચલણ યેનનું સતત અવમૂલ્યન અને કર્મચારીઓની ભારે અછતને કારણે કંપનીઓનો વેપાર કરવો અતિ મુશ્કેલ બની ગયો છે. આ ઉપરાંત, લોન પરના વ્યાજ દરમાં થયેલો વધારો કંપનીઓના દેવાના બોજને વધુ ભારે બનાવી રહ્યો છે. ઉદ્યોગો માટે કાચા માલના




ખર્ચમાં થયેલો વધારો અને વેચાણમાં નરમાઈ આવવાથી તેમની નફાકારકતા પર પ્રતિકૂળ અસર પડી છે.

આ નાદારીની લહેરની સૌથી વધુ અસર નાના અને મધ્યમ કદના વેપારગૃહો પર જોવા મળી છે. પ્રાપ્ત આંકડા મુજબ, નાદારીમાં ગયેલી કુલ કંપનીઓમાંથી ૯૦ ટકાથી વધુ કંપનીઓ એવી હતી જેમાં કર્મચારીઓની સંખ્યા ૧૦થી પણ ઓછી હતી. આ દર્શાવે છે કે નાના વેપારીઓ માટે બજારની વર્તમાન સ્થિતિ ટકી રહેવા માટે સાનુકૂળ નથી. વધુમાં, ૮૦ ટકા કંપનીઓના માથે ૧૦ કરોડ યેનથી ઓછું દેવું હતું, છતાં તેઓ પોતાના સંચાલન ખર્ચને પહોંચી વળવામાં નિષ્ફળ રહ્યા હતા.

સામાન્ય રીતે નાના વેપારો બંધ થવા એ આર્થિક ચક્રનો ભાગ ગણાય છે, પરંતુ આ વખતે સ્થિતિ વધુ ગંભીર છે. એક અબજ યેન કે તેથી વધુના દેવાબોજ સાથે નિષ્ફળ ગયેલી કંપનીઓની સંખ્યા ૧૧૪ પર પહોંચી છે. છેલ્લા ૧૨ વર્ષમાં એવું પહેલીવાર બન્યું છે કે વર્ષના પ્રથમ છ મહિનામાં જ આટલી મોટી સંખ્યામાં મોટી કંપનીઓ દેવાળું ફૂંકી ચૂકી હોય. આ આંકડા ખાસ કરીને શ્રમ-આધારિત ઉદ્યોગો અને ઉપભોક્તા માલસામાન બનાવતી કંપનીઓની દયનીય સ્થિતિને સ્પષ્ટ કરે છે.

ટોક્યો શોકો રિસર્ચના અહેવાલ મુજબ, જો આર્થિક સ્થિતિ અને કર્મચારીઓની ઉપલબ્ધતામાં સુધારો નહીં આવે, તો આગામી સમયમાં નાદારીનો આંકડો વધુ વધી શકે છે. જાપાન જેવી વિકસિત અર્થવ્યવસ્થામાં આ પ્રકારનું આર્થિક દબાણ સરકાર અને નીતિ નિર્ધારકો માટે મોટો પડકાર છે.


## TCSનો નફો 4.6% વધીને 13,349 કરોડ રૂપિયા અને રેવેન્યુ 72,275 કરોડ રૂપિયા રહ્યો

# 10,000 લોકોને રોજગારી... TCSમાં બંપર હાયરિંગ તો બંપર કમાણી કરતી માઈક્રોસોફ્ટમાં 4800 છટણી

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ટેક જગતની બે દિગ્ગજ કંપનીઓ તરફથી આઈટી સેક્ટરને લઈને સાવ વિરોધાભાસી સમાચાર સામે આવ્યા છે. એક તરફ દેશની સૌથી મોટી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) એ નોકરીઓમાં કાપની ચિંતાઓને ફગાવીને બમ્પર ભરતી કરી છે. બીજી તરફ, વિશ્વની ચોથી સૌથી મોટી ટેક કંપની માઈક્રોસોફ્ટે મોટા પાયે છટણી કરીને બધાને ચોંકાવી દીધા છે.

TCSના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) કે. કૃતિવાસને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના કારણે નોકરીઓ જવાની વાતોને માત્ર અફવા ગણાવી છે. કંપનીના ત્રિમાસિક પરિણામો બાદ તેમણે સ્પષ્ટ કર્યું કે, 'એઆઈના વધતા ઉપયોગ છતાં કંપનીમાં કર્મચારીઓ ઘટશે નહીં, પણ વર્કફોર્સ વધતો રહેશે.' આ દાવો આંકડામાં પણ દેખાય છે. જૂન ક્વાર્ટરમાં TCSએ રેકોર્ડબ્રેક 9,279 નવા કર્મચારીઓ ઉમેર્યા છે, જે છેલ્લા 4




વર્ષમાં કોઈ એક ક્વાર્ટરમાં થયેલો સૌથી મોટો વધારો છે. આ સાથે જ કંપનીના કુલ કર્મચારીઓની સંખ્યા 5,93,798 પર પહોંચી ગઈ છે. કંપની નવી ટેકનોલોજી માટે પોતાના સ્ટાફને ટ્રેન્ડ કરવાનું ચાલુ રાખશે. આ ક્વાર્ટરમાં TCSનો નફો 4.6% વધીને 13,349 કરોડ રૂપિયા અને રેવેન્યુ 72,275 કરોડ રૂપિયા રહ્યો છે.બીજી તરફ માઈક્રોસોફ્ટનો અહેવાલ આંચકો આપનારો છે. માર્કેટ કેપમાં દુનિયાની ટોચની કંપનીઓમાં સામેલ માઈક્રોસોફ્ટ દર કલાકે 367 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરે છે, છતાં કંપનીએ 4,800 કર્મચારીઓને નોકરીમાંથી મુક્ત કરવાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે તાજેતરમાં જ 1,600 લોકોને તાત્કાલિક અસરથી કાઢી મૂકાયા છે, જ્યારે બાકીના 3,200 લોકોને આગામી 1 વર્ષમાં તબક્કાવાર મુક્ત કરાશે. માઈક્રોસોફ્ટના ચીફ પીપલ ઓફિસર એમી કોલમેને કર્મચારીઓને મોકલેલા સંદેશમાં જણાવ્યું હતું કે, 'ભલે AI સીધી રીતે નોકરીઓ છીનવી રહ્યું નથી, પરંતુ તે કામ કરવાની પદ્ધતિને બદલી રહ્યું છે.' હાલમાં OpenAI જેવી કંપનીઓ સાથેની હરીફાઈમાં મોખરે રહેવા માટે માઈક્રોસોફ્ટ પર ભારે દબાણ છે. તેથી કંપની પોતાના બિન-નફાકારક વિભાગોમાંથી નાણાં બચાવીને તેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રોજેક્ટ્સમાં લગાવી રહી છે. માઈક્રોસોફ્ટે વર્ષ 2026 સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર પાછળ 190 બિલિયન ડોલર ખર્ચવાનો મોટો લક્ષ્યાંક રાખ્યો છે. જોકે, છટણી કરાયેલા કર્મચારીઓને કંપની નિયમ મુજબ આર્થિક અને હેલ્થ ઈન્સ્યોરન્સની મદદ પૂરી પાડશે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 13

## ઉ.પ્ર. વિધાનસભાની ચૂંટણી માટે સપામાં અત્યારથી ખેંચતાણ

ઉત્તરપ્રદેશમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં સપા અને કોંગ્રેસ ગઠબંધન વચ્ચે ટિકિટ વહેંચણી મુદ્દે ખેંચતાણ શરૂ થઈ છે. મેરઠ દક્ષિણ, સીવાલ ખાસ અને કેન્ટ જેવી મહત્વપૂર્ણ બેઠકો પર સપાના 10 નેતાઓ ટિકિટ માટે દાવેદારી કરી રહ્યા છે, જોકે ગઠબંધન મુજબ આમાંથી 2 બેઠકો કોંગ્રેસને આપવાની થશે. આંતરિક વિવાદ સપા માટે માથાનો દુખાવો બન્યો છે.૨૦૨૭માં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે અત્યારથી જ રાજકીય ખેંચતાણ ચાલુ થઈ ગઈ છે. મીશન ૨૦૨૭ સફળ બનાવવા સમાજવાદી પાર્ટી અને કોંગ્રસનું ઈન્ડિયા ગઠબંધન ભલે જમીની રણનીતિ બનાવવામાં વ્યસ્ત હોય, પરંતુ જિલ્લા સ્તરે પરિસ્થિતિ અલગ છે. જિલ્લા સ્તરે ગઠબંધનમાં સપાના સ્થાનિક નેતાઓએ ટિકિટ માટે અત્યારથી જ દાવેદારી શરૂ કરી દીધી છે. સપાના સિનિયર નેતાઓ આ કારણે ટેન્શનમાં આવી ગયા છે. મેરઠ દક્ષિણ, સીવાલ ખાસ અને મેરઠ કેન્ટ જેવી મહત્ત્વની બેઠકો પર સમાજવાદી પક્ષની અંદર ટિકિટ માટે ધમાસાણ ચાલુ થઈ ગયું છે. જોકે ગઠબંધનની શરતો પ્રમાણે આ બેઠકોમાંથી બે બેઠકો કોંગ્રેસને આપવી પડે એમ છે. મેરઠ દક્ષિણ, સિવાલ ખાસ અને કેન્ટ વિધાનસભા બેઠકો પર સપાના લગભગ ૧૦ નેતાઓ છેલ્લા થોડા મહિનાઓથી ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. આ નેતાઓ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાની તરફેણમાં નથી.પંજાબ કોંગ્રેસમાં નેતૃત્વ માટે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદનો ઉકેલ લાવવા તમામ પક્ષો સક્રિય છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજિત સિંહ સન્ની પંજાબના પ્રભારી ભૂપેશ બઘેલને મળી શકે છે. જોકે કોંગ્રેસ હાઈકમાન્ડે કહી દીધું છે કે, પંજાબ કોંગ્રેસના નેતૃત્વ બાબતે લીધેલો નિર્ણય બદલવામાં આવશે નહીં. પંજાબ કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અને વિધાનસભા પક્ષના નેતા બાબતે ખેંચતાણ ચાલી રહી છે. રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના ટોચના નેતાઓ મક્કમ છે કે, અમરિંદર સિંહ રાજા વડીંગને પ્રદેશ પ્રમુખ તેમજ પ્રતાપ સિંહ બાજવાને વિધાનસભા પક્ષના નેતા બનાવવાનો નિર્ણય આખરી છે. એ બાબતે પુન:વિચાર નહીં થાય. બઘેલ સાથે મુલાકાત કરતા પહેલા ચન્ની પોતાના ટેકેદારો સાથે વાતચીત કરશે. ટેકેદારોનું શું માનવું છે એ જાણ્યા પછી ચન્ની છેવટનો નિર્ણય લેશે. કેન્દ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ખાસ અપીલ કરી છે. તેમણે અમિત શાહને કહ્યું છે કે, કર્ણાટક પરમેનન્ટ રેસિડન્ટ સર્ટિફિકેટ (પીઆરસી) ૨૦૨૬ બાબતે તાત્કાલીક હસ્તક્ષેપ કરે. આ માટે એમણે બંધારણીય અને રાષ્ટ્રીય સુરક્ષાને આગળ કર્યા હતા. કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારે પાત્ર નાગરીકોના નામ મતદાર યાદીમાં આવે એ માટે એસઆઈઆર અભિયાનમાં મદદ કરવા પરમેનન્ટ રેસિડન્ટ સર્ટિફિકેટ આપવાની જાહેરાત કરી છે. એમનું કહેવું છે કે, સરકારનું આ પગલું મતદારોના નામ મતદાર યાદીમાંથી દુર કરતા રોકશે. જોકે શોભા કરંદલાજે આ વાત સાથે સહમત નથી. શાહને લખેલા પત્રમાં એમનું કહેવું છે કે, 'આ પત્ર લખીને હું તમને કર્ણાટક સરકારના નિર્ણય બાબતે હસ્તક્ષેપ કરવાની માંગણી કરી રહી છું. પીઆરસી બાબતે કર્ણાટક સરકાર ગંભીર બંધારણીય અને સુરક્ષાની ભૂલ કરી રહી છે.'સુપ્રિમ કોર્ટે એક ચુકાદો આપતા ટીપ્પણી કરી હતી કે, કોઈ સ્કૂલના અધિકારીને બાળકના યૌન શોષણની ફરિયાદ મળે તો તેઓ પોતે તપાસ કરીને કિસ્સાને દબાવી શકે નહીં. અધિકારી આવા બનાવની ફરિયાદ કરવાની જવાબદારીમાંથી બચી શકે નહીં. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે, બાળકોના યૌન અપરાધ સંરક્ષણ એક્ટ ૨૦૧૨ની કલમ ૧૩ હેઠળ આવી ઘટનાનો રીપોર્ટ કરવો પોક્સો એક્ટની કલમ ૨૧ હેઠળ જવાબદારી બને છે. જો આમ ન કરવામાં આવે તો ૬ મહિનાની જેલ કે દંડની સજા થઈ શકે છે. એક સ્કૂલના પ્રિન્સીપાલ પર આરોપ હતો કે એમણે સિનિયર વિદ્યાર્થી દ્વારા ૮ વર્ષની વિદ્યાર્થિની પર કરેલા દુષ્કર્મની ફરિયાદને દબાવી દીધી હતી. હવે સુપ્રિમ કોર્ટના જસ્ટીસ મનોજ મિશ્રા અને જસ્ટીસ કે વી વિશ્વનાથનની બેંચે આ બાબતે સ્કૂલના પ્રિન્સીપાલને નિર્દોષ ઠેરવવાનો હુકમ રદ કર્યો છે.વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર પછી મમતા બેનર્જીને સતત પછડાટ મળી રહી હતી. તૃણમુલ કોંગ્રેસના એમના મોટા ભાગના સાથીદારો એમને છોડી ગયા હતા. એમના ભત્રીજા અભિષેક બેનર્જી સામે જાતભાતના કેસ કરવામાં આવ્યા. તૃણમુલ કોંગ્રેસના બેન્ક એકાઉન્ટો સીઝ કરવામાં આવ્યા. હવે એમ લાગે છે કે, મમતા બેનર્જીના ગ્રહો સુધરી રહ્યા છે. કલકત્તા હાઈકોર્ટે તૃણમુલ કોંગ્રેસના ફ્રીજ કરેલા ત્રણ બેન્ક એકાઉન્ટોનું સંચાલન કરવા માટે એક વિશેષ અધિકારીની નિમણૂક કરી છે. બીજી તરફ કોર્ટે ભૂતપૂર્વ મંત્રી અરૂપ વિશ્વાસ પર કોર્ટે કમ્પાઉન્ડમાં ઈંડા ફેકવાની ઘટના બાબતે પણ કડક ટીપ્પણી કરી છે.

## સંસ્કૃતિધામ વાસુરના ગામમાં શિવાશ્રય તેજસ્વીની છાત્રાલયમાં સેવા, શિક્ષણ અને સંસ્કારનો અનોખો સંગમ



ડાંગ જિલ્લામાં સંસ્કાર અને સંજીવની જીવન ના વિચારો નું ખરા અર્થમાં મૂલ્યાંકન અને શિક્ષા ના પાઠ ભણાવતું એ તેજસ્વીની સંસ્કૃતિધામ, વાસુરણા સંચાલિત તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર માન્યતા પ્રાપ્ત શિવાશ્રય તેજસ્વીની છાત્રાલયમાં શિક્ષા, સંસ્કાર અને સહયોગનો સુંદર ત્રિવેણી સંગમ સર્જાયો હતો.

આ પ્રસંગે અનાવિલ સૈયરસખા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રણેતા વિભૂતિબેન દેસાઈ તથા તેમની સમગ્ર સહયોગી ટીમે બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદીના સાનિધ્યમાં સંચાલિત છાત્રાલયમાં નિવાસ કરતી 50 બાલિકાઓને જીવન જરૂરિયાતની વિવિધ સામગ્રીનું દાન કર્યું. જેમાં પેટીઓ, દફતર, છત્રીઓ, કટલરીનો સામાન, ઈન્ડોર ગેમ્સ, કપડાં સહિતની ઉપયોગી વસ્તુઓનો સમાવેશ થયો.

કાર્યક્રમ દરમિયાન પૂજ્ય હેતલ દીદી દ્વારા મહેમાનોનું પરંપરાગત રીતે પુષ્પને બદલે પુસ્તક અને ખેસ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ છાત્રાલયની દીકરીઓએ પ્રાર્થના, સ્વાગતગીત અને મનમોહક ડાંગી લોકનૃત્ય રજૂ કરી સૌનું હાર્દિક સ્વાગત કર્યું. પ્રસંગે પૂજ્ય બી.પી. દ્વારા ઉપસ્થિત સૌને ધ્યાન કરાવી આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું.

છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ગુણવત્તાસભર શિક્ષણ, શિસ્ત, સ્વચ્છતા અને સંસ્કારથી પ્રભાવિત થઈ અનાવિલ સૈયરસખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રોકડ દાન પણ અર્પણ કરવામાં આવ્યું તેમજ ભવિષ્યમાં પણ વધુ સહયોગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

કાર્યક્રમને સફળ બનાવવા હરીશભાઈ, પૂજા, સુષ્મા, ભૂમિ, પ્રણીતા, દીપ્તિ, કલ્પના, રીના, રંજના, યોગેશભાઈ, વિનયભાઈ સહિત અનાવિલ સૈયરસખા પરિવાર તેમજ તેજસ્વીની સંસ્કૃતિ પરિવારના તમામ સભ્યોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

## આયુષ્માન આરોગ્ય મંદિર લખપત ખાતે શાળાના બાળકોનું હેલ્થ ચેકઅપ અને TiD રસીકરણ કરાયું

મહેશ એલ. સોના નખત્રાણા



આયુષ્માન આરોગ્ય મંદિર લખપત ખાતે તારીખ: ,૧૦/૭/૨૦૨૬ ના રોજ પ્રાથમિક શાળાના બાળકોનો આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોનું વજન, ઉંચાઈ અને Hb ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમજ બાળકોને TiD રસીકરણ પણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં RBSK MO પૂજાબેન, RBSK MO હરદેવસિંહ , FFW નીતાબેન, CHO પ્રિયંકાબેન અને MPHW પ્રશાંતભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કામગીરીમાં સહયોગ આપ્યો હતો.

આરોગ્ય ટીમ દ્વારા બાળકોમાં કુપોષણ અને એનિમિયાને રોકવા માટે વજન-ઉંચાઈની તપાસ સાથે Hb નું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. જરૂરિયાત મુજબ બાળકોને યોગ્ય માર્ગદર્શન અને સારવાર અંગે માહિતી પણ આપવામાં આવી. TiD રસીકરણ દ્વારા બાળકોને ટિટાનસ અને ડિપ્થેરિયા જેવા રોગોથી રક્ષણ મળે તે માટેની કામગીરી કરવામાં આવી.

આરોગ્ય મંદિર દ્વારા શાળાના બાળકોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને નિયમિત આવા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવશે તેવું એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## ધરમપુરમાં 20 ગાંજાના છોડસાથે યુવકઝડપાયો

### SOGએ ₹9.55 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, અંતરિયાળ વિસ્તારમાં વાવેતર

(એજન્સી) વલસાડ | તા.11

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કોસીમપાડા ગામમાં ગેરકાયદેસર ગાંજાના વાવેતરનો પર્દાફાશ થયો છે. વલસાડ SOGએ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ખેતીની જમીનમાંથી 20 લીલા ગાંજાના છોડ સાથે એક યુવકની ધરપકડ કરી હતી. પોલીસે કુલ 9.55 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને PI ડી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ PSI એસ.આર. સુસલાદે અને SOGની ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. બાતમી મુજબ, ધરમપુરના કોસીમપાડા ગામના બારીપાડા ફળિયામાં આવેલી ખેતીની જમીન પર દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન, અજયભાઈ શંકરભાઈ કુંવર (ઉં.વ. 31, રહે. કોસીમપાડા) નામના યુવકને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં જમીનમાંથી 19 કિલોગ્રામ વજનના 20 લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા, જેની અંદાજિત કિંમત 9.50 લાખ છે. આરોપી પાસેથી 5 હજારનો મોબાઈલ ફોન પણ જપ્ત કરાયો હતો, આમ કુલ 9.55 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે.

આરોપી સામે ધરમપુર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ 8(B)(C), 20(A), 20(B)(II)(B) અને 29 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ધરમપુર પોલીસ આ સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

## ઈન્ટેકવેલ-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સમારકામ

### સેલવાસમાં બે દિવસ પાણીનો પુરવઠો બંધ

(એજન્સી) વલસાડ | તા.11

સેલવાસ નગરપાલિકા દ્વારા પાણી પુરવઠા ઈન્ટેક વેલ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમા આવશ્યક સમારકામ અને જાળવણીના કામોના કારણે 10 જુલાઈના રોજ સવારે 11:00વાગ્યાથી 11 જુલાઈના રોજ બપોરે 12:00 વાગ્યા સુધી પાણી પુરવઠો કામચલાઉ બંધ રહેશે.નાગરિકોને પીવાના પાણીની સલામત વિશ્વસનીય અને કાર્યક્ષમ પુરવઠો ચાલુ રાખવા માટે જાળવણી કાર્ય હાથ ધરવામા આવ્યુ છે.આ સમયગાળા દરમ્યાન પાલિકા દ્વારા પાણી પુરવઠો આપવામાં આવતા વિસ્તારોમાં પાણી પુરવઠો પ્રભાવિત રહેશે.બંધ સમયગાળા દરમ્યાન તમામ રહેવાસીઓને અગાઉથી પૂરતો પાણી સંગ્રહ કરવા અને તેનો



વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવાયું છે.

ચોમાસાની સિઝનમાં બે દિવસ લોકો પાણી વગરના રહેશે. જો કે થોડા દિવસો પહેલા ચણોદ,સલવાવ અને તંબાડીમાં ત્રણ દિવસ પાણીની લાઈનમાં ભંગાણના કારણે લોકો પાણી વગરના રહ્યા હતાં. વરસાદની સિઝનમાં પણ પાણી કાપથી લોકોમાં તંત્ર સામે આક્રોશ વધી રહ્યો છે. આમ પાણી કાપ બંધ કરવો જોઈએ.

## પાલિકા પર પોલીસ કોંગ્રેસ કાર્યકરોને ઊંચકી ગઇ

### વલસાડમાં ગટરના પાણીની રજૂઆત મુદ્દે વિવાદ વકર્યો

(એજન્સી) વલસાડ | તા.11

વલસાડ શહેરમાં નગરપાલિકાના મુખ્ય અધિકારીની કાર્યવાહીના અભાવે ગટરોના ગંદાપાણીનો નિકાલ ન થતાં જાહેર રસ્તા પર અને તિથલ રોડ પર શનિદેવ મંદિર તરફ જતી ગટરના દૂષિત પાણીથી શહેરીજનો ત્રાસી ગયા છે. આ મુદ્દે વલસાડ યુથ કોંગ્રેસના કાર્યકરોએ બોટલોમાં ગંદુ પાણી ભરી પાલિકા કચેરીમાં સીઓ અને પ્રમુખને આપવા ગયા પરંતું તેમને પ્રવેશતા અટકાવવા પાલિકાનો મેઈન ગેટ જ બંધ કરી દેવાયો હતો.

જેને લઈ ભારે અફરાતફરી, સૂત્રોચ્ચારો અને વિરોધ વચ્ચે. પોલીસ કોંગ્રેસ કાર્યકરોને જીપમાં ઉંચકી ગઈ હતી.તિથલ રોડ પર પોશ એરિયામાંથી પસાર થતી ગટરનું ગંદું અને કાળું પાણી વહેતું હોવા છતાં નગરપાલિકાના સત્તાધીશો, ચીફ ઓફિસર દ્વારા આ મુદ્દે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

જેના કારણે યુવા કોંગ્રેસકાર્યકરોએ ગટરનું પાણી બોટલમાં ભરી પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને તેમની કેબિનમાં જઈને આપવા પાલિકા કચેરીમાં મોરચો લઈ જઈ હાયરે નગરપાલિકાના સૂત્રોચ્ચારો પોકારતા હતા તે પહેલાં પોલીસ ગોઠવી દેવાઈ હતી અને પાલિકાનો મુખ્ય ગેટ બંધ કરી દેવાયો હતો,પરંતું કાર્યકરો ઉપર ચઢીને પરિસરમાં પ્રવેશતા હતા ત્યારે સિટી પોલીસે કાર્યકરોની અટકાયત કરી જીપમાં બેસાડી પોલીસ મથકે લઈ જતાં કાર્યકરોમાં રોષ ફેલાયો હતો. આમ ગટરના પાણી મુદ્દે વિવાદ થયો હતો.

## ગેરકાયદે સિંહદર્શન કરનાર મૃતક સહિત ત્રણ સામે ગુનો દાખલ

(એજન્સી) અમરેલી | તા.11

અમરેલી જિલ્લાના લીલીયા રેન્જ હેઠળ આવતા અંટાળિયા વિસ્તારમાં બે દિવસ પહેલા સિંહના મેટિંગ દરમિયાન ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરી વન્યજીવને પરેશાન કરવા જતાં સિંહના હુમલામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ ગંભીર ઘટના પગલે રાજ્ય સરકારના કડક આદેશ બાદ, લિલિયા વન વિભાગે ત્વરિત કાર્યવાહી હાથ ધરી વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા શખ્સોએ ગુનાના પુરાવાનો નાશ કરવા મોબાઈલ ડેટા ડિલીટ કરી નાખ્યો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

લીલીયા આરએફઓ વત્સલ પંડ્યાના જણાવ્યા અનુસાર, અંટાળિયા વિસ્તારમાં કુલ ત્રણ વ્યક્તિઓ દ્વારા સિંહની પજવણી કરવામાં આવી રહી હતી, જે દરમિયાન સિંહે હુમલો કરતા એકનું મોત થયું હતું. વન વિભાગે આ મામલે મૃતક અહેમદ રફીકભાઈ મુંજાવર ઉર્ફે સોહિલ મેમણ સહિત તેના અન્ય બે સાથીદારો રેહાનખાન પઠાણ (રહે. કસબા વિસ્તાર, અમરેલી) અને યશરાજસિંહ વાજા (રહે. સાવરકુંડલા) સામે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

વન વિભાગની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા બંને આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓ માત્ર સિંહ જોવા અને તેને પરેશાન કરવાના ઈરાદે જ ત્યાં ગયા હતા. જોકે, ઘટનાની ગંભીરતા છુપાવવા માટે આરોપીઓએ પોતાના મોબાઈલનો તમામ ડેટા નાશ કરી દીધો હતો. આ કેસમાં અન્ય લોકોની સંડોવણી હોવાની પણ આશંકા છે, જેથી ડિલીટ થયેલો ડેટા રીકવર કરવા માટે વન વિભાગ દ્વારા બંને આરોપીઓના મોબાઈલ ફોન FSL માં મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.

## ભરૂચ KMCRIના ઈન્ટર્નડોક્ટરો અનિશ્ચિત હડતાલ પર

### સ્ટાઈપેન્ડ વધારાની માંગ: મેનેજમેન્ટે માત્ર રૂ. 500 વધાર્યા; આરોગ્ય સેવાઓ પર અસર પડવાની શક્યતા

(એજન્સી) ભરૂચ | તા.11

ભરૂચ સ્થિત કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (KMCRI)ના 2021-22 બેચના ઈન્ટર્ન ડોકટરોએ સ્ટાઈપેન્ડ વધારાની માંગ સાથે અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી છે.સિવિલ હોસ્પિટલ ખાતે 150થી વધુ ઈન્ટર્ન ડોકટરો એકઠા થયા હતા. તેમણે મેનેજમેન્ટ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરીને સરકારના નિયમ મુજબ સ્ટાઈપેન્ડ ચૂકવવાની માંગ કરી હતી.




વિરોધ કરી રહેલા ઈન્ટર્ન ડોકટરોના જણાવ્યા અનુસાર, ઈન્ટર્નશિપની શરૂઆતમાં સંસ્થાના સત્તાધીશો દ્વારા સ્ટાઈપેન્ડમાં 23 ટકા વધારો કરવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, બે મહિનાના વિલંબ બાદ 9 જુલાઈએ ચૂકવાયેલા સ્ટાઈપેન્ડમાં માત્ર 3 ટકા એટલે કે આશરે રૂ. 500નો જ વધારો કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના કહેવા મુજબ, અગાઉની સિનિયર બેચને રૂ. 14,800 સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવતું હતું, જ્યારે વર્તમાન બેચને રૂ. 15,300 ચૂકવાયા છે. અન્ય મેડિકલ કોલેજોમાં રૂ. 21,000થી વધુ સ્ટાઈપેન્ડ મળતું હોવાથી, વિદ્યાર્થીઓએ સરકારના નિયમો અનુસાર રૂ. 21,800 સ્ટાઈપેન્ડ ચૂકવવાની માંગ કરી છે.

આંદોલનકારી વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ પર ગંભીર આક્ષેપો કર્યા હતા કે રજૂઆત કરવા છતાં સમસ્યાના ઉકેલ માટે કોઈ હકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું નથી. તેના બદલે, હડતાળ પર ઉતરેલા ઈન્ટર્ન ડોકટરોને વધારાની ડ્યૂટી સોંપવાની તેમજ ઈન્ટર્નશિપનો સમયગાળો વધારવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓએ ચીમકી ઉચ્ચારી હતી કે જ્યાં સુધી રૂ. 21,800 સ્ટાઈપેન્ડ ચૂકવવાનો નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી તેમની હડતાળ ચાલુ રહેશે.

## વડીયા મામલતદાર કચેરીના કર્મચારીનો ઈમાનદારીનો દાખલો



(એજન્સી) વડીયા | તા.11

વડીયા મામલતદાર કચેરીમાં એક અરજદારનો ભૂલાયેલો મોબાઈલ ફોન કચેરીના આઉટસોર્સ કર્મચારી રાજેશભાઈ ચુડાસમાએ પરત કર્યો હતો. આ ઘટનાએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મુકેશભાઈ જોટંગીયા નામના અરજદાર પોતાના હયાતીની ખરાઈના કામ અર્થે કચેરીએ આવ્યા હતા. કામગીરી પૂર્ણ થયા બાદ તેઓ ઉતાવળમાં પોતાનો કિંમતી મોબાઈલ ફોન કચેરીમાં જ ભૂલી ગયા હતા.

અરજદારના ગયા બાદ, કચેરીના આઉટસોર્સ કર્મચારી રાજેશભાઈ ચુડાસમાની નજર આ મોબાઈલ ફોન પર પડી. તેમણે સહેજ પણ વિલંબ કર્યા વિના, મુકેશભાઈનો સંપર્ક સાધ્યો અને તેમને કચેરીએ પરત બોલાવ્યા.

રાજેશભાઈએ મુકેશભાઈને તેમનો મોબાઈલ ફોન સંપૂર્ણ સુરક્ષિત રીતે સોંપ્યો. પોતાનો ગુમ થયેલો ફોન પરત મળતા મુકેશભાઈએ રાહતનો શ્વાસ લીધો અને રાજેશભાઈ તેમજ કચેરીના સ્ટાફનો આભાર માન્યો.

રાજેશભાઈ ચુડાસમાના આ પ્રશંસનીય અને ઈમાનદારીભર્યા કાર્ય બદલ સમગ્ર પંથકમાંથી તેમના પર અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

## અંકલેશ્વરના ગડખોલ નજીક ટ્રેક્ટર નહેરમાં ખાબક્યું

### વીજ પોલ તૂટ્યો, ચાલકનો આબાદ બચાવ થયો



(એજન્સી) ભરૂચ | તા.11

અંકલેશ્વરના ગડખોલ ગામ નજીક આજે એક ટ્રેક્ટર નહેરમાં ખાબક્યું હતું. આ અકસ્માતમાં ટ્રેક્ટર ચાલકનો આબાદ બચાવ થયો હતો. અયપ્પા મંદિર નજીક ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે ટ્રેક્ટર રસ્તા કિનારે આવેલા વીજ પોલ સાથે અથડાયું હતું.

અથડામણ એટલી જોરદાર હતી કે વીજ પોલ તૂટી ગયો હતો અને ટ્રેક્ટર સીધું નહેરમાં ખાબક્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે, ચાલકને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી. ઘટના બાદ જેસીબીની મદદથી નહેરમાં પડેલા ટ્રેક્ટરને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## જિલ્લાનો 75થી 80% ખેતી વિસ્તાર વરસાદ આધારિત

કચ્છ : કચ્છની ખેતી મોટેભાગે ચોમાસા પર નિર્ભર છે. જિલ્લાનો અંદાજે 75 થી 80 ટકા ખેતી વિસ્તાર બિનપિયત (વરસાદ આધારિત) છે, જ્યારે માત્ર 20 થી 25 ટકા વિસ્તારમાં જ પિયતની સગવડ છે. કચ્છમાં સરેરાશ વાર્ષિક વરસાદ 340 થી 380 મિ.મી. જેટલો જ નોંધાય છે, જેની અનિયમિતતા અને અસમાન વિતરણ ખેડૂતો માટે દર વર્ષે નવા પડકારો સર્જે છે. જોકે, ભચાઉ વિભાગીય સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકોની સલાહ માનીએ તો, વરસાદ ખેંચાય કે લાંબો વિરામ લે ત્યારે ગભરાવાને બદલે વૈજ્ઞાનિક ખેતી વ્યવસ્થાપન અપનાવવાથી પાકનું નુકસાન નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. અર્ધ-શુષ્ક અને ગરમ આબોહવા ધરાવતા કચ્છમાં ઓછા પાણીએ વધુ ઉત્પાદન આપતા અને દુષ્કાળ સહન કરી શકે તેવા પાકોનું આયોજન કરવું એ સમયની માંગ છે.

## ભરૂચની મહિલાએ 5 લાખની લાલચે 60 હજાર ગુમાવ્યાં

### તબીબ ભાઈ પાસે બહેન વારંવાર પૈસા માગતી હોવાથી અભયમની મદદ લેતાં ગઠિયાઓનો ભાંડો ફૂટયો

(એજન્સી) ભરૂચ | તા.11

ભરૂચમાં સાયબર ગઠિયાઓની નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. ભરૂચની એક મહિલાને અન્ય મહિલાની મારફતે ફસાવીને તેની પાસેથી રૂા. 60 હજાર પડાવી લેવામાં આવ્યાં છે. આ રકમનો આંકડો વધી શકે છે.

સાયબર માફિયાઓનો ભોગ બનેલી મહિલા તેના તબીબ ભાઈ પાસેથી વારંવાર પૈસાની માગણી કરતી હોવાથી તેના ભાઈને શંકા જતાં 181 અભયમ પર ફોન કર્યો હતો. અભયમની ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તે સાયબર માફિયાઓની જાળમાં ફસાઈને રૂપિયા ગુમાવ્યાં હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

181ની કાઉન્સેલર અને પીડિત મહિલા વચ્ચેની વાતચીત સામે લઈને આવી છે. મહિલાના કાઉન્સેલિંગ બાદ આખી ઘટના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પહોંચી છે. કાઉન્સેલર : તમે આખા કૌભાંડમાં કેવી રીતે ફસાયાં? પીડિતા : હું મારા બાળકને શાળાએ મુકવા માટે જતી હતી. ત્યારે એક બહેન પણ શાળાએ આવતાં હતાં. તેમણે મને કહ્યું કે તેમનો ભાઈ લંડનથી ગુજરાત આવતો હતો.

ત્યારે મુંબઈ એરપોર્ટ પર તેનું સોનું કબજે લેવાયું છે. આ સોનું છોડાવવા માટે તેમને પૈસાની જરૂર છે. મારું સોનું પાછું મળી જશે ત્યારે હું તમને રૂા. 5 લાખ આપી દઈશ. આ મહિલાની વાતની લાલચમાં આવીને મેં પૈસા આપવાનો નિર્ણય લીધો હતો.

મહિલાએ મને એક મોબાઈલ નંબર આપ્યો હતો. તેણે કહ્યું હતું કે તે મુંબઈ એરપોર્ટના ઈન્સ્પેક્ટરનો નંબર છે. મેં તે નંબર પર પહેલાં સાદો કોલ કર્યો. તેણે માત્ર વોટ્સએપ કોલ અને મેસેજ કરવા સૂચના આપી હતી.

## કચ્છમાં મેઘમહેર બદલે વેગીલા વાયરાથી ધુળનું સામ્રાજ્ય

ભુજ : અધિક જેઠ મહિના બાદનો જેઠ માસ પણ પૂર્ણતાભણી છે. ચાર દિવસ બાદ અષાઢ માસ શરૂ થશે તેમ છતાં કચ્છભરમાં મેઘરાજાએ મહેર નથી કરી અને તેની વિપરીત વેગીલા વાયરાનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે જેના પગલે ધરતીના તાતની સાથે માલધારીઓના ચહેરે ચિંતાની લકીરો તણાઈ છે. શુક્રવારે કચ્છમાં પ્રતિ કલાક સરેરાશ 25 કિલો મીટરની ગતિએ પવન ફૂંકાયો હતો. જિલ્લામાં સવારથી જ સમયાંતરે ધૂળની ડમરીનું સામ્રાજ્ય છવાયું હતું જેના પગલે ખાસ કરીને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. કયારેક પવનની ગતિ 40 કિલો મીટરે પણ પહોંચી હતી. દક્ષિણ-પશ્ચિમ દિશાએ ફૂંકાયેલા વેગીલા વાયરાના કારણે શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ વિક્ષેપની ફરિયાદો વધી હતી.

# લાઠીમાં બાબર સમાજનો 8મો વિદ્યાર્થીસન્માનસમારોહ

## તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કીટ વિતરણ કરાઈ

(એજન્સી) અમરેલી | તા.11



અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં સમસ્ત બાબર સમાજ દ્વારા 8મો વિદ્યાર્થી સન્માન અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાથી લઈને કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પુરસ્કાર કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ 1 થી લઈને કોલેજના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, ચોપડા, બોલપેન સહિતની કીટ આપવામાં આવી હતી. ભાસ્કરભાઈ ખેર દ્વારા સ્કૂલ બેગ, જ્યારે જગદીશ કંડોળીયા અને મુનાભાઈ દવેરા દ્વારા સ્ટેશનરીની તમામ વસ્તુઓ પુરસ્કાર રૂપે આપવામાં આવી હતી. પીએસઆઈ જગદીશભાઈ કડોળીયાએ દરેક વિદ્યાર્થીને એક ડઝન ચોપડા આપ્યા હતા, અને મુન્નાભાઈ દવેરાએ કેલ્ક્યુલેટરનું યોગદાન આપ્યું હતું. સમાજના અન્ય દાતાઓએ પણ દાન આપીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત બાબર સમાજના ઈષ્ટદેવ વીર મેહુર દાદાને યાદ કરીને કરવામાં આવી હતી. સમારોહમાં બાબર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દર વર્ષનો જ્ઞાતિનો હિસાબ પણ રજૂ કરવામાં આવ્યો હતો. લાઠીમાં રહેતા તમામ સમાજના સભ્યોએ સારા-નરસા પ્રસંગે ચૂલા દીઠ 351 આપવાનું નક્કી કર્યું હતું. લાઠી બાબર જ્ઞાતિના પ્રમુખ કલ્પેશભાઈ ખેર, મહામંત્રી હિંમતભાઈ યાદવ, અને ખજાનચી ઘનશ્યામભાઈ કંડોળીયા દ્વારા અલગ-અલગ હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જયંતિભાઈ ખિ, રમેશભાઈ ખેર, જગદીશભાઈ ખેર, મનીષભાઈ કંડોળીયા, બાલાભાઈ ચુડાસમા, રાજુભાઈ ગોઢાણીયા, ભુરાભાઈ ચુડાસમા, મહેશભાઈ ગોઢાણીયા, વિપુલભાઈ ચુડાસમા, નીલેશભાઈ ચુડાસમા, અશ્વિનભાઈ ચુડાસમા, દીપકભાઈ વાળા, જયદીપભાઈ દવેરા, દીપકભાઈ ખેર, ચેતનભાઈ ખેર સહિતના આગેવાનો, મોટી સંખ્યામાં મહિલાઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ અસ્થિ વિસર્જન કરવા જતા બનાસકાંઠાના પરિવારનો અકસ્માત

## જૂનાગઢના મજેવડી ફોર ટ્રેક પર બંધ ટ્રકમાં અર્ટિગા કાર ઘૂસી ગઈ; ચારમાંથી બેની હાલત અતિ ગંભીર

જૂનાગઢ : જૂનાગઢ જિલ્લાના મજેવડી ગામ નજીક ફોર ટ્રેક રોડ પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. સોમનાથ ખાતે અસ્થિ વિસર્જન માટે જઈ રહેલા બનાસકાંઠાના એક પરિવારની અર્ટિગા કાર રસ્તા પર બંધ ઉભેલી ટ્રક પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર 4 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય 4 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી બેની હાલત અતિ ગંભીર છે. આ સમગ્ર ઘટનામાં એક માસૂમ બાળકનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો છે.

મળતી વિગતો મુજબ, બનાસકાંઠા જિલ્લાનો આ પરિવાર પોતાના સ્વજનના અસ્થિ વિસર્જન અર્થે અર્ટિગા કારમાં સવાર થઈને પવિત્ર યાત્રાધામ સોમનાથ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન જૂનાગઢના મજેવડી ગામ પાસે હાઈવે પર બંધ હાલતમાં ઉભેલી એક ટ્રક પાછળ તેમની કાર ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના આગળના ભાગના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને ચાર સભ્યોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો.

અકસ્માતને પગલે હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને 108 ઈમરજન્સી સેવાની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બચાવ કામગીરી હાથ ધરીને તમામ ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ઈજાગ્રસ્તો પૈકી બે લોકોની હાલત અત્યંત નાજુક હોવાથી તેમને હાલ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસે મૃતકોના શબને પીએમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. તેમજ હાઈવે પર બંધ પડેલી ટ્રકના ચાલકની બેદરકારી સહિતના તમામ પાસાઓ પર વધુ તપાસ શરૂ કરી છે.

# મુખ્યમંત્રીએ બનાસકાંઠામાં મેડીવંતા હેલ્થ કેર કેમ્પસનું ભૂમિપૂજન કર્યું

## પાલનપુર-સિદ્ધપુર હાઈવે પર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર; ₹450 કરોડના ખર્ચે નિર્માણ થશે

(એજન્સી) બનાસકાંઠા | તા.11




બનાસકાંઠાના તેનીવાડા (પાલનપુર-સિદ્ધપુર હાઈવે) ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ'નું ભૂમિપૂજન કર્યું હતું. જીવન વિદ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કેમ્પસ આશરે 450 કરોડના ખર્ચે નિર્માણ પામશે. આ પ્રસ્તાવિત ઈન્ટિગ્રેટેડ મેડિકલ કેમ્પસમાં મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટરનો સમાવેશ થશે. આ પ્રોજેક્ટ ઉત્તર ગુજરાત સહિત આસપાસના જિલ્લાઓ અને પડોશી રાજ્યોના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ 'વિકસિત ભારત'ના સંકલ્પ તરફ આગળ વધી રહ્યો છે. 'વિકાસની સાથે વિરાસત'ના અભિગમથી રાષ્ટ્ર નિર્માણને નવી દિશા મળી છે. તેમણે દેશના છેવાડાના માનવી સુધી વીજળી, પીવાનું પાણી, માર્ગો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ પહોંચાડી વિકાસને સર્વસમાવેશક બનાવ્યો છે. આરોગ્ય ક્ષેત્રે પણ ડૉક્ટરોની સંખ્યા વધારવા માટે મેડિકલ શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો છે. અગાઉ દર વર્ષે આશરે 1175 ડૉક્ટરો તૈયાર થતા હતા, જ્યારે આજે લગભગ 7000 નવા ડૉક્ટરો તૈયાર થઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવતને ટાંકીને આવા આરોગ્ય પ્રકલ્પોને માનવસેવાનું ઉત્તમ કેન્દ્ર ગણાવ્યા હતા. તેમણે પાણી બચાવ અને પ્રાકૃતિક ખેતીના અભિયાનને પણ પ્રાથમિકતા આપવાની વાત કરી. આયુષ્યમાન ભારત યોજના હેઠળ લાખો પરિવારોને 10 લાખ સુધીનું આરોગ્ય સુરક્ષા કવચ મળ્યું છે. વડાપ્રધાનના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આગળ વધારતી આ પહેલ 'વિકસિત ગુજરાત'ના લક્ષ્ય સાથે 'વિકસિત ભારત-2047'ના સંકલ્પને સાકાર કરવામાં મદદરૂપ થશે.

# સંતરામપુર ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો: ૩૧ સખી મંડળોને ₹૮૭.૭૦ લાખના ધિરાણની ભેટ

જગદીશ ત્રિવેદી | મહીસાગર



ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. ગાંધીનગર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહીસાગર પુરસ્કૃત રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન (NRLM) યોજના અંતર્ગત સંતરામપુર તાલુકા પંચાયત ખાતે એક ભવ્ય કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તાલુકા પંચાયત કચેરીના મીટિંગ હોલ ખાતે તાલુકા પ્રમુખ શ્રીમતી રજનીતાબેન એન. તાવિયાડના અધ્યક્ષ સ્થાને અને મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનાવી તેમને સ્વરોજગારીની તકો પૂરી પાડવાનો રહ્યો હતો. આ કેશ ક્રેડિટ કેમ્પમાં તાલુકાના કુલ ૩૧ સ્વ-સહાય જૂથોને અંદાજિત ૮૭.૭૦ લાખ રૂપિયાની માતબર રકમની કેશ ક્રેડિટ લોન મંજૂર કરવામાં આવી હતી. આ ઉપરાંત, સખી મંડળોને વધુ પ્રોત્સાહન પૂરું પાડવાના ભાગરૂપે ૧૦ લાખ રૂપિયાની રકમનો સેન્શન લેટર પણ મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકાનો તમામ એન.આર.એલ.એમ. સ્ટાફ હાજર રહી કામગીરીને સફળ બનાવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા તાલુકા પ્રમુખ શ્રીમતી રજનીતાબેન એન. તાવિયાડ દ્વારા સ્વ-સહાય જૂથની બહેનોને આર્થિક પ્રવૃત્તિઓ માટે લોન ધિરાણના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો 'બેક ટુ સ્કૂલ મિશન' અંતર્ગત બનાસકાંઠાના વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ

પાલનપુર | રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના સાર્વત્રિકીકરણ અને શાળા ડ્રોપ-આઉટ દર ઘટાડવાના મક્કમ સંકલ્પ સાથે રાજ્યભરમાં 'બેક ટુ સ્કૂલ મિશન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના તેનીવાડા ખાતે શાળામાં પુનઃપ્રવેશ પામેલા બાળકો સાથે પ્રેરણાદાયી સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ શાળામાં પુનઃપ્રવેશ પામેલા ૧૨ જેટલા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તથા મેન્ટર્સ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સહજતાથી હળીમળીને વાતચીત કરી હતી તેમજ બાળકોના શાળા છોડવાના કારણો, પુનઃપ્રવેશ બાદના શૈક્ષણિક અનુભવો અને ભવિષ્ય અંગેની તેમની આશાઓ વિશે રસપૂર્વક પૂછપરછ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળાએ જવા, ખંતપૂર્વક અભ્યાસ કરવા, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા અને જીવનમાં ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણી દીકરીઓ ઘરકામની જવાબદારી નિભાવવાની સાથે શિક્ષણમાં પણ શ્રેષ્ઠ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે દીકરીઓના શિક્ષણ પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે દીકરીઓનું શિક્ષિત બનવું અત્યંત જરૂરી છે. વાલીઓને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દરેક માતા- પિતાની ફરજ છે કે તેઓ પોતાના બાળકોને નિયમિત શિક્ષણ અપાવે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને પ્રોત્સાહિત કરે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે બનાસકાંઠાના તેનીવાડા ખાતે 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ'નું ભૂમિ પૂજન સંપન્ન

પાલનપુર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે બનાસકાંઠા જિલ્લાના તેનીવાડા (પાલનપુર -સિદ્ધપુર હાઈવે) ખાતે જીવન વિદ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ'નુંભૂમિપૂજન સંપન્ન થયું હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત ૧૨ વર્ષ દરમિયાન દેશ વિકસિત ભારતના સંકલ્પ તરફ આગળ વધી રહ્યો છે. વિકાસની સાથે વિરાસતના સંરક્ષણનો અભિગમ અપનાવી રાષ્ટ્ર નિર્માણને નવી દિશા આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ દેશના છેવાડાના માનવી સુધી વીજળી, પીવાનું પાણી, માર્ગો અને અન્ય આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ પહોંચાડી વિકાસને સર્વસમાવેશક બનાવ્યો છે. આરોગ્ય ક્ષેત્રે પણ ડૉક્ટરોની સંખ્યા વધારવા માટે મેડિકલ શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રીના વિજનના લીધે અગાઉ દર વર્ષે આશરે ૧,૧૭૫ ડૉક્ટરો તૈયાર થતા હતા, જ્યારે આજે દર વર્ષે લગભગ ૭,૦૦૦ નવા ડૉક્ટરો તૈયાર થઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવતને સાર્થક કરતી જીવન વિદ્યા ચેરિટેબલ ટ્રસ્ટની આશરે ૪૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી 'મેડીવંતા હેલ્થ કેર કેમ્પસ' માનવસેવાનું ઉત્તમ કેન્દ્ર બનશે. ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવાનો આ અભિગમ રાજ્યમાં પ્રથમ નથી અને આવા અનેક આરોગ્ય પ્રકલ્પો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન કલ્યાણના લીધે સમાજના કલ્યાણ માટે કાર્યરત થઈ રહ્યા છે.

# આયુષ્માન આરોગ્ય મંદિર લખપત ખાતે શાળાના બાળકોનું હેલ્થ ચેકઅપ અને TiD રસીકરણ કરાયું



મહેશ એલ. સોની નખત્રાણા

આયુષ્માન આરોગ્ય મંદિર લખપત ખાતે તારીખ:,૧૦/૭/૨૦૨૬ ના રોજ પ્રાથમિક શાળાના બાળકોનો આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોનું વજન, ઉંચાઈ અને Hb ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમજ બાળકોને TiD રસીકરણ પણ આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં RBSK MO પૂજાબેન, RBSK MO હરદેવસિંહ , FFW નીતાબેન, CHO પ્રિયંકાબેન અને MPHW પ્રશાંતભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કામગીરીમાં સહયોગ આપ્યો હતો.આરોગ્ય ટીમ દ્વારા બાળકોમાં કુપોષણ અને એનિમિયાને રોકવા માટે વજન-ઉંચાઈની તપાસ સાથે Hb નું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. જરૂરિયાત મુજબ બાળકોને યોગ્ય માર્ગદર્શન અને સારવાર અંગે માહિતી પણ આપવામાં આવી.

# સંસ્કૃતિધામ વાસુરના ગામમાં શિવાશ્રય તેજસ્વીની છાત્રાલયમાં સેવા, શિક્ષણ અને સંસ્કારનો અનોખો સંગમ

ડાંગ | ડાંગ જિલ્લામાં સંસ્કાર અને સંજીવની જીવન ના વિચારો નું ખરા અર્થમાં મૂલ્યાંકન અને શિક્ષા ના પાઠ ભણાવતું એ તેજસ્વીની સંસ્કૃતિધામ, વાસુરણા સંચાલિત તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર માન્યતા પ્રાપ્ત શિવાશ્રય તેજસ્વીની છાત્રાલયમાં શિક્ષા, સંસ્કાર અને સહયોગનો સુંદર ત્રિવેણી સંગમ સર્જાયો હતો.આ પ્રસંગે અનાવિલ સૈયરસખા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રણેતા વિભૂતિબેન દેસાઈ તથા તેમની સમગ્ર સહયોગી ટીમે બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદીના સાનિધ્યમાં સંચાલિત છાત્રાલયમાં નિવાસ કરતી 50 બાલિકાઓને જીવન જરૂરિયાતની વિવિધ સામગ્રીનું દાન કર્યું. જેમાં પેટીઓ, દફ્તર, છત્રીઓ, કટલરીનો સામાન, ઈન્ડોર ગેમ્સ, કપડાં સહિતની ઉપયોગી વસ્તુઓનો સમાવેશ થયો.કાર્યક્રમ દરમિયાન પૂજ્ય હેતલ દીદી દ્વારા મહેમાનોનું પરંપરાગત રીતે પુષ્પને બદલે પુસ્તક અને ખેસ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ છાત્રાલયની દીકરીઓએ પ્રાર્થના, સ્વાગતગીત અને મનમોહક ડાંગી લોકનૃત્ય રજૂ કરી સૌનું હાર્દિક સ્વાગત કર્યું. પ્રસંગે પૂજ્ય બી.પી. દ્વારા ઉપસ્થિત સૌને ધ્યાન કરાવી આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું. છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું ગુણવત્તાસભર શિક્ષણ, શિસ્ત, સ્વચ્છતા અને સંસ્કારથી પ્રભાવિત થઈ અનાવિલ સૈયરસખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રોકડ દાન પણ અર્પણ કરવામાં આવ્યું.

# મેઘરાજાની રાહમાં કચ્છ: ખેડૂતો અને માલધારીઓની વધતી ચિંતા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં સારા ચોમાસાની આગાહી વચ્ચે હજુ સુધી અપેક્ષિત વરસાદ નોંધાયો નથી. પશ્ચિમ તરફથી ફૂંકાતા તેજ પવનોને કારણે વરસાદની શક્યતા નબળી જણાતા ખેડૂતો અને માલધારીઓમાં ચિંતાનો માહોલ વ્યાપ્યો છે.

રાજ્ય સરકારે ખેડૂતોને સિંચાઈ માટે આઠ કલાકના બદલે દસ કલાક વીજ પુરવઠો આપવાનો નિર્ણય અમલમાં મૂક્યો છે. છતાં તેજ પવનોના કારણે વીજ પુરવઠામાં વારંવાર વિક્ષેપ સર્જાતા ખેડૂતોને પૂરતો લાભ મળતો નથી. સાથે જ પીજીવીસીએલમાં સ્ટાફની અછત હોવાના કારણે વીજ સંબંધિત ફરિયાદોના નિકાલમાં પણ વિલંબ થતો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

બીજી તરફ, વરસાદના અભાવે માલધારીઓને વરસાદી ઘાસ મળવાની આશા નિરાશામાં બદલાઈ છે. પશુઓ માટે ચારો ખૂટી રહ્યો હોવાથી અનેક માલધારીઓ ઘાસની શોધમાં ભટકી રહ્યા છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ખેતી અને પશુપાલન બંને ક્ષેત્રમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.વિથોણના શાંતિલાલ નાયાણીએ જણાવ્યું હતું કે સમગ્ર કચ્છમાં ખેડૂતો અને માલધારીઓની નજર હવે માત્ર મેઘરાજા પર ટકેલી છે. વહેલી તકે સારો વરસાદ વરસે અને સૌને રાહત મળે તેવી લોકો પ્રાર્થના કરી રહ્યા છે.

# હૃદયવિદારક દુર્ઘટના:- કોટબા ગામે ડેમના પાણીમાં ડૂબી જવાથી ૫ વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા તાલુકાનાં કોટબા ગામે આજે એક અત્યંત હૃદયવિદારક અને ગમગીન ઘટના સામે આવી છે, જેમાં એક ૫ વર્ષીય માસૂમ બાળકનું ડેમના પાણીમાં ડૂબી જવાથી અકાળે અવસાન થયુ છે.આ દુર્ઘટનાને પગલે મૃતક બાળકના પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે.મળતી વિગતો અનુસાર, કોટબા ગામના સાવરપાડા ફળિયામાં રહેતા રાજુભાઈ પવારનો ૫ વર્ષનો માસૂમ પુત્ર આયુષભાઈ રાજુભાઈ પવાર આજે બપોરે અંદાજે ૨:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો. રમતા રમતા બાળક અચાનક ક્યાંક ગુમ થઈ ગયો હતો. થોડીવાર બાદ આયુષ ક્યાંય ન દેખાતા તેની માતાને ચિંતા થઈ હતી અને તેણે આસપાસમાં તેની શોધખોળ આદરી હતી. માતાએ સાથે રમતા અન્ય નાના બાળકોને પણ આયુષ વિશે પૂછપરછ કરી હતી, પરંતુ માસૂમ બાળકો આ અંગે કોઈ સચોટ માહિતી આપી શક્યા ન હતા.બાળકનો કોઈ પત્તો ન લાગતા આખરે માતાનો જીવ અધ્ધર થઈ ગયો હતો અને તે દોડતી ઘરની નજીક જ આવેલા ડેમ તરફ ગઈ હતી. બાળકની ભાળ મેળવવા માટે માતાની સાથે સ્થાનિક ગ્રામજનો પણ મોટી સંખ્યામાં તાત્કાલિક ડેમ કિનારે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ ભારે જહેમત બાદ માસૂમ આયુષને ડેમના પાણીમાંથી બહાર કાઢ્યો હતો.

# એકાદશી એવં શનિવાર નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફળોનો અન્નકૂટ ધરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ



સાળંગપુર તા.૧૧. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ આયોજીત તા.11-07-2026, શનિવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી દાદાને દિવ્ય શણગાર સાથે કેરી, કેળાં અને તરબૂચ વગેરે ફ્રૂટનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સવારે 05:30 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા એવં સવારે 07:00 શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાના દિવ્ય દર્શન હજારો દર્શનાર્થીઓએ કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર પરિસર 'જય કષ્ટભંજનદેવ'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

# મમ્મી..ઓ..મમ્મી..ક્યાં છો? જવાબ તો આપ બેડરૂમમાં પ્રવેશતા જ...

મમ્મી..ઓ..મમ્મી..ક્યાં છો? જવાબ તો આપ બેડ રૂમ માં પ્રવેશતા જ મમ્મી ને જુની પુરાણી યાદો ની યાદગીરી લોખંડ ના કબાટ ની અંદર ખોવાયેલી જોતા જ સાર્થક બોલ્યો કે શ્રુતિ ના જીવન ની મનગમતી પ્રવૃત્તિ એના અસબાબ ને વ્યવસ્થિત ગોઠવવી. યાર!!શ્રુતિ,એકાદ દિવસ માટે તો લોખંડ ના કબાટ ને સ્વતંત્રતા આપ. મજાક કરતા સાર્થક બોલ્યો કે શ્રુતિ,મને લાગે છે કે ભગવાન એ સ્ત્રીઓ નું સર્જન કર્યું હશે ને ત્યારે એની આંખ માં ખાસ પ્રકાર ની વધારે પડતી રંગીન ચિપ મૂકી હશે ત્યારે તો નવું ભલે ગમે તેટલું શોપિંગ કરે પણ જૂના અસબાબ ને દિલ માં વળગાડી ને ફરતી હોય છે. તારી આધુનિક દીકરી માંથી કંઈક શીખ પ્રસંગ હોય કે ન હોય પણ ફેશન ના નામે ચિત્ર વિચિત્ર શોપિંગ કર્યા કરશે.દીદી ના શોપિંગ ના શોખ ને જોઈને બિચારા જીગર પર દયા આવી જાય છે.. સાર્થક ના માથે ટપલી મારતા મિશા બોલી કે અમારા શોપિંગ ના શોખ પર તો ભારત ની ઈકોનોમી ટકી છે. પુરુષો ગમે તેટલું ફેશન ના નામે અપનાવે પણ પેન્ટ શર્ટ અને ટીશર્ટ કે ધોતી કુર્તા પારંપારિક પહેરવેશ બદલાતા નથી. ચશ્મા,ઘડિયાળ અને શૂઝ ભલે ગમે તેટલા સ્માર્ટ બની જાય પણ કપડાં ની ફેશન બદલશે નહી. ખડખડાટ હસીને સાર્થક ની મજાક ઉડાવતા મિશા બોલી કે મમ્મી,ઘણીવાર વિચાર આવે કે ઈશ્વરે સ્ત્રીઓનું સર્જન જ ધરતી પર ન કર્યું હોત તો..તો..વિશ્વ ની ઈકોનોમી ચાલતી જ ન હોત..હા...હા...હા.. સહેજ ચિડાઈ જતા સાર્થક બોલ્યો કે આવી મોટી ઈકોનોમિસ્ટ, ઈકોનોમી એટલે શું? એની તો ભાન નથી ને આવી મોટી પુરુષો ની ફેશન વિશે બેકાર ની ભાષણ બાજી કરવા. સાર્થક અને મિશા એકબીજા સાથે તોફાન મસ્તી માંથી ઝગડા ના મૂડ પર આવી ગયા. ધ્યાન તંદ્રા માંથી જાગી ને શ્રુતિ એ સાર્થક અને મિશા ને ટોકતા કહ્યું કે શું ક્યાર ના બેકાર ના વિષયો પકડી ને બન્ને ઝઘડો છો? અરે!!આ સમગ્ર સંસાર સ્ત્રી પુરુષ ની સામૂહિક જવાબદારી થી તો ચાલે છે.સબંધો માં નાનકડી પણ બાંધ છોડ ચાલતી નથી નાનકડી કચાશ માં સબંધો તૂટતા વાર લાગતી નથી. મિશા એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે મમ્મી,આનો અર્થ એ થયો કે પુરુષ ની કમાણી પર સ્ત્રીઓ નો કબજો.. મિશા ની વાત અડધે થી કાપતા સાર્થક બોલ્યો કે ઓ!!મેડમ,તમારી બંધ બુદ્ધિ ના તાળા ખોલો ને વાત ને સમજવા પ્રયત્ન કરો.મમ્મી નો કહેવા નો મતલબ એ છે કે તારા ખર્ચાળ સ્વભાવ ને લગામ આપશે નહી ને તો બિચારા જીગર ને લગ્ન બાદ બાવો થવાનો વારો આવશે.. અચાનક સાર્થક અને મિશા ના કાને મમ્મી નું ધ્રુસકુ સાંભળતા બન્ને શ્રુતિ પાસે ગયા. કબાટ ના ખુલ્લા બારણા ની અંદર તિજોરી માં પડેલ લગ્ન ના આલ્બમ ના પ્રથમ પાના પર શ્રીકાંત નો ફોટો જોતા જોતા શ્રુતિ રડતી હતી. સાર્થક એ મમ્મી ને પાછળ થી વળગતા કહ્યું કે મમ્મી, તારા લગ્ન ના આલ્બમ માં ભલે મારા અને શ્રુતિ ના ફોટા નથી તો શું થઈ ગયું? ચાલ આપણે ત્રણેય સાથે તારા લગ્ન નો આલ્બમ જોઈએ. રૂમાલ થી મમ્મી ના આંસુ લૂછતાં મિશા બોલી કે લગ્ન બાદ આલ્બમ જોતા જોતા રડી પડાતું હોય ને તો મારા લગ્ન નું આલ્બમ ડીઝીટલ બનાવશું. સાર્થક એ મિશા ની વાત સાંભળતા જ બન્ને હાથ માથે મૂકી ને કંઈક બોલવા જતો હતો ત્યાં મિશા એ ઈશારા થી કહ્યું કે બ્રેક કે બાદ. શ્રુતિ એ એના લગ્ન ના ચાર પાંચ આલ્બમ કબાટ ના લોકર માંથી કાઢી ને પલંગ પર મુકી ને કબાટ બંધ કર્યો. આલ્બમ ના પ્રથમ પેજ પર મમ્મી પપ્પા નો ફોટો જોતા જ સાર્થક અને મિશા એકીસાથે બોલી ઊઠ્યા બાપરે!!યુવાની માં પપ્પા કેટલા બધા હેન્ડસમ લાગતા હતા, રણવીર સિંહ,રણવીર કપૂર વગેરે પણ મારા પપ્પા આગળ ઝાંખો પડી જાય. મિશા એ સાર્થક ની વાત માં સુર પુરાવતા કહ્યું કે મારા પપ્પા તો હતા જ હેન્ડસમ..એટલા બધા હેન્ડસમ હતા ને કે બોલતા બોલતા રડી પડી.. મિશા ની પીઠ પર પ્રેમ થી હાથ ફેરવતા સાર્થક બોલ્યો કે દીદી,તું



લગ્ન ના આલબમ

- રુપાલી દવે

નસીબદાર છો કે પપ્પા સાથે રહેવાનો અને સમય વિતાવવા નો તને મોકો મળ્યો...પણ ખેર મારી તો મમ્મી અને પપ્પા બન્ને બાળપણ થી મમ્મી છે એ પપ્પા ની જેમ હેન્ડસમ અને મમ્મી ની જેમ ખૂબ સુરત પણ છે.હા!!મમ્મી ગુસ્સે થઈ જાય છે ને ત્યારે આપણા ને ડર લાગે છે પણ એના ગુસ્સા માં પણ પ્રેમ વરસતો હોય એવું અનુભવું છું. લગ્ન ના આલ્બમ એક પછી એક પાના ફેરવતા મિશા બોલી કે મમ્મી અતો તારુ આલ્બમ તો યાદગીરી નો ખજાનો છે નાના નાની અને દાદા દાદી કેટલા બધા યુવાન લાગે છે.તું તારા લગ્ન માં એકદમ હેમા માલિની જેવી સુંદર લાગે છે.તારા સમય માં પાર્લર નું ખાસ ચલણ નહતું છતાંય તને એટલી સરસ કોણે તૈયાર કરી છે? મિશા અને સાર્થક પ્રશ્નો સાંભળતા જ શ્રુતિ એના ત્રીસ વર્ષ પહેલા થયેલ લગ્ન ની યાદો માં ખોવાઈ ગઈ. પ્રથમ વાર શ્રીકાંત એને એના પરિવાર સાથે જોવા આવ્યા ત્યારે એ ઘર ની પરસાળ ના હિંચકા પર બેઠા બેઠા હીંચકા ખાતી હતી. આગંતુક મહેમાન ની આગતા સ્વાગતા કરતા પપ્પા એ અંદર જવાનો ઈશારો કર્યો હતો. આમ તો શ્રીકાંત ને જોતા જ એના પ્રેમ માં પડી ગઈ હતી પણ લગ્ન ની વાત આવતા પિયર થી અજાણ્યા ઘરે એટલે સાસરે જવાની વાત માં મનમાં બેચેની અને ભય રહેતો હતો. શ્રીકાંત ના પિતાજી તરફ થી 'હા' નો ફોન આવતા મારો ચેહરો ખુશ થવાના બદલે ખૂબ ઉદાસ બની જતા મમ્મી પપ્પા એ સમજાવ્યું હતું કે પરાયા ઘરે જતી નથી પણ શ્રીકાંત નું જીવન ખુશીઓથી વસાવવા લગ્ન કરું છું. જુદા જુદા રીત રિવાજો માં ઘર મહેમાનો થી ભરાઈ ગયું હતું. મારા લગ્ન પ્રસંગ નો આનંદ સૌથી વધારે ફઈબા અને માસી ના મોઢા પર દેખાતો હતો.મહેંદી,પીઠી થી લઈને આલ્વા કલવા બધા જ પ્રસંગો માં ફટાણાં ગાઈ ગાઈ ને જાન ની એવી તો ઠેકડી ઉડાડી ને કે જાનવાળા પૂછવા લાગ્યા કોણ છે? આ બન્ને ચૂડેલો. ફાઈબા ઓ એ તો પપ્પા ને સ્પષ્ટ કઈ દીધું હતું કે શ્રુતિ ને પાટે થી ઉઠાડવા ના આખું પાપડ નું પેકેટ અને ચાંદી નો સિક્કો લઈશું. 'ઘી ઢોળાય તોય ખીચડી માં' માં બોલી ને પપ્પા સહમત થયા હતા. મિશા અને સાર્થક એ આલ્બમ માં મમ્મી પપ્પા ના ફેરા ફરતા પિક જોતા આશ્ચર્ય સાથે શ્રુતિ ને પૂછ્યું કે મમ્મી, આ પિક માં તારું મોઢું કેમ વધારે લાલ લાલ લાગે છે? શ્રુતિ એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે બેટા,કન્યાદાન ની વિધિ માં મારો હાથ શ્રીકાંત ના હાથ માં મુક્ત જ પપ્પા રડી પડ્યા હતા. કોઈની નજર પડે એ પહેલા એણે રૂમાલ થી આંસુ તો લૂછી નાખ્યા પણ એની લાડલી ની નજર પડી જતાં વિદાઈ ના આંસુ ને રોકી શકી નહતી. સપ્તપદી ના સાત ફેરા એ શ્રીકાંત સાથે મારું જીવન પંદર વર્ષ સુધી મજબૂતી થી બાંધી દીધું હતું...પણ એ ભયાનક વરસાદી રાત ના શ્રીકાંત ના અકસ્માતે સૂતર ના તાર નો નતો તોડી નાખ્યો એના વરસો બાદ એકલતા માં આલ્બમ જ એકમાત્ર જીવન જીવવાનો સહારો હતો. સાત વર્ષ ની મિશા અને બે વર્ષ ના સાર્થક ની મમ્મી એ લગ્ન જીવન ના ત્રીસ વર્ષ 'આલ્બમ' ના સહારે જાણે જિંદગીભર ના હદય ના તાર બની જાય છે મારા ને શ્રીકાંત નું લગ્ન જીવન એ સપ્તપદી ના ફેરા ને કારણે આજે ૨૦વર્ષે પણ કેટલું સુંદર અને અડીખમ છે

# પ્રેગ્નન્સીના છેલ્લા તબક્કામાં દીપિકા

## બાથરૂમ જવામાં પણ મુશ્કેલી પડી રહી છે, જાણો કેવી છે સ્થિતિ; થોડા અઠવાડિયામાં ફરી કિલકારી ગુંજશે



(એજન્સી) મુંબઇ | તા.11

દીપિકા પાદુકોણ આ દિવસોમાં પ્રેગ્નન્સીના કારણે ચર્ચામાં છે. એક્ટ્રેસે એપ્રિલમાં બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી, ત્યારબાદ હવે એક્ટ્રેસ થર્ડ ટ્રાઈમેસ્ટરમાં પહોંચી ગઈ છે. હવે દીપિકાએ એક મીમ શેર કરીને થર્ડ ટ્રાઈમેસ્ટરની સ્થિતિ જણાવી છે. દીપિકાએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી એક મીમ શેર કર્યું છે, જેમાં એક મહિલા બાથરૂમ જવા માટે સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. આ વીડિયો સાથે લખેલું છે કે, જ્યારે તમે થર્ડ ટ્રાઈમેસ્ટરમાં રાત્રે બાથરૂમનો ઉપયોગ કરવા ઉઠો છો.

સ્ટોરી સાથે દીપિકાએ થર્ડ ટ્રાઈમેસ્ટરમાં હોવાની પુષ્ટિ કરી દીધી છે, એટલે કે એક્ટ્રેસ પ્રેગ્નન્સીનો 7મો મહિનો પાર કરી ચૂકી છે અને થોડા જ અઠવાડિયામાં તેમની ડિલિવરી થઈ શકે છે. 19 એપ્રિલે દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે કોલેબોરેશન પોસ્ટ દ્વારા બીજી વાર પેરેન્ટ્સ બનવાના ગુડ ન્યૂઝ આપ્યા હતા. કપલે દીકરી દુઆની પોઝિટિવ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડેલી એક તસવીર શેર કરીને આ મોટી જાહેરાત કરી. આ પોસ્ટ સાથે ઈવિલ આઈનું કેપ્શન રાખવામાં આવ્યું હતું. પોસ્ટ આવ્યા પછી કેટરીના કૈફ, પ્રિયંકા ચોપરા, અદિતિ રાવ હૈદરી, સિદ્ધાર્થ મલ્હોત્રા સહિત ઘણા સેલેબ્સે કપલને અભિનંદન આપ્યા.

આ દિવસોમાં સોશિયલ મીડિયા પર લિમિટેડ પોસ્ટ શેર કરી રહેલી દીપિકા પાદુકોણે હાલમાં જ બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો છે. તેણે પ્રેગ્નન્સી પોસ્ટ પછી એક એડનો વીડિયો શેર કર્યો છે, જેમાં તે બેબી બમ્પ સાથે મસ્તીભર્યા અંદાજમાં દેખાઈ રહી છે.

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ મુંબઈના બાંદ્રા વેસ્ટમાં ઘર બનાવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, બીજા બાળકની ડિલિવરી પછી કપલ અહીં શિફ્ટ થઈ શકે છે. થોડા સમય પહેલા જ કપલ ઘરનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમની દીકરી દુઆના જન્મની જાણકારી આપી હતી. તે સમયે તેમણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8-9-2024. દીપિકા અને રણવીર.' 21 ઓક્ટોબર 2025ના રોજ દિવાળીના ખાસ અવસરે કપલે પહેલીવાર દીકરી દુઆની તસવીરો શેર કરી હતી. દીપિકા-રણવીરની લવ સ્ટોરી 2013માં ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પરથી શરૂ થઈ હતી. ઘણા વર્ષો સુધી સંબંધમાં રહ્યા પછી બંનેએ 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા.





# શાહરુખ ખાને દિલ્હીમાં 37 કરોડનું ઘર ખરીદ્યું...

## સંઘર્ષના દિવસોમાં ગૌરી સાથે અહીં સમય વિતાવ્યો, પત્નીએ પોતે ડિઝાઇન કર્યું; જુઓ તસવીરો

(એજન્સી) મુંબઈ | તા.11

બોલિવૂડ એક્ટર શાહરુખ ખાન સાઉથ દિલ્હીના પોશ વિસ્તાર પંચશીલ પાર્કમાં આવેલી તે આખી બિલ્ડિંગનો એકમાત્ર માલિક બની ગયો છે, જ્યાં તેણે લગ્ન પછી પોતાના જીવનની શરૂઆત કરી હતી. એક્ટર પાસે આ રહેણાંક પ્રોપર્ટીનું બેઝમેન્ટ અને પહેલો માળ પહેલેથી જ હતો.

હવે તેણે તેના બીજા અને ત્રીજા માળને પણ ખરીદી લીધા છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, શાહરુખે આ વધારાના માળ માટે લગભગ 37 કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આ ઘર શાહરુખ અને ગૌરી ખાન માટે ખૂબ જ ખાસ છે, કારણ કે 1991માં લગ્ન પછી મુંબઈ શિફ્ટ થતા પહેલા તે આ જ ઘરમાં રહેતા હતા.

આ પ્રોપર્ટી સાઉથ દિલ્હીના સૌથી મોંઘા રહેણાંક વિસ્તારોમાંના એક પંચશીલ પાર્કમાં આવેલી છે. આ આખો પ્લોટ લગભગ 1,200 સ્ક્વેર યાર્ડ (લગભગ 10,800 સ્ક્વેર ફીટ)માં ફેલાયેલો છે. રિપોર્ટ અનુસાર, આ નવા સોદાની કિંમત લગભગ 37 કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે, જેમાં જમીનની કિંમત લગભગ 34,260 રૂપિયા પ્રતિ સ્ક્વેર ફીટ આંકવામાં આવી છે. આ નવા અધિગ્રહણ પછી હવે આખી બિલ્ડિંગની માલિકી સત્તાવાર રીતે શાહરુખ ખાન પાસે આવી ગઈ છે.

શાહરુખ ખાન અને ગૌરી ખાનના લગ્ન 25 ઓક્ટોબર 1991ના રોજ થયા હતા. તેમના લગ્ન ત્રણ અલગ-અલગ રીતિ-રિવાજોથી થયા હતા, જેમાં કોર્ટ મેરેજ, પરંપરાગત હિંદુ લગ્ન અને નિકાહનો સમાવેશ થતો હતો. લગ્ન પછી તરત જ આ કપલ આ જ ઘરમાં રહેવા લાગ્યું હતું. તેના થોડા સમય પછી શાહરુખ ફિલ્મોમાં ફુલ-ટાઈમ કરિયર બનાવવા માટે મુંબઈ શિફ્ટ થઈ ગયા હતા. આ જ કારણ છે કે આ ઘર સાથે બંનેનો ઊંડો ભાવનાત્મક સંબંધ છે.

### ગૌરી ખાને પોતે ઘર ડિઝાઇન કર્યું છે

ગૌરી ખાને એક જૂના ઈન્ટરવ્યુમાં આ ઘરના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ દિલ્હીથી છે અને તેમણે પોતાના જીવનનો મોટો ભાગ અહીં વિતાવ્યો છે. તેથી તેઓ પોતાની માતાના ઘરની નજીક એક એવું ઘર ખરીદવા અને ડિઝાઈન કરવા માંગતા હતા, જ્યાં પરિવારની બધી યાદો એક છત નીચે રહી શકે. ગૌરીના મતે, આ ઘરનો દરેક ખૂણો તેમને બાળકોના મોટા થવાના અલગ-અલગ તબક્કાઓની યાદ અપાવે છે.



# ટાઇગરની ફિલ્મમાં રકુલ પ્રીત અને પ્રજ્ઞા જયસ્વાલની એન્ટ્રી

મુંબઈ : મુંબઈમાં પહેલી ઓગસ્ટથી રેમો ડિસોઝા નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આ ફિલ્મનો હીરો ટાઇગર શ્રોફ છે. ફિલ્મના ટાઈટલની હજી જાહેરાત કરવામાં આવી નથી. પણ ફિલ્મની હિરોઇન તરીકે રકુલ પ્રીત સિંહ અને અન્ય એક હિરોઈન પ્રજ્ઞા જયસ્વાલના નામ બહાર આવ્યા છે. એક્શન હીરો ટાઇગર શ્રોફની આ ફિલ્મનું નિર્માણ રોહન દીપ સિંહ વિશાલ ગુરનાની, નીરજ તિવારી અને વિકી જૈન દ્વારા કરવામાં આવી રહ્યું છે. હાલ ફિલ્મના શૂટિંગ માટેની તૈયારીઓ મુંબઈમાં ચાલી રહી છે.

રકુલ પ્રીત સિંહ ૨૦૨૫માં 'મેરે હસબન્ડ કી બીવી' અને 'દે દે પ્યાર દે ટુ' ફિલ્મોમાં જોવા મળી હતી. જ્યારે પ્રજ્ઞા જયસ્વાલ ૨૦૨૫માં 'ડાકુ મહારાજ' ફિલ્મમાં જોવા મળી હતી. રેમો ડિસોઝાના નિર્દેશનમાં ટાઇગર સામે હિન્દી ફિલ્મ કરવા મળતાં પ્રજ્ઞાની કારકિર્દી ઉંચકાઇ જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈમાં શૂટિંગ કરવા માટે એક ભવ્ય સેટનું નિર્માણ પણ કરી દેવામાં આવ્યું છે. ટાઈગરની પાછલી મોટાભાગની ફિલ્મો સદંતર ફ્લોપ ગઈ હોવાથી તે આ એક્શન ફિલ્મ પર મદાર રાખી રહ્યો છે.

'સંસ્કારી બાબુજી' આલોક નાથ 'મી ટૂ' વિવાદ બાદ ગુમનામ જીવન જીવી રહ્યા છે. અભિનેતા રાજેશ પુરીએ ખુલાસો કર્યો કે, આલોક નાથ દારૂ છોડી આધ્યાત્મિકતા તરફ વળ્યા છે. તેઓ હવે એકાંતમાં ગુરુજીના માર્ગદર્શન હેઠળ સત્સંગ કરી રહ્યા છે. ભૂતકાળના કૃત્યોનો તેમને પસ્તાવો છે અને તેઓ જૂના મિત્રોને પણ મળવાનું ટાળે છે.

# 'મી ટૂ' વિવાદે બગાડી જિંદગી, બોલિવૂડના 'સંસ્કારી બાબુજી' હવે લાઇમલાઇટથી દૂર ગુમનામ હાલતમાં


(એજન્સી) મુંબઈ | તા.11

'મેંને પ્યાર કિયા' અને 'હમ આપકે હૈ કૌન' જેવી સુપરહિટ ફિલ્મોમાં સંસ્કારી પિતાનો રોલ ભજવીને 'સંસ્કારી બાબુજી' તરીકે જાણીતા બનેલા અભિનેતા આલોક નાથ લાંબા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને લાઈમલાઈટથી દૂર ગુમનામ જિંદગી જીવી રહ્યા છે. વર્ષ 2018માં 'મી ટૂ' મુવમેન્ટ દરમિયાન તેમના પર લાગેલા ગંભીર આરોપો બાદ તેઓ જાહેર જીવનમાં ક્યાંય જોવા મળ્યા નથી. તાજેતરમાં તેમના બાળપણના મિત્ર અને અભિનેતા રાજેશ પુરીએ એક ઈન્ટરવ્યુમાં આલોક નાથના વર્તમાન જીવન અને તેમની સ્ક્રીન પાછળની વાસ્તવિકતા વિશે ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

રાજેશ પુરીએ જણાવ્યું કે, 'મી ટૂ'ના આરોપોની આલોક નાથના જીવન પર ખૂબ જ ઊંડી અને ખરાબ અસર પડી છે, જેના કારણે તેમણે જાતે જ એક્ટિંગ કરિયરથી અંતર જાળવી લીધું છે. તેઓ હવે ઘરની બહાર પણ ખૂબ ઓછા નીકળે છે અને એકાંતમાં શાંતિભરી જિંદગી જીવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ભૂતકાળની વાતો પર પ્રકાશ પાડતા રાજેશે સ્વીકાર્યું કે આલોક નાથ દિલના ખૂબ સાફ માણસ છે, પરંતુ તેમની બે નબળાઈઓ હતી - એક તો તેઓ નાની વાતોમાં પરેશાન થઈ જતા અને બીજું કે તેઓ ખૂબ જ ખતરનાક રીતે દારૂ પીતા હતા. દારૂ પીધા પછી તેમનું વર્તન સંપૂર્ણપણે બદલાઈ જતું અને તેઓ ખૂબ જ આક્રમક અને બેકાબૂ બની જતા હતા, જે તેમની બરબાદીનું કારણ બન્યું.

રાજેશે વધુમાં જણાવ્યું કે આલોક નાથને હવે પોતાના ભૂતકાળના કૃત્યો પર ભારે પસ્તાવો છે અને તેઓ હવે કોઈનો સામનો કરવા માંગતા નથી. આ વિવાદો અને પસ્તાવા વચ્ચે તેમણે હવે દારૂ પીવાનું સંપૂર્ણપણે છોડી દીધું છે અને આધ્યાત્મિકતા તરફ વળ્યા છે. તેઓ પોતાના જીવનમાં શાંતિ મેળવવા માટે ગુરુજીના માર્ગદર્શન હેઠળ સત્સંગ અને આધ્યાત્મનો સહારો લઈ રહ્યા છે. જોકે, તેઓ જૂના મિત્રોને મળવાનું પણ ટાળે છે.

# આદિત્યને વધુ એક મ્યુઝિકલ લવ સ્ટોરી મળી



**આશિકી 2ની સફળતા બાદ ભૂષણ કુમાર, આદિત્ય રોય કપૂર અને મિલાપ ઝવેરી ફરી એકવાર સાથે આવી રહ્યા છે. મુંબઈમાં ટી-સિરીઝ બેનર હેઠળ મિલાપ ઝવેરી 2027માં એક મ્યુઝિકલ લવ સ્ટોરી બનાવશે. આદિત્ય રોય કપૂર મુખ્ય ભૂમિકામાં હશે. મિલાપ ઝવેરીએ જણાવ્યું કે આ એક હિંસક મ્યુઝિકલ લવ સ્ટોરી હશે, જેમાં જટિલ પાત્ર માટે આદિત્ય શ્રેષ્ઠ પસંદગી છે.**

મુંબઈ : આદિત્ય રોય કપૂર વધુ એક મ્યુઝિકલ લવ સ્ટોરીમાં દેખાશે. ટી સીરિઝનાં બેનર હેઠળ મિલાપ ઝવેરી આ ફિલ્મ બનાવી રહ્યા હોવાની સત્તાવાર જાહેરાત આજે કરાઈ હતી. બોલિવુડ વર્તુળોમાં છેલ્લા કેટલાય સમયથી 'આશિકી થ્રી' બની રહ્યાની ચર્ચાઓ હતી. પરંતુ, નિર્માતા મુકેશ ભટ્ટે 'આશિકી' ટાઈટલના હક્કો પોતાની પાસે જ હોવાનો દાવો કર્યા બાદ હવે આ નવી ફિલ્મને 'આશિકી થ્રી'ને બદલે અલગ નામ આપવામાં આવશે તેમ મનાય છે.

તાજેતરમાં 'એક દિવાને કી દિવાનીયત' જેવી અણધારી સફળતા મેળવનારી ફિલ્મ આપી ચૂકેલા નિર્દેશક મિલાપ ઝવેરીએ પોતાની આગામી ફિલ્મ હિંસક મ્યુઝિકલ લવ સ્ટોરી હશે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે મારી આ ફિલ્મમાં પાત્ર એકદમ સંકુલ છે અને તે ભજવવા માટે મારા મતે આદિત્ય રોય કપૂર કરતાં બહેતર કોઇ એક્ટર નથી. ફિલ્મના અન્ય કલાકારોની જાહેરાત વિશે રાહ જોવાઈ રહી છે. અગાઉ આ ફિલ્મ માટે શ્રીલીલા સહિતની હિરોઈનોની ચર્ચા થઈ હતી.

# ઓસ્ટ્રેલિયામાં હનીમૂન મનાવશે આમિર-ગૌરી : દીકરા આઝાદ-ક્વિન પણ સાથે જશે

## પાછા ફરીને નવા ઘરમાં શિફ્ટ થશે; પૂર્વ પત્ની કિરણ રાવ નજીક રહેશે

(એજન્સી) મુંબઈ | તા.11

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાને 5 જુલાઈએ ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરી લીધા છે. લગ્ન પછી હવે કપલ હનીમૂન માટે ઓસ્ટ્રેલિયા રવાના થશે. આ એક વર્ક ટ્રિપ પણ હશે, જેમાં આમિરનો દીકરો આઝાદ અને ગૌરીનો દીકરો ક્વિન પણ સાથે રહેશે.

ડેક્કન ક્રોનિકલના રિપોર્ટ અનુસાર, આમિર ખાન અને ગૌરી સ્પ્રેટ પોતપોતાના દીકરાઓ સાથે ઓસ્ટ્રેલિયા રવાના થઈ રહ્યા છે. ક્વિન અને આઝાદ પણ ટ્રિપનો ભાગ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આમિર આ ટ્રિપને પોતાના કામની સાથે-સાથે લગ્ન પછીના હનીમૂન તરીકે પણ પ્લાન કરી રહ્યો છે. આ દરમિયાન બંને પરિવારોના બાળકોને એકબીજા સાથે સમય વિતાવવાનો મોકો મળશે અને આમિર પણ ક્વિન સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી શકશે.

મેલબોર્નની આ યાત્રા આમિર અને ગૌરીના ખાનગી રજિસ્ટર્ડ લગ્નના એક સપ્તાહથી પણ ઓછા સમય પછી થઈ રહી છે. બંનેએ 5 જુલાઈએ બાંદ્રા સ્થિત આમિરના ઘરે અત્યંત સાદગીથી લગ્ન કર્યા હતા. આ ખાનગી સમારોહમાં ફક્ત નજીકના મિત્રો, પરિવારના સભ્યો અને તેના બાળકો જ સામેલ થયા હતા.

ઓસ્ટ્રેલિયામાં હનીમૂન પછી આમિર ખાન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન 2026માં ભાગ લેશે. તેમને ફિલ્મ 'સિતારે જમીન પર'માં તેના અભિનય માટે બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ને તાજેતરમાં તેની નોમિનેશન લિસ્ટ જાહેર કરી છે, જેમાં આમિર સાથે અહાન પાંડે, ભૂમન ભાર્ગવ દાસ, દુલકર સલમાન, મમ્મૂટી, રણવીર સિંહ, રિષભ શેટ્ટી અને સંજય મિશ્રા પણ બેસ્ટ પરફોર્મન્સ (મેલ) કેટેગરી માટે નોમિનેટ થયા છે.



### 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે કર્યા લગ્ન

61 વર્ષીય આમિર ખાને 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે રજિસ્ટર્ડ મેરેજ કર્યા છે. લગ્નમાં અમુક નજીકના મહેમાનો હાજર રહ્યા હતા. લગ્નના પેપર્સ સાઈન કર્યા પછી કપલે વચનો લીધા છે. આ દરમિયાન આમિરે ગૌરીને એક કિંમતી વીંટી આપી છે. આ વીંટી લક્ઝરી બ્રાન્ડ ક્વીને તૈયાર કરી છે, જેને પસંદ કરવામાં આમિરને 3 મહિના લાગ્યા હતા. વીંટીમાં મેડાગાસ્કરથી લાવવામાં આવેલો દુર્લભ કેબોકોન કટ નેચરલ રૂબી સ્ટોન છે. જ્યારે તેને ગોલ્ડમાં બનાવવામાં આવી છે, જેમાં 40 અસલી હીરા જડેલા છે.





### આમિર ખાન ટૂંક સમયમાં નવા ઘરમાં શિફ્ટ થશે

આમિર ખાનના મરીના સ્થિત એપાર્ટમેન્ટમાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે તે પાલી સ્થિત ઘરમાં રહી રહ્યા છે. હવે કન્સ્ટ્રક્શન લગભગ પૂરું થવા જઈ રહ્યું છે. આમિરે તે બિલ્ડિંગમાં 3 એપાર્ટમેન્ટ લીધા છે, જેમાં તે પત્ની ગૌરી અને પુત્રો આઝાદ-ક્વિન સાથે રહેશે.

ફ્રી પ્રેસ જર્નલના રિપોર્ટ અનુસાર, આમિરની પૂર્વ પત્ની કિરણ રાવ પણ આ જ એપાર્ટમેન્ટમાં રહેવાની છે. આ ઉપરાંત આમિરની બહેનો નિખત-ફરહત અને માતા પણ તેમની સાથે રહેવાની છે. આ એપાર્ટમેન્ટ્સ માટે આમિર ખાને 100 કરોડનું એડવાન્સ આપ્યું છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ભારતીય ક્રિકેટમાં ગંભીર સંકટ

# ગૌતમ ગંભીરની મુશ્કેલીમાં વધારો, BCCI લેશે મોટો નિર્ણય



(એજન્સી) મુંબઈ । તા. 11

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર હાલમાં અત્યંત કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ઈંગ્લેન્ડ સામેની T20I શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની સતત હાર અને નિરાશાજનક રમત બાદ ગંભીરના કોચિંગ પદ પર જોખમના વાદળો ઘેરાયા છે. ટીમની આવી દયનીય સ્થિતિ જોતા હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) પણ આ મામલે ગંભીર મંથન કરી રહ્યું છે.

ભારતીય ટીમ છેલ્લા ૬ મુકાબલામાંથી ૫ મેચ હારી ચૂકી છે, જે ગંભીરની રણનીતિ પર મોટા સવાલ ઊભા કરે છે. ઈંગ્લેન્ડ સામેની ચોથી T20I મેચમાં પણ ટીમને ૯ વિકેટે કારમી હાર મળી હતી. નિષ્ણાતો અને ચાહકો દ્વારા કોચની ટીમ સિલેક્શન અને મેદાન પરના અણધાર્યા પ્રયોગોની આકરી ટીકા કરવામાં આવી રહી છે. ખાસ કરીને પાવરપ્લેમાં અર્શદીપ સિંહનો યોગ્ય ઉપયોગ ન કરવો અને સતત ફ્લોપ જઈ રહેલા બેટ્સમેનોને સતત તકો આપી મિડલ ઓર્ડરમાં અસંતુલન પેદા કરવા જેવા નિર્ણયો ગંભીર માટે મુશ્કેલીનું કારણ બન્યા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જો ટીમ ઈન્ડિયા વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં ICC T20I રેન્કિંગમાં પોતાનું નંબર વન સ્થાન ગુમાવશે, તો તે ગંભીર માટે અંતિમ સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, લોસ એન્જલસ ઓલિમ્પિક ૨૦૨૮ માટે ડાયરેક્ટ ક્વાલિફિકેશન મેળવવામાં ટીમ નિષ્ફળ જશે, તો બોર્ડ કોઈ કઠોર નિર્ણય લેતા અચકાશે નહીં. ગંભીર અને શ્રેયસ અય્યરની કેપ્ટન-કોચની જોડી હજુ સુધી એક પણ મેચમાં સફળતાનો સ્વાદ ચાખી શકી નથી, જે બોર્ડના અધિકારીઓની ચિંતામાં સતત વધારો કરી રહી છે.

## પ્રથમ દિવસે ભારત 285 રનમાં ઓલઆઉટ

# લોર્ડ્સ ટેસ્ટમાં સ્મૃતિ અને હરમેનપ્રીતની દમદાર અડધી સદી



(એજન્સી) લંડન । તા. 11

ક્રિકેટના મક્કા ગણાતા લોર્ડ્સના મેદાન પર મહિલા ટેસ્ટ ક્રિકેટનો ઈતિહાસ રચાયો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી આ એકમાત્ર ટેસ્ટ મેચના પ્રથમ દિવસે સ્મૃતિ મંધાના અને કેપ્ટન હરમનપ્રીત કૌરની શાનદાર બેટિંગના સહારે ભારતે ૨૮૫ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. દિવસના અંતે ઈંગ્લેન્ડની સ્થિતિ એક વિકેટે ૨૧ રન રહી હતી.

### ઐતિહાસિક મેચ અને ભારતીય બેટિંગ

ઈંગ્લેન્ડની કેપ્ટન નેટ સાઈવર-બ્રન્ટે ટોસ જીતીને પ્રથમ ભારતને બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. લોર્ડ્સના ૨૩૯ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા ટેસ્ટ મેચ રમાઈ રહી હતી, જેનો માહોલ અદભૂત હતો. ભારતીય ઈનિંગ્સની શરૂઆત કંઈ ખાસ રહી ન હતી અને ઓપનર શેફાલી વર્મા ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ યસ્તિકા ભાટિયા પણ સસ્તામાં પેવેલિયન ભેગી થઈ હતી. ત્યારબાદ સ્મૃતિ મંધાનાએ પોતાની કુદરતી શૈલીમાં બેટિંગ કરતા ૧૦૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૮૩ રન બનાવ્યા હતા. જેમીમા રોડ્રિગ્સ (૩૫) સાથે મળીને તેણે બાજી સંભાળી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરે ૧૨૧ બોલમાં ૫૮ રન કરીને ટીમને મજબૂતી આપી હતી. હરમનપ્રીત અને સ્મૃતિ વચ્ચે ચોથી વિકેટ માટે ૮૯ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી.

એક સમયે ભારત મજબૂત સ્થિતિમાં જણાતું હતું, પરંતુ ઈંગ્લેન્ડના બોલરોએ મેચમાં વાપસી કરી હતી. ખાસ કરીને ઈસી વોંગ અને ડેબ્યુટન્ટ સ્પિનર મેડી વિલિયર્સે નિયમિત અંતરે વિકેટો ઝડપીને ભારતને ૨૮૫ રનમાં સમેટી દીધું હતું. અંતમાં દીપ્તિ શર્માએ ૮૭ બોલમાં ૫૭ રનની લડાયક ઈનિંગ રમીને ટીમને ૩૦૦ની નજીક પહોંચાડવામાં સફળતા મેળવી હતી.

# ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમમાં શિસ્ત માટે કડક નિયમો

(એજન્સી) લંડન । તા. 11

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ ટીમની પ્રોફેશનલ છબી સુધારવા અને તાજેતરના વિવાદોને ડામવા માટે અત્યંત કડક શિસ્તબદ્ધ નિયમો લાગુ કરવાનો નિર્ણય લીધો છે. પૂર્વ ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સના સંન્યાસ અને ત્યારબાદ ખેલાડીઓ સાથે જોડાયેલી મોડી રાત્રિની કેટલીક અણધારી ઘટનાઓ બાદ બોર્ડ દ્વારા આ આકરા પગલાં લેવામાં આવ્યા છે.

### નિયમોની કડક અમલવારી

આગામી સમયમાં ઈંગ્લેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા તમામ ખેલાડીઓ માટે આ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે. નવા નિયમો મુજબ, હવે પ્રવાસ દરમિયાન ખેલાડીઓ માટે રાત્રે ૧૨:૦૦ વાગ્યાનો 'કરફ્યુ' લાગુ કરવામાં આવ્યો છે. જો કોઈ ખેલાડીને રાત્રે ૧૦:૦૦ વાગ્યા પછી હોટેલની બહાર જવું હોય, તો તેણે અગાઉથી ટીમ મેનેજમેન્ટ અથવા સુરક્ષા અધિકારીઓને જાણ કરવી પડશે.

આ ઉપરાંત, જાહેર સ્થળોએ દારૂના નશામાં જોવા મળવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં, મેચ શરૂ થવાના એક દિવસ અગાઉથી લઈને મેચ પૂર્ણ થયાના બીજા દિવસ સુધી ખેલાડીઓ માટે ખાનગીમાં પણ દારૂ પીવા પર રોક લગાવવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓની મેચ ફિટનેસ અને રિકવરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

### સોશિયલ મીડિયા અને વર્તન પર દેખરેખ

ECB એ ડિજિટલ વર્તણૂક અંગે પણ કડક વલણ અપનાવ્યું છે. હવે કોઈ પણ ખેલાડી સોશિયલ મીડિયા પર દારૂ કે પાર્ટી સાથે સંબંધિત કન્ટેન્ટ પોસ્ટ કરી શકશે નહીં. ટીમ મેનેજિંગ ડિરેક્ટર રોબ કીનું સ્પષ્ટ માનવું છે કે, ઈંગ્લેન્ડની ટીમની પ્રોફેશનલ છબી જાળવી રાખવા માટે ઓફ-ફિલ્ડ શિસ્ત અત્યંત જરૂરી છે. તાજેતરમાં બેન સ્ટોક્સ અને ગસ એટકિન્સન સાથે જોડાયેલી નાઈટ ક્લબની ઘટના બાદ બોર્ડની ટીકા થઈ હતી, જેને ધ્યાનમાં રાખીને આ નીતિઓ વધુ સખત બનાવવામાં આવી છે.



### ટીમ કલ્ચરમાં બદલાવની અપેક્ષા

આ નિયમોનો હેતુ માત્ર દંડ કરવાનો નથી, પરંતુ એક એવું ટીમ કલ્ચર વિકસાવવાનો છે જ્યાં ખેલાડીઓનું ધ્યાન સંપૂર્ણપણે મેદાન પરના પ્રદર્શન પર રહે. ક્રિકેટ જગતમાં આ નવા ફેરફારોને શિસ્ત લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યા છે. જો ખેલાડીઓ આ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેમની સામે બોર્ડ દ્વારા કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. સમગ્ર ઈંગ્લેન્ડ ક્રિકેટ હવે આ નવા શિસ્તબદ્ધ યુગમાં પ્રવેશ કરી રહ્યું છે, જેના પરિણામો આગામી સિરીઝમાં જોવા મળશે.

# તિલક વર્માને ટીમમાંથી કાઢો, શ્રીકાંતની માંગ

## શ્રીકાંતનો તિલક વર્મા પર આક્રોશ, સંજુ સેમસનને તક આપવાની માંગ



(એજન્સી) મુંબઈ । તા. 11

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડના પ્રવાસ પર અત્યંત નબળા ફોર્મમાંથી પસાર થઈ રહી છે. ટીમની આ દયનીય સ્થિતિ અને ખાસ કરીને વાઈસ કેપ્ટન તિલક વર્માના સતત નિષ્ફળ જતાં પ્રદર્શનને લઈને પૂર્વ મુખ્ય સિલેક્ટર અને ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ખેલાડી ક્રિષ્નામાચારી શ્રીકાંતે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

શ્રીકાંતે પોતાની યુટ્યુબ ચેનલ પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે તિલક વર્મા શોર્ટ-પિચ બોલિંગ સામે રમવામાં સંપૂર્ણપણે લાચાર જણાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, "તિલક વર્મા વાઈસ કેપ્ટન છે, પરંતુ તેનું પ્રદર્શન દિશાહીન છે. પીચ પર રહેલી સ્પીડ અને બાઉન્સ જોઈને તે બેટિંગ કરવા માટે આત્મવિશ્વાસ ધરાવતો નથી. હું તો ક્યારનોય કહું છું કે તેને ટીમમાંથી પડતો મૂકવો જોઈએ, પરંતુ મેનેજમેન્ટ તેને કેમ બચાવી રહ્યું છે તે સમજની બહાર છે."

શ્રીકાંતે ટીમ મેનેજમેન્ટની રણનીતિ સામે પણ આંગળી ચીંધી છે. તેમણે દાવો કર્યો કે તિલક વર્માને ફાસ્ટ બોલિંગ સામે નબળો જાણીને જ ટીમ તેને સુરક્ષિત કરવા માટે અક્ષર પટેલ જેવા ખેલાડીઓને વહેલા બેટિંગમાં મોકલી રહી છે. શ્રીકાંતે ભારપૂર્વક કહ્યું કે, "તમે એક વાઈસ કેપ્ટનને બેટિંગ લાઈન-અપમાં છુપાવી શકો નહીં. ત્રીજી T20 માં ૧૧ બોલમાં માત્ર ૩ રન અને ચોથી મેચમાં પણ ખાસ પ્રદર્શન ન કરી શકનાર ખેલાડીને કેમ સતત તક આપવામાં આવે છે?"

### સંજુ સેમસન માટે હિમાયત

ભારતીય બેટિંગ ક્રમમાં ચાલી રહેલા સંઘર્ષને જોતા શ્રીકાંતે સંજુ સેમસનને ફરીથી ટીમમાં સામેલ કરવાની હિમાયત કરી છે. તેમણે કહ્યું કે, "મારે તિલક વર્માની જગ્યાએ સંજુ સેમસનને રમતા જોવો વધુ ગમે છે. સેમસનને ટીમમાંથી બહાર રાખવાને બદલે તેને યોગ્ય તક આપવી જોઈએ."

ભારતીય ટીમ અત્યારે તેના ઈતિહાસના સૌથી ખરાબ ફોર્મમાં છે. આગામી છેલ્લી T20 મેચમાં ટીમમાં મોટા ફેરફારો થાય તેવી શક્યતા છે.

## એશિયન બોક્સિંગમાં ભારતનો દબદબો

# ભારતીય રમતગમત: બોક્સિંગમાં ભારતને 6 મેડલની ખાતરી



(એજન્સી) કોલકાતા । તા. 11

૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ ભારતીય રમતગમતના વિશ્વમાંથી મિશ્ર અને પ્રોત્સાહક સમાચારો સામે આવ્યા છે. ગોલ્ફ, બોક્સિંગ અને ક્રિકેટમાં ભારતીય ખેલાડીઓએ પોતપોતાની રીતે ઝળહળતું પ્રદર્શન કર્યું છે.

જકાર્તા ખાતે રમાઈ રહેલી એશિયન અંડર-૨૩ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય પુરુષ બોક્સરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતે સેમિફાઈનલમાં સ્થાન મેળવીને ૬ મેડલ નિશ્ચિત કરી લીધા છે. વિશ્વનાથ (૫૦ કિગ્રા) અને ગંગા (૫૫ કિગ્રા) એ ૫:૦ થી જીત મેળવી પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. આ ઉપરાંત વંશજ (૬૫ કિગ્રા) અને હિતેશે પણ આગામી રાઉન્ડમાં પ્રવેશ કરીને દેશ માટે મેડલ પાક્કા કર્યા છે. એવિયન ચેમ્પિયનશિપમાં ભારતીય સ્ટાર ગોલ્ફર અદિતિ અશોકે પ્રથમ રાઉન્ડમાં એક-અન્ડર ૭૦ના સ્કોર સાથે ૩૫મું સ્થાન મેળવ્યું છે. અદિતિ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં નવમી વખત ભાગ લઈ રહી છે, જોકે આ વખતે તે જાપાનની આકી ઈવાઈથી સાત શોટ પાછળ છે. બીજી તરફ, એશિયન ડેવલપમેન્ટ ટૂર પર પુખરાજ સિંહ ગિલે શાનદાર ફોર્મ જાળવી રાખીને સંયુક્ત ૧૯મું સ્થાન મેળવ્યું છે, જે તેમને ૨૦૨૭ એશિયન ટૂરની નજીક લઈ જાય છે.

સ્થાનિક ક્રિકેટ જગતમાં, હૈદરાબાદ ઈ-ચેમ્પિયન્સે શુક્રવારે રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં કરિમનગર ડાયમંડ્સને આઠ વિકેટથી હરાવીને ટાઈટલ ક્લેશમાં સ્થાન મેળવી લીધું છે. હવે રવિવારે રમાનારી ફાઈનલ મેચમાં હૈદરાબાદ ઈ-ચેમ્પિયન્સનો મુકાબલો ખમ્મમ એસીસ સામે થશે. હૈદરાબાદની ટીમ માટે આ વિજય આત્મવિશ્વાસ વધારનારો સાબિત થયો છે.

## ITTF ડબલ્સ વર્લ્ડ કપ પર મહોર

# ITTF ડબલ્સ વર્લ્ડ કપનું આયોજન ચીન બહાર થશે, યુરોપમાં ટેબલ ટેનિસનો જાદુ

(એજન્સી) પણજી । તા. 11

આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF) એ રમત જગતમાં એક મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. આગામી વર્ષ ૨૦૨૭માં યોજાનારા ઈનોગ્રલ 'ITTF ડબલ્સ વર્લ્ડ કપ'નું આયોજન ચીન અથવા મકાઉમાં નહીં, પરંતુ યુરોપમાં કરવામાં આવશે તેમ ITTF ના પ્રમુખ પેટ્રા સોર્લિંગે જણાવ્યું છે.

આગામી ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને, ટેબલ ટેનિસમાં ડબલ્સ વર્લ્ડ કપનું મહત્વ ખૂબ વધી ગયું છે. ઓલિમ્પિકમાં ડબલ્સ એક મહત્વની મેડલ ઈવેન્ટ હોવાથી, સોર્લિંગના મતે તેની અગાઉ એક ગ્લોબલ વર્લ્ડ કપ સ્પર્ધા યોજવી અનિવાર્ય છે. આ ટુર્નામેન્ટમાં પુરુષ, મહિલા અને મિશ્ર ડબલ્સ ઈવેન્ટ્સનો સમાવેશ કરવામાં આવશે. આ વર્લ્ડ કપનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓને ઓલિમ્પિક જેવું વાતાવરણ પૂરું પાડવાનો છે.

પેટ્રા સોર્લિંગે પણજી ખાતે ચાલી રહેલી 'અલ્ટીમેટ ટેબલ ટેનિસ' (UTT) લીગની સાતમી સીઝન દરમિયાન એક વિશેષ મુલાકાતમાં આ ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "અમે હજુ સુધી સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ અમે નક્કી કર્યું છે કે ડબલ્સ વર્લ્ડ કપને ચીન-મકાઉથી બહાર લઈ જઈશું અને યુરોપ તરફ પ્રયાણ કરીશું." તેમણે વધુમાં સ્વીકાર્યું હતું કે ભારતમાં



રમાતી UTT લીગ અને મિશ્ર ટીમોના કન્સેપ્ટમાંથી તેઓ ખૂબ પ્રેરિત થયા છે, જેના કારણે જ તેમણે 'મિક્સ ટીમ વર્લ્ડ કપ' જેવી નવી સ્પર્ધાઓનું સર્જન કર્યું છે.

સામાન્ય રીતે ટેબલ ટેનિસની મોટાભાગની વૈશ્વિક સ્પર્ધાઓ ચીન અથવા એશિયાઈ દેશોમાં યોજાતી હોય છે, પરંતુ આ વખતે ITTF દ્વારા આ ટુર્નામેન્ટને યુરોપ લઈ જવાનો નિર્ણય વૈશ્વિક સ્તરે રમતને લોકપ્રિય બનાવવાની રણનીતિ દર્શાવે છે. આ નિર્ણયથી યુરોપિયન ખેલાડીઓને તેમના ઘરેલુ વાતાવરણમાં રમવાનો અને પોતાની રમતને વધુ નિખારવાનો મોટો મોકો મળશે.

ITTF ના આ નિર્ણય બાદ હવે સમગ્ર વિશ્વના ટેબલ ટેનિસ ચાહકોની નજર સત્તાવાર સ્થળની જાહેરાત પર ટકેલી છે. રમત પ્રેમીઓ માની રહ્યા છે કે આ પગલું ટેબલ ટેનિસના ડબલ્સ ફોર્મેટને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

## ભારત 'એ' પ્રવાસનું શેડ્યૂલ જાહેર, IPL સ્ટાર્સથી સજ્જ હશે ટીમ

# ભારત 'એ' અને નેપાળ વચ્ચે રમાશે રોમાંચક T20 સીરીઝ

(એજન્સી) કાઠમંડુ । તા. 11

ક્રિકેટ ચાહકો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમનું 'ભારત એ' સંસ્કરણ આ વર્ષે ડિસેમ્બર મહિનામાં નેપાળના પ્રવાસે જઈ રહ્યું છે. ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળ (CAN) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) વચ્ચે થયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ આ ત્રણ મેચની T20 સીરીઝ પર આખરી મહોર લગાવવામાં આવી છે.

બંને દેશો વચ્ચેની તમામ મેચો કીર્તિપુર સ્થિત ત્રિભુવન યુનિવર્સિટીના ટીયુ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. આ સીરીઝનું કાર્યક્રમ નીચે મુજબ છે:

ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળના પ્રેસિડેન્ટ ચતુર બહાદુર ચંદ અને સચિવ પારસ ખડકા તેમજ BCCI ના સચિવ દેવજીત સૈકિયાની મહત્વની હાજરીમાં આ પ્રવાસનું આયોજન નક્કી કરવામાં આવ્યું હતું.

નેપાળની ક્રિકેટ ટીમ માટે આ પ્રવાસ એક મોટી તક સમાન છે. નેપાળે છેલ્લા કેટલાક સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અદભુત પ્રગતિ કરી છે. ખાસ કરીને તાજેતરના વર્લ્ડ કપમાં નેપાળે સ્કોટલેન્ડ જેવી ટીમોને હરાવી પોતાની ક્ષમતા સાબિત કરી છે, જ્યારે ઈંગ્લેન્ડ સામેની મેચમાં માત્ર ૪ રનથી મળેલી હાર તેમના સંઘર્ષની સાક્ષી પૂરે છે. આ સીરીઝમાં ભારત 'એ' ટીમમાં IPL ના દિગ્ગજ ખેલાડીઓ અને સીનિયર ટીમમાં રમી ચૂકેલા અનુભવી ખેલાડીઓનો સમાવેશ થવાની પૂરેપૂરી શક્યતા છે.

નેપાળમાં ભારતીય ટીમના આગમનને લઈને સ્થાનિક ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નેપાળના ક્રિકેટ વિકાસ માટે આ પ્રકારના મોટા આંતરરાષ્ટ્રીય પ્રવાસો અત્યંત મહત્વના સાબિત થાય છે. ભારત 'એ' ટીમની હાજરીથી નેપાળના યુવા ખેલાડીઓને મોટા સ્તરે અનુભવ મેળવવાની ઉત્તમ તક મળશે. આ સીરીઝ માત્ર બે દેશો વચ્ચેનો મુકાબલો નથી, પરંતુ એશિયન ક્રિકેટના વધતા જતા પ્રભાવનું પ્રતિબિંબ પણ છે.


## શૂટઆઉટ // ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ-નોર્વે જંગ, હોલેન્ડની આંધી સામે ઈંગ્લેન્ડ સાવધ

# ફૂટબોલ વિશ્વકપની ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ-નોર્વે ટક્કર

(એજન્સી) મિયામી । તા. 11

ફૂટબોલ વિશ્વકપ ૨૦૨૬ હવે તેના રોમાંચક તબક્કા પર પહોંચી ગયો છે. ક્વાર્ટર ફાઈનલના મુકાબલામાં ઈંગ્લેન્ડનો સામનો નોર્વેની શક્તિશાળી ટીમ સાથે થવાનો છે. આ મેચમાં ફૂટબોલ જગતની નજર નોર્વેના સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હોલેન્ડ અને ઈંગ્લેન્ડની મજબૂત ટીમ વચ્ચેના જંગ પર ટકેલી છે. ૨૮ વર્ષ બાદ વિશ્વકપમાં પરત ફરેલી નોર્વેની ટીમે બ્રાઝીલ જેવી દિગ્ગજ ટીમને હરાવીને પોતાની તાકાતનો પરચો આપ્યો છે.

આ વિશ્વકપમાં એર્લિંગ હોલેન્ડનું પ્રદર્શન અદભૂત રહ્યું છે. તેણે અત્યાર સુધી માત્ર ૧૨ શોટ ઓન ટાર્ગેટમાં ૭ ગોલ કર્યા છે, જે તેની ધારદાર ફિનિશિંગ ક્ષમતા સાબિત કરે છે. નિષ્ણાતો માને છે કે હોલેન્ડ હાલમાં એવી શક્તિ છે જે મેચનું પાસું ગમે ત્યારે પલટી શકે છે. ઈંગ્લેન્ડ માટે સૌથી મોટું કાર્ય હોલેન્ડને ગોલ કરતા રોકવાનું રહેશે, પરંતુ નોર્વેની મિડફિલ્ડ જોડી માર્ટિન ઓડેગાર્ડ અને સેન્ડર બેર્ગે પણ ઈંગ્લેન્ડની ચિંતા વધારી છે. આ



જોડીએ અત્યાર સુધીમાં ૧૨૮ પાસનું આદાન-પ્રદાન કર્યું છે, જે નોર્વેના હુમલાનો મુખ્ય આધારસ્તંભ છે.

### ઈંગ્લેન્ડનો આત્મવિશ્વાસ અને મુશ્કેલીઓ

બીજી તરફ, થોમસ ટુશેલના માર્ગદર્શન હેઠળ ઈંગ્લેન્ડની ટીમ પૂરા આત્મવિશ્વાસ સાથે રમી રહી છે. હેરી કેન ૬ ગોલ સાથે ફોર્મમાં છે, જ્યારે જુડ બેલિંગહામના ૪ ગોલે ટીમને આક્રમકતા આપી છે. જોકે, ઈંગ્લેન્ડ સામે સૌથી મોટો પડકાર ડિફેન્સ લાઈનનો છે. જારેલ ક્વાનસાહની સસ્પેન્શન અને માર્ક ગુહેઈની ઈજાને કારણે ટુશેલ માટે રક્ષણાત્મક વ્યૂહરચના ગોઠવવી મુશ્કેલ બની રહી છે. ડિફેન્સમાં જોવા મળી રહેલી આ નબળાઈનો લાભ લેવા માટે નોર્વે ચોક્કસપણે પ્રયત્ન કરશે.

### રણનીતિનું મહત્વ

ઈંગ્લેન્ડ પાસે વિશ્વકપ રમવાનો અનુભવ અને વિશાળ સ્ક્વોડ છે, પરંતુ નોર્વે પાસે હોલેન્ડ જેવું 'ફોર્સ' છે. ઈંગ્લેન્ડના કોચ થોમસ ટુશેલ માટે રક્ષણાત્મક ફેરફારો કરવા અત્યંત જરૂરી છે. જો ઈંગ્લેન્ડ માર્ટિન ઓડેગાર્ડની સર્જનાત્મકતાને રોકી શકે, તો તેઓ મેચ પર નિયંત્રણ મેળવી શકે છે. મેક્સિકો સામેની મેચમાં ૧૦ ખેલાડીઓ સાથે રમ્યા બાદ પણ ઈંગ્લેન્ડ જે રીતે મક્કમ રહ્યું હતું, તે તેમની માનસિક મજબૂતી દર્શાવે છે.

### શું ઈંગ્લેન્ડ હોલેન્ડને રોકી શકશે?

ફૂટબોલ ચાહકો માટે આ મેચ એક સંઘર્ષ સમાન છે. ઈંગ્લેન્ડ પોતાની જૂની યાદો અને ટીમ વર્ક પર નિર્ભર છે, જ્યારે નોર્વે પોતાના એકલવાયા સુપરસ્ટાર હોલેન્ડના જોરે આગળ વધી રહ્યું છે. શું ઈંગ્લેન્ડનો ડિફેન્સ હોલેન્ડની આંધીને રોકી શકશે? આ પ્રશ્નનો જવાબ ક્વાર્ટર ફાઈનલના મેદાન પર જ મળશે.

## ચેન્નાઈમાં પિંકાથોનનું આયોજન

# સાત વર્ષ બાદ ચેન્નાઈમાં પિંકાથોનનું આગમન, મહિલા ફિટનેસ માટે પિંકાથોન

(એજન્સી) ચેન્નાઈ । તા. 11

ભારતના રમતગમત જગત માટે આજે એક ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. જાણીતી દોડ સ્પર્ધા 'પિંકાથોન' સાત વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર ચેન્નાઈમાં યોજાવા જઈ રહી છે. મહિલાઓના સ્વાસ્થ્ય અને ફિટનેસને પ્રોત્સાહન આપતી આ સ્પર્ધા આગામી ૧ અને ૨ ઓગસ્ટના રોજ આઈલેન્ડ ગ્રાઉન્ડ્સ ખાતે યોજાશે. આ વર્ષની પિંકાથોનમાં ૩ કિમીથી લઈને ૧૦૦ કિમી સુધીની વિવિધ રેસ કેટેગરી રાખવામાં આવી છે. જેમાં ૩ કિમી, ૫ કિમી, ૧૦ કિમી ઉપરાંત અલ્ટ્રા-ડિસ્ટન્સ ઈવેન્ટ્સમાં ૫૦ કિમી, ૭૫ કિમી, ૧૦૦ કિમી અને ૧૦૦ કિમી રિલેનો સમાવેશ થાય છે. આ આયોજનનો મુખ્ય હેતુ તમામ વય જૂથ અને ફિટનેસ સ્તરની મહિલાઓને એક મંચ પર લાવવાનો છે. આ દોડમાં અનેક એવી મહિલાઓ ભાગ લઈ રહી છે જેઓ અન્યો માટે પ્રેરણારૂપ છે. તેમાં કેન્સર સામે ઝઝૂમીને વિજેતા બનેલી નંદિતા મુરલીધર, દ્રષ્ટિહીન દોડવીર ગાયત્રી એમ, ૬૫ વર્ષની વયે ૫૦ કિમી દોડનાર ગીતા મણિચંદર અને વર્કિંગ પ્રોફેશનલ ડેબોરા સુષ્મા લાલ જેવા અનેક નામ સામેલ છે. વર્ષોથી



પિંકાથોને ભારતની લાખો મહિલાઓને તેમના આત્મવિશ્વાસ અને સામુદાયિક સુખાકારી માટે દોડ તરફ પ્રોત્સાહિત કરી છે.

પિંકાથોનના સ્થાપક મિલિંદ સોમને જણાવ્યું હતું કે, "દરેક શહેર પિંકાથોનની સફરમાં એક નવો અધ્યાય જોડે છે. સાત વર્ષ બાદ ચેન્નાઈમાં પાછા ફરવું એ ખૂબ જ વિશેષ છે. અમારું માનવું છે કે જ્યારે મહિલાઓ ફિટનેસના માધ્યમથી એકસાથે આવે છે, ત્યારે તેઓ માત્ર પોતાનામાં જ નહીં, પરંતુ તેમના પરિવાર અને સમુદાયમાં પણ બદલાવ લાવે છે." આ ભવ્ય આયોજન ચેન્નાઈની મહિલાઓમાં ખેલકૂદ અને તંદુરસ્ત જીવનશૈલી પ્રત્યે નવી ઉર્જાનો સંચાર કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## અંતરિક્ષમાં ભારતનું ગૌરવ વધારશે, 8 માસના મિશન પર અનિલ મેનન

# અંતરિક્ષમાં ભારતનું ગૌરવ વધારશે અનિલ મેનન

(એજન્સી) નવી દિલ્હી । તા.11

ભારતીય મૂળના અને 'નાસા'ના તેજસ્વી એસ્ટ્રોનોટ અનિલ મેનન આગામી ૧૪ જુલાઈએ એક ઐતિહાસિક અંતરિક્ષ મિશનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. ૪૯ વર્ષીય મેનન આઠ મહિના માટે 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' (આઈએસએસ) પર રોકાણ કરશે અને ત્યાં વૈજ્ઞાનિક સંશોધનો હાથ ધરશે. આ મિશન માત્ર તેમના માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ છે.

અનિલ મેનન રશિયાના 'રોસકોસ્પોસ સોયુઝ એમ.એસ. ૨૯' સ્પેસક્રાફ્ટ દ્વારા કાઝાખસ્તાનમાં આવેલા 'બૈકનૂર-કોસ્મોડ્રોમ'થી અવકાશની યાત્રા શરૂ કરશે. તેમની આ મુસાફરીમાં રશિયાના બે અનુભવી અંતરિક્ષ યાત્રીઓ, પીયોટર ડુબ્રોવ અને આન્ના કીકીના પણ તેમની સાથે જોડાશે. આ ત્રણેય અવકાશયાત્રીઓ માટે આઈએસએસ એક ઓર્બિટિંગ લેબોરેટરી (ભ્રમણકક્ષામાં રહેલી પ્રયોગશાળા) સાબિત થશે, જ્યાં તેઓ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો પૂર્ણ કરશે.

અનિલ મેનન માત્ર એક એસ્ટ્રોનોટ નથી, પરંતુ એક કુશળ ઈમર્જન્સી મેડિસિન ફિઝિશ્યન પણ છે. અમેરિકાની સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકે ફરજ બજાવી ચૂકેલા મેનને પોતાની કારકિર્દીમાં મેડિસિન, મિલિટરી અને સ્પેસ એક્સપ્લોરેશન જેવા ક્ષેત્રોમાં અદભૂત કામગીરી કરી છે. તેઓ ખાસ કરીને અંતરિક્ષમાં માનવ સ્વાસ્થ્યને લગતી જટિલ સમસ્યાઓ ઉકેલવા માટે નિષ્ણાત માનવામાં આવે છે. તેમનું આ મિશન ભવિષ્યમાં માનવજાત માટે ઊંડા અવકાશમાં આરોગ્ય વિષયક પડકારોને દૂર કરવામાં મદદરૂપ થશે.



મેનનનું જીવન સંઘર્ષ અને સેવાભાવી કાર્યોથી ભરેલું છે. નાસામાં જોડાતા પહેલા, તેમણે અમેરિકન એરફોર્સમાં સેવા આપી હતી અને અફઘાનિસ્તાનમાં 'ઓપરેશન ફ્રીડમ' દરમિયાન ફ્રન્ટ-લાઈન પર રહીને તબીબી સહાય પૂરી પાડી હતી. આ ઉપરાંત, તેમણે 'હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન'માં રહીને માઉન્ટ એવરેસ્ટ સર કરવા જઈ રહેલા પર્વતારોહકોની સ્વાસ્થ્ય સંભાળ રાખી હતી. તેમના આ અનુભવો અવકાશમાં ખૂબ જ કામ લાગશે.

મેનન ભલે અમેરિકામાં જન્મેલા હોય, પરંતુ તેમનો ભારત સાથેનો નાતો ખૂબ જ મજબૂત છે. ૨૦૨૧માં તેમણે ભારતની મુલાકાત દરમિયાન રોટરી એમ્બેસેડર સ્કોલર તરીકે પોલિયો વેક્સિનેશન ઝુંબેશમાં એક વર્ષ સુધી સક્રિય યોગદાન આપ્યું હતું. તેમના પત્ની આન્ના વિલ્હેમ પણ સ્પેસ એક્સના મિશન દ્વારા અંતરિક્ષની મુસાફરી કરી ચૂક્યા છે. આમ, મેનન પરિવાર અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે અદભૂત યોગદાન આપી રહ્યો છે.

આ આઠ મહિનાના મિશનનો મુખ્ય હેતુ લાંબા ગાળા સુધી અવકાશમાં રહેવાથી માનવ શરીર પર થતી અસરોનો અભ્યાસ કરવાનો છે. વૈજ્ઞાનિકો આશા રાખી રહ્યા છે કે અનિલ મેનનનું સંશોધન આવનારા દાયકાઓમાં મંગળ ગ્રહ કે તેથી દૂરના ગ્રહો પર માનવ વસાહત માટે માર્ગ મોકળો કરશે. ૧૪ જુલાઈના રોજ જ્યારે આ મિશન શરૂ થશે, ત્યારે સમગ્ર વિશ્વની નજર આ આધુનિક અંતરિક્ષ યાત્રી પર હશે.

ભારતીય પિતા અને યુક્રેની માતાના સંતાન એવા અનિલ મેનન પોતાની કર્મઠતા અને બૌદ્ધિક ક્ષમતાથી વૈશ્વિક મંચ પર ભારતનું નામ રોશન કરી રહ્યા છે. તેમનું આ મિશન આવનારી પેઢીના ભારતીય યુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે.

---

### સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં શોક

# બહામાસમાં ભયાનક પ્લેન ક્રેશ, 10 લોકોના કરુણ મોત



(એજન્સી) નાસાઉ । તા.11

બહામાસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો માહોલ ગઈકાલે એકાએક શોકમાં ફેરવાઈ ગયો હતો. રાજધાની નાસાઉ નજીક ઉત્તર એન્ડ્રોસ વિસ્તારમાં એક ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા તેમાં સવાર તમામ ૧૦ લોકોના મોત નીપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર ટાપુ દેશમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

બહામાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન ઓથોરિટી દ્વારા મળતી માહિતી અનુસાર, 'ફ્લેમિંગો એર'ની માલિકીનું સેસ્ના ૪૦૨ (Cessna 402) વિમાન નાસાઉના લિન્ડેન પિંડલિંગ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી ઉડાન ભરીને સાન એન્ડ્રોસ જઈ રહ્યું હતું. ઉડાન ભર્યાના થોડા જ સમયમાં વિમાનનો સંપર્ક તૂટી ગયો હતો અને તે ઉત્તર એન્ડ્રોસ નજીક ક્રેશ થયું હતું. આ દુર્ઘટના એટલી ગંભીર હતી કે કોઈ પણ મુસાફર જીવતો બચી શક્યો નથી.

### પ્રધાનમંત્રીએ આપી પુષ્ટિ

શરૂઆતના અહેવાલોમાં એક વ્યક્તિનો જીવ બચ્યો હોવાની આશા સેવાઈ હતી, પરંતુ બહામાસના પ્રધાનમંત્રી ફિલિપ બ્રેવ ડેવિસે પત્રકાર પરિષદમાં દુઃખદ પુષ્ટિ કરી હતી કે હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગંભીર ઈજાઓને કારણે તે અંતિમ વ્યક્તિએ પણ દમ તોડી દીધો છે. આ સાથે મૃત્યુઆંક વધીને ૧૦ પર પહોંચ્યો છે. હાલમાં સત્તાવાળાઓ દ્વારા મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, જે પૂર્ણ થયા બાદ તેમના પરિવારોને જાણ કરવામાં આવશે.

### ઉજવણી વચ્ચે માતમ

દેશ જ્યારે પોતાની આઝાદીના પર્વની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે જ સર્જાયેલી આ દુર્ઘટનાએ સૌ કોઈને હચમચાવી દીધા છે. સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પ્રધાનમંત્રીએ તમામ સરકારી કાર્યક્રમોમાં સાદગી રાખવા અને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા જણાવ્યું છે. આ દુર્ઘટના એ બહામાસના ઈતિહાસની સૌથી દુઃખદ વિમાન દુર્ઘટનાઓમાંની એક ગણવામાં આવી રહી છે.

વિમાનન નિષ્ણાતોના મતે, સેસ્ના ૪૦૨ વિમાનની ટેકનિકલ તપાસ રિપોર્ટ બાદ જ દુર્ઘટનાના ચોક્કસ કારણો સ્પષ્ટ થશે. હાલ તો સમગ્ર દેશ આ દસ નિર્દોષ જીવોના મોત પર શોકાતુર છે.

બહામાસમાં આઝાદીની ઉજવણી વચ્ચે એક દુઃખદ પ્લેન દુર્ઘટના સર્જાઈ છે. ઉત્તર એન્ડ્રોસ નજીક 'ફ્લેમિંગો એર'ના સેસ્ના 402 વિમાન ક્રેશ થતાં તેમાં સવાર તમામ 10 લોકોના કરુણ મોત નિપજ્યા છે.

આ વિમાને નાસાઉથી સાન એન્ડ્રોસ જઈ રહ્યું હતું. સરકારે તાત્કાલિક અસરથી 'ફ્લેમિંગો એર'ની તમામ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકી તપાસના આદેશ આપ્યા છે.

#### તપાસ, સુરક્ષાના પગલાં

દુર્ઘટનાના કારણોની તપાસ કરવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. આ ગંભીર અકસ્માતને ધ્યાનમાં રાખીને, બહામાસ સરકારે સુરક્ષાના ભાગરૂપે 'ફ્લેમિંગો એર'ની તમામ ફ્લાઈટ્સ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દીધો છે. જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને સુરક્ષાના તમામ માપદંડોની ચકાસણી ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ યથાવત રહેશે.

---

## ન્યૂઝ બ્રીફ

### એન વિડેકોમ્બ હત્યાથી બ્રિટન આખામાં સનસનાટી



લંડન | બ્રિટનના રાજકીય જગતમાંથી આજે એક અત્યંત ચોંકાવનારા અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કન્ઝર્વેટિવ પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી ૭૮ વર્ષીય એન વિડેકોમ્બની તેમના જ નિવાસસ્થાને ઘાતકી હત્યા કરવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડમાં આવેલા તેમના ઘરમાંથી લોહીથી લથબથ મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, એન વિડેકોમ્બ તેમના નિવાસસ્થાને એકલા રહેતા હતા. જ્યારે પોલીસને જાણ કરવામાં આવી અને તપાસ હાથ ધરવામાં આવી, ત્યારે તેમનો મૃતદેહ ગંભીર ઈજાઓ સાથે મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં તેમના શરીર પર તીક્ષ્ણ હથિયારના અનેક નિશાન સ્પષ્ટપણે જોઈ શકાતા હતા, જે આ હુમલાની ક્રૂરતા સાબિત કરે છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાસ્થળથી આશરે ૧૫ કિલોમીટર દૂર આવેલા ન્યૂટન એબોટ વિસ્તારમાંથી પોલીસે એક ૨૮ વર્ષીય બ્રિટિશ યુવકની શંકાસ્પદ હાલતમાં ધરપકડ કરી છે. હાલ આ યુવકની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે.

### શેરબજાર કડાકો, એરિક ટ્રમ્પ ક્રિપ્ટોમાં 5700 કરોડ ગુમાવ્યા



વોશિંગ્ટન | અમેરિકન પ્રમુખ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પ માટે આર્થિક મોરચે માઠા સમાચાર સામે આવ્યા છે. ક્રિપ્ટોકરન્સીમાં આવેલા ભારે ઘટાડાના કારણે એરિક ટ્રમ્પને ૬૦ કરોડ ડોલર એટલે કે અંદાજે ૫,૭૦૦ કરોડ રૂપિયાથી વધુની જંગી રકમનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તેમની માલિકીની કંપની 'અમેરિકન બિટકોઈન કોર્પ' હાલ ગંભીર આર્થિક સંકટમાં મુકાઈ ગઈ છે. ચાલુ વર્ષે ક્રિપ્ટોકરન્સીના બજારમાં આવેલા કડાકાની સીધી અસર એરિક ટ્રમ્પની કંપની પર પડી છે. એક સમયે જે કંપનીનો શેર ૧૪૦ ડોલરની ઊંચી સપાટી પર હતો, તે ગગડીને માત્ર ૬ ડોલર પર આવી ગયો છે. કંપનીના શેરમાં ૯૫ ટકા સુધીનો ઘટાડો નોંધાતા રોકાણકારોમાં પણ ભારે ફફડાટ જોવા મળ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે કંપનીને નાસ્ડેક પર લિસ્ટિંગ ટકાવી રાખવા માટે આ સપ્તાહે 'વન ફોર ફિફ્ટીન રિવર્સ સ્ટોક સ્પ્લિટ' કરવાની ફરજ પડી છે.

---

### પરમાણુ ચાલથી વધી અમેરિકાની ચિંતા

# ઈરાનની પરમાણુ ચાલથી US-ઈઝરાયેલની ચિંતા વધી, સેટેલાઈટ તસવીરોમાં ખુલી પોલ

(એજન્સી) વોશિંગ્ટન/તેહરાન । તા.11

અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ મંત્રણા શરૂ થવાના સંકેતો વચ્ચે ઈરાને પડદા પાછળ પોતાની સૈન્ય તાકાત વધારવાની નવી ચાલ શરૂ કરી દીધી છે. સેટેલાઈટ દ્વારા લેવામાં આવેલી નવી તસવીરોએ મધ્ય-પૂર્વના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે, કારણ કે ઈરાનના અત્યંત સંવેદનશીલ પરમાણુ અને મિસાઈલ ઠેકાણાઓ પર અચાનક હલચલ વધી ગઈ છે. આ ઘટસ્ફોટ બાદ અમેરિકા અને ઈઝરાયેલ બંને દેશોની સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ છે.

### સેટેલાઈટ તસવીરોમાં મોટો ઘટસ્ફોટ

તાજેતરમાં લેવાયેલી સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે ઈરાન પોતાના નુકસાન પામેલા સૈન્ય મથકોને પુનઃજીવિત કરી રહ્યું છે. ખાસ કરીને 'પારચિન સૈન્ય સંકુલ'ના 'તાલેઘાન-૨' વિસ્તારમાં ઈરાને યુદ્ધના ધોરણે સમારકામ અને પુનઃનિર્માણનું કામ હાથ ધર્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે ભૂતકાળમાં આ જગ્યાનો ઉપયોગ પરમાણુ હથિયારો સાથે સંબંધિત સામગ્રીના સંગ્રહ માટે થતો હતો. ૨૨ જૂન અને ૭ જુલાઈના ડેટાની સરખામણી કરતાં સમજાય છે કે ઈરાન કોઈપણ કિંમતે પોતાના ગુપ્ત મથકોને ફરીથી સક્રિય કરવા માંગે છે.

### ટ્રમ્પનું નિવેદન: સીઝફાયરનો અંત

આ તણાવપૂર્ણ માહોલ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક કડક નિવેદન જાહેર કર્યું છે. તેમણે સ્વીકાર્યું છે કે ઈરાન સાથે વાતચીતની પ્રક્રિયા ચાલુ રાખવા માટે સહમતી સધાઈ છે, પરંતુ સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો વચ્ચેનો યુદ્ધવિરામ એટલે કે સીઝફાયર સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયો છે. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે શાંતિ વાર્તાના માર્ગમાં પણ અનેક અવરોધો છે અને સુરક્ષાની દ્રષ્ટિએ અમેરિકા કોઈ પણ જોખમ લેવા તૈયાર નથી.



### અંડરગ્રાઉન્ડ અડ્ડાઓ પર રહસ્યમય ગતિવિધિ

મીડિયા અહેવાલ મુજબ, 'પિકએક્સ માઉન્ટેન' વિસ્તારમાં પણ ગંભીર ગતિવિધિઓ નોંધાઈ છે. આ સ્થળ ઈરાનનું સંભવિત અંડરગ્રાઉન્ડ પરમાણુ ઠેકાણું ગણાય છે. જૂન મહિનાના અંતમાં લેવાયેલી તસવીરોમાં પહાડી વિસ્તારની અંદર અને બહાર વાહનોની સતત અવરજવર જોવા મળી છે. સુરક્ષા નિષ્ણાતો માને છે કે ઈરાન પોતાની પરમાણુ ક્ષમતાને અંડરગ્રાઉન્ડ સુરંગોમાં સુરક્ષિત રાખીને વધુ મજબૂત બનાવી રહ્યું છે, જે મધ્ય-પૂર્વમાં આવનારા સમયમાં મોટા સંઘર્ષના એંધાણ આપે છે.

### અમેરિકા અને ઈઝરાયેલની સુરક્ષા ચિંતા

ઈરાનની આ નવી ચાલને ઈઝરાયેલ એક સીધા પડકાર તરીકે જોઈ રહ્યું છે. ઈઝરાયેલની સુરક્ષા નીતિ હંમેશાથી ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરવાથી રોકવાની રહી છે. હવે જ્યારે ઈરાન તેના નાશ પામેલા મથકોનું પુનઃનિર્માણ કરી રહ્યું છે, ત્યારે ઈઝરાયેલ માટે આ સ્થિતિ ચિંતાજનક બની છે. અમેરિકા પણ ઈરાનના આ પગલાઓને આંતરરાષ્ટ્રીય કરારોનું ઉલ્લંઘન માની રહ્યું છે.

### નિષ્કર્ષ: શાંતિ અને સંઘર્ષ વચ્ચેની પાતળી રેખા

એક તરફ વાટાઘાટોની ટેબલ પર શાંતિની વાતો થઈ રહી છે, તો બીજી તરફ જમીન પર સૈન્ય પુનઃનિર્માણની ગતિવિધિઓ તેજ બની છે. આ વિરોધાભાસી સ્થિતિ મધ્ય-પૂર્વની શાંતિ માટે ખતરાની ઘંટડી સમાન છે. આગામી દિવસોમાં આ મામલે શું વળાંક આવશે, તે જોવું રહ્યું. શું ઈરાન પોતાની પરમાણુ મહત્વકાંક્ષાને કારણે વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને નોતરા આપશે, કે પછી કોઈ મધ્યમ માર્ગ નીકળશે, તે સમગ્ર વિશ્વની નજર આ ઘટનાક્રમ પર ટકેલી છે.

---

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે 18 કરારોથી રણનીતિક ભાગીદારી, ચીન સામે ભારત-ન્યુઝીલેન્ડનો મોરચો

(એજન્સી) ઓકલેન્ડ । તા.11

આશરે ૪૦ વર્ષના લાંબા સમયગાળા બાદ ભારતના વડાપ્રધાનની ન્યુઝીલેન્ડની ઐતિહાસિક મુલાકાતે બંને દેશોના પરસ્પર સંબંધોમાં એક નવો અધ્યાય લખ્યો છે. ઓકલેન્ડમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૮ મહત્વના કરારો અને જાહેરાતો પર સહમતી સધાઈ છે, જેમાં ૧૦ સમજૂતી કરારો અને ૮ મહત્વપૂર્ણ જાહેરાતોનો સમાવેશ થાય છે. આ મુલાકાત સાથે બંને દેશોના સંબંધો હવે 'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ના સ્તરે પહોંચ્યા છે.

આ મુલાકાતનું મહત્વ માત્ર દ્વિપક્ષીય સંબંધો પૂરતું મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક સ્તરે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં બદલાતા સમીકરણો માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. નિષ્ણાતોના મતે, આ ભાગીદારી ચીનની વધતી જતી દાદાગીરી અને પ્રભાવને સંતુલિત કરવા માટેનું એક મજબૂત કદમ છે. બંને દેશોએ સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, વેપાર, કૃષિ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ મુલાકાતનું સૌથી નોંધપાત્ર પાસું સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે થયેલા કરારો છે. બંને દેશોની સેનાઓ હવે દરિયાઈ સુરક્ષા, ગુપ્ત માહિતીઓની આપ-લે અને સંયુક્ત સૈન્ય અભ્યાસમાં સહયોગ કરશે. દરિયાઈ માર્ગોની સુરક્ષાને સુદ્રઢ બનાવવા માટે હાઈડ્રોગ્રાફી ડેટા અને નકશાઓ શેર કરવા પર પણ સહમતી સધાઈ છે. એક મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ, બંને દેશોની નૌસેનાઓ જરૂરિયાત ઊભી થવા પર એકબીજાને લોજિસ્ટિક સપોર્ટ પણ પૂરી પાડી શકશે. આતંકવાદ અને કુદરતી આપદાઓ સામે લડવા માટે પણ બંને રાષ્ટ્રોએ હાથ મિલાવ્યા છે. આ માટે એક 'જોઈન્ટ વર્કિંગ ગ્રુપ'ની રચના કરવામાં આવશે જે આતંકવાદી ગતિવિધિઓ સામે સંયુક્ત વ્યૂહરચના બનાવશે.

---

# હોર્મુઝ સંકટ: ઈરાનને ટ્રમ્પનું 24 કલાકનું અલ્ટીમેટમ, અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધના એંધાણ

(એજન્સી) વોશિંગ્ટન/મસ્કાટ । તા.11

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર વર્ચસ્વ જમાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો વિવાદ હવે યુદ્ધ જેવી ગંભીર સ્થિતિમાં પહોંચ્યો છે. છેલ્લા ચાર દિવસથી દરિયાકાંઠાના વિસ્તારોમાં થઈ રહેલા પ્રચંડ ધડાકા અને ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ૨૪ કલાકનું કડક અલ્ટીમેટમ આપ્યું છે.

વિવાદનું મુખ્ય કારણ હોર્મુઝના દરિયાઈ માર્ગો પર અંકુશ મેળવવાની હોડ છે. ઈરાને હોર્મુઝની અંદર એક નવો દરિયાઈ રસ્તો બનાવીને દાવો કર્યો છે કે તમામ જહાજોએ તેના નિયંત્રણ હેઠળના આ માર્ગેથી પસાર થવું પડશે. બીજી તરફ અમેરિકા ત્યાં એક અલગ કોરિડોર ચલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિવાદના કારણે હવે બે અઠવાડિયા પહેલા થયેલી સમજૂતી પણ જોખમમાં મુકાઈ ગઈ છે. જ્યારે અમેરિકાના સૂચવેલા રસ્તેથી કોઈ વ્યાપારી જહાજ



પસાર થાય છે, ત્યારે ઈરાન દ્વારા તેના પર હુમલો કરવામાં આવે છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ઈરાન આગામી ૨૪ કલાકમાં હોર્મુઝના માર્ગને તમામ દેશો માટે શુલ્ક વગર ખુલ્લો જાહેર કરે. અમેરિકાની માંગ છે કે કોમર્શિયલ શિપિંગ ચેનલોને કોઈપણ ટેક્સ વગર મુક્ત કરવામાં આવે અને ભવિષ્યમાં કોઈપણ જહાજને નિશાન બનાવવામાં ન આવે. આ વૈશ્વિક ઓઈલ સપ્લાય માટે અત્યંત મહત્વનો માર્ગ છે, જ્યાંથી વિશ્વના કુલ ઓઈલ પુરવઠાનો પાંચમો હિસ્સો પસાર થાય છે.

ટ્રમ્પના આ આકરા નિવેદન પૂર્વે અમેરિકન વાયુસેનાએ ઈરાનના મુખ્ય મથકો પર ભારે બોમ્બમારો કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ઈરાનના પશ્ચિમ ભાગમાં આવેલા પાવર સ્ટેશનો અને તટીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને તેમને નષ્ટ કરવામાં આવ્યા છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલયનો દાવો છે કે આ હુમલાનો હેતુ ઈરાનની આર્થિક અને ટેકનિકલ કમર તોડવાનો છે, જેથી તે પોતાની સૈન્ય પ્રવૃત્તિઓ મર્યાદિત કરવા મજબૂર બને.

આ તણાવ વચ્ચે શનિવારે મસ્કાટ ખાતે ઓમાન અને ઈરાનના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાવાની શક્યતા છે, જેમાં અમેરિકાના પ્રતિનિધિઓ પણ જોડાઈ શકે છે. દુનિયાભરની નજર હવે હોર્મુઝના આ જ્વલંત મુદ્દા પર અને આગામી ૨૪ કલાકમાં લેવાનારા નિર્ણાયક પગલાં પર ટકેલી છે.

---

**એઆઈ** | ચેટજીપીટી 5.6ના ત્રણ નવા મોડલ, વધુ સચોટ અને પાવરફૂલ કામગીરી

# ઓપનએઆઈ દ્વારા ચેટજીપીટી 5.6નું નવું મોડલ લોન્ચ


(એજન્સી) કેલિફોર્નિયા । તા.11

કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રે વૈશ્વિક અગ્રેસર એવી સંસ્થા ઓપનએઆઈએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જગતમાં મોટી ક્રાંતિ લાવતા ચેટજીપીટીનું નવું અને અત્યંત શક્તિશાળી વર્ઝન ૫.૬ લોન્ચ કર્યું છે. આ વખતે કંપનીએ માત્ર એક જ મોડલને બદલે વપરાશકર્તાઓની જરૂરિયાત મુજબ ત્રણ અલગ-અલગ મોડલ્સ - જીપીટી-૫.૬ વર્ઝન, જીપીટી-૫.૬ ટેરા અને જીપીટી-૫.૬ લુના રજૂ કર્યા છે. આ નવા મોડલ્સ અગાઉના તમામ વર્ઝનની સરખામણીએ વધુ તાર્કિક ક્ષમતા અને સચોટતા ધરાવે છે.

કંપનીના જણાવ્યા મુજબ, દરેક મોડલ ચોક્કસ પ્રકારના કાર્ય માટે તૈયાર કરવામાં આવ્યું છે:

જીપીટી-૫.૬ વર્ઝન: આ આ શ્રેણીનું સૌથી શક્તિશાળી મોડલ છે. જટિલ કોડિંગ, વૈજ્ઞાનિક સંશોધન અને ગણિતના અઘરા પ્રશ્નો ઉકેલવા માટે આ મોડલ શ્રેષ્ઠ છે.

જીપીટી-૫.૬ ટેરા: આ મોડલ મુખ્યત્વે ઓફિસના




રોજિંદા કામ, બિઝનેસ મેનેજમેન્ટ અને ડેવલપર્સને ધ્યાનમાં રાખીને બનાવાયું છે. તે કાર્યક્ષમતા અને ખર્ચ વચ્ચે યોગ્ય સંતુલન જાળવે છે.

જીપીટી-૫.૬ લુના: આ મોડલ સૌથી ઓછા ખર્ચે કામ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે, જે કંપનીઓ માટે વ્યાપક ઉપયોગમાં ખૂબ જ અસરકારક સાબિત થશે.

### નવા ફીચર્સની આકર્ષક ક્ષમતાઓ

આ નવા વર્ઝનમાં 'મેક્સ રિઝનિંગ મોડ' અને 'અલ્ટ્રા મોડ' જેવા અત્યાધુનિક ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે. 'મેક્સ રિઝનિંગ મોડ'ની મદદથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોઈ પણ જવાબ આપતા પહેલા વધુ સમય લઈને ઊંડાણપૂર્વક વિચારશે, જેથી જવાબ વધુ સચોટ મળે. જ્યારે 'અલ્ટ્રા મોડ' એકસાથે અનેક જટિલ કામોને સંભાળવાની ક્ષમતા ધરાવે છે, જે લાંબા પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ છે.

### ઓફિસના કામમાં ક્રાંતિકારી ફેરફાર

કંપનીએ 'ચેટજીપીટી વર્ક' નામનું એક નવીનતમ ફીચર પણ રજૂ કર્યું છે. આ ફીચર દ્વારા ચેટજીપીટી હવે સીધું જ જીમેલ, ગૂગલ ડ્રાઈવ અને સ્લેક જેવી ઓફિસ એપ્લિકેશન્સ સાથે જોડાઈ શકશે. આ જોડાણથી યુઝર્સ દસ્તાવેજો તૈયાર કરવા, પ્રેઝન્ટેશન બનાવવા અને ડેટાનું સંકલન કરવાનું કામ માત્ર એક ક્લિકથી કરી શકશે. આ સુવિધા કર્મચારીઓની ઉત્પાદકતામાં અનેકગણો વધારો કરશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે.

---

# ચીનનો ઈતિહાસ: રિયુઝેબલ રોકેટ સફળતાપૂર્વક રિકવર

(એજન્સી) બેઈજિંગ । તા.11

ચીને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે એક અદભુત અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ચીને પોતાના અત્યાધુનિક 'લોંગ માર્ચ-૧૦એ' રોકેટના પ્રથમ તબક્કાને સમુદ્રમાંથી સફળતાપૂર્વક રિકવર કરીને વિશ્વભરમાં સનસનાટી મચાવી દીધી છે. ૧૪ ટન વજન ક્ષમતા ધરાવતું આ રોકેટ ટેકનોલોજીની દ્રષ્ટિએ એટલું સચોટ છે કે તે અવકાશમાં ગયા બાદ ફરીથી સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત આવી શક્યું છે.

અત્યાર સુધી વિશ્વના મોટા અને શક્તિશાળી દેશો જેવા કે અમેરિકા કે રશિયા પણ રોકેટના સંપૂર્ણ રિકવરી પ્રોગ્રામમાં આ સ્તરની સફળતા મેળવી શક્યા નથી. ચીની વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, લોન્ચિંગના છ મિનિટ બાદ રોકેટના પ્રથમ અને બીજા સ્ટેજ અલગ થયા હતા. ત્યારબાદ, બૂસ્ટર રોકેટને નિયંત્રિત પદ્ધતિથી સમુદ્રમાં તૈયાર કરેલા પ્લેટફોર્મ પર ઉતારવામાં આવ્યું હતું. સ્પેસએક્સ જેવી ખાનગી કંપનીઓ સામાન્ય રીતે ડ્રોન શિપનો ઉપયોગ કરે છે, પરંતુ ચીને આ વખતે એક નવી 'નેટ સિસ્ટમ'નો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિના કારણે રોકેટને નુકસાન થવાની શક્યતા નહિવત્ રહે છે અને તેને ફરીથી ઉપયોગમાં લેવાની પ્રક્રિયા વધુ સરળ બને છે. રિયુઝેબલ રોકેટનો મુખ્ય હેતુ અવકાશ મિશન પાછળ થતા અતિશય ખર્ચમાં ઘટાડો કરવાનો છે. દર વખતે નવું બૂસ્ટર રોકેટ બનાવવાને બદલે, જો એક જ રોકેટને વારંવાર ઉપયોગમાં લઈ શકાય, તો અંતરિક્ષ ક્ષેત્રે ભારત જેવા અન્ય દેશો અને વૈશ્વિક સંસ્થાઓ માટે પણ નવી તકો ખુલશે. ચીનનું આ મિશન મુખ્યત્વે તેમના ચંદ્ર પર પહોંચવાના સ્વપ્નને સાકાર કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

### લોકનાયક જયપ્રકાશ નારાયણને સમર્પિત આ પુસ્તકાલય યુવાનો માટે જ્ઞાન અને ચિંતનનું એક નવું કેન્દ્ર બનશે

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં જયપ્રકાશ નારાયણ પુસ્તકાલયનું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 11

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં જયપ્રકાશ નારાયણ પબ્લિક લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, દિલ્હી સરકારના મંત્રી શ્રી પ્રવેશ વર્મા અને નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ (NDMC) ના ચેરમેન શ્રી કેશવ ચંદ્રા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સમારોહને સંબોધતા, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે દેશનું ભવિષ્ય કૃષિ, બજાર કે ઉદ્યોગ દ્વારા નહીં, પરંતુ તેના પુસ્તકાલયોમાં આવતા યુવાનોની સંખ્યા દ્વારા નક્કી થાય છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રને આગળ ધપાવતી, રાષ્ટ્રનું નિર્માણ કરતી અને તેને સમૃદ્ધિ આપતી બધી પ્રવૃત્તિઓનો પાયો જ્ઞાન અને શાણપણમાં રહેલો છે. ફક્ત પુસ્તકાલય જ આ જ્ઞાન આપી શકે છે.

શ્રી અમિત શાહે યુવા પેઢીને પુસ્તકાલયમાં જોડાવાની અપીલ કરી હતી. વાંચનની આદત કેળવતાની સાથે જ સારા અને ખરાબ વચ્ચેનો ભેદ સ્વાભાવિક રીતે જ જાગૃત થશે. ગૃહમંત્રીએ પોતાનો અનુભવ શેર કરતા કહ્યું કે જે નાના શહેરમાં તેમનો જન્મ થયો અને બાળપણ વિતાવ્યું ત્યાં એક સારી રીતે ભરેલી લાઈબ્રેરી હતી. તેમણે કહ્યું કે તે લાઈબ્રેરીમાં જોડાવાથી તેમના જીવનમાં મોટો ફેરફાર આવ્યો છે. તેમણે કહ્યું કે 'અલાદીન અને જાદુઈ ચિરાગ', 'અલીબાબા ઔર ચાલીસ ચોર' અને 'સિંદબાદકી યાત્રા' જેવા પુસ્તકો વાંચતી વખતે, તેમને ખ્યાલ જ ન આવ્યો કે તેમની અભ્યાસ યાત્રા ક્યારે વેદ અને ઉપનિષદ સુધી પહોંચી ગઈ. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે આજે સભાગૃહમાં તેમણે એક વાક્ય લખેલું જોયું: 'બોલતા પહેલા વિચારો, કારણ કે શબ્દો ક્યારેય પાછા આવતા નથી.' તેમણે કહ્યું કે બોલતા પહેલા વિચારવું જોઈએ, અને વિચારતા પહેલા,





વ્યક્તિએ શું વિચારવું તે વાંચવું જોઈએ અને આ સંસ્કૃતિ ફક્ત પુસ્તકાલયમાંથી જ મેળવી શકાય છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પુસ્તકાલયોએ તેમના જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે જણાવ્યું હતું કે તેમણે તેમના મતવિસ્તારમાં એક નાનો પ્રયોગ કર્યો છે. તેમના મતવિસ્તારના લગભગ દરેક ગામમાં એક પુસ્તકાલય ખોલવામાં આવ્યું છે, જેમાં આશરે 3,000-4,000 પુસ્તકો છે. આ પુસ્તકાલયો મુખ્ય પુસ્તકાલય સાથે જોડાયેલા છે, જેમાં 1.25 લાખ પુસ્તકો છે. આ ઉપરાંત, ચાર મોબાઈલ વાન પણ શરૂ કરવામાં આવી છે. તેમણે નોંધ્યું હતું કે ગામડાના બાળકો પુસ્તકાલયમાં તેમના મનપસંદ નામ લખીને પુસ્તકોની વિનંતી કરે છે, અને દર શુક્રવારે, ગામમાં તેમને પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે અમે દરેક પુસ્તકાલયને શાળાઓ સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે.ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે લોકનાયક જયપ્રકાશ નારાયણને સમર્પિત આ પુસ્તકાલય યુવાનો માટે જ્ઞાન અને ચિંતનનું એક નવું કેન્દ્ર બનશે. તેમણે દિલ્હી સરકારને દિલ્હીની તમામ પુસ્તકાલયોને જોડવા અને શાળાઓને જોડવા માટે એક નક્કર યોજના વિકસાવવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પુસ્તકપ્રેમીઓને પુસ્તકાલયો સાથે જોડવા માટે એક કાર્ય યોજના વિકસાવવી જોઈએ. તેમણે જયપ્રકાશ નારાયણ પબ્લિક લાઈબ્રેરીના સ્ટાફને પણ વિનંતી કરી કે તેઓ નવી દિલ્હીની આસપાસના 10 વિધાનસભા મતવિસ્તારોની તમામ શાળાઓનો સંપર્ક કરે જેથી યુવાનોને લાઈબ્રેરી સાથે જોડવામાં આવે અને તેમને મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે. એકવાર યુવાનો વાંચનની ટેવ વિકસાવી લેશે, પછી તેઓ પણ તેનું પાલન કરશે.કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પુસ્તકાલયો જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી મારવાની હિંમત આપે છે અને સમુદ્રની નીચે છુપાયેલા મોતી અને રત્નોને મેળવવાની પ્રેરણા પણ આપે છે. જ્ઞાનના મહાસાગરમાંથી કાઢવામાં આવેલા આ મોતી અને રત્નો વ્યક્તિત્વમાં વધારો કરે છે, દેશને આગળ ધપાવે છે, તેને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવે છે અને દેશને સંસ્કારી, શિક્ષિત અને સુરક્ષિત બનાવે છે. તેમણે કહ્યું કે સાહિત્યકાર રામધારી સિંહ 'દિનકર' જીને વાંચ્યા વિના, આ દેશના આત્મા, સંસ્કૃતિ, આત્મસન્માન અને સંઘર્ષને સમજી શકાતા નથી, અને પુસ્તકાલયો આ માટે સૌથી મજબૂત માધ્યમ બની શકે છે.ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે જયપ્રકાશ નારાયણ પબ્લિક લાઈબ્રેરી બિલ્ડિંગમાં 30,000 થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. તેમાં સંશોધકો માટે સમર્પિત સુવિધાઓ, આધુનિક બહુહેતુક ઓડિટોરિયમ, આધુનિક વાંચન ક્ષેત્ર, બાળકો માટે ઝોન, સંશોધન કેન્દ્ર અને 10 મિલિયન પુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ સાથેની ઈ-લાઈબ્રેરી છે. Wi-Fi મફત છે. અસંખ્ય મોનિટર સ્થાપિત કરવામાં આવ્યા છે જ્યાં મુલાકાતીઓ નોંધ લઈ શકે છે, સામગ્રી ડાઉનલોડ કરી શકે છે અને તેમના વિચારને આગળ વધારી શકે છે.

## એક રાતમાં 6 હત્યા, બે પરિવારનો અંત, જામીન પર બહાર આવેલા માથાફરેલાએ ખેલ્યો ખૂની ખેલ

તેલંગાણા: તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લાના શહાબાદ (શાબાદ) પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક રૂવાડા ઉભા કરી દે તેવી ક્રૂર ઘટના સામે આવી છે. અહીં પોક્સો (POCSO) એક્ટના એક આરોપીએ જામીન પર જેલમાંથી બહાર આવતાની સાથે જ એક જ રાતમાં બે પરિવારોના કુલ 6 લોકોની હત્યા કરી નાખી છે. નરાધમે તેને જેલમાં મોકલનાર સગીર પીડિતાના પરિવારની હત્યા કર્યા બાદ પોતાના ઘરે જઈને પત્ની અને બે માસૂમ બાળકોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, 35 વર્ષીય આરોપી રાજુ કુમાર સામે સગીર છોકરીનો પીછો કરવા બદલ આ જ વર્ષે મે મહિનામાં પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. શુક્રવારે રાત્રે આશરે 10:45 વાગ્યે આરોપી પોતાના ગામ રાયવલગુડાથી 6 કિલોમીટર દૂર શહાબાદ પહોંચ્યો, જ્યાં સગીર પીડિતાનો પરિવાર રહેતો હતો. જેમ જ પીડિતાની 42 વર્ષીય માતાએ દરવાજો ખોલ્યો, રાજુએ તેમના પર ચપ્પુ વડે હુમલો કરી દીધો. ત્યારબાદ ઘરમાં ઘૂસીને સૂઈ રહેલી 60 વર્ષીય નાનીની પણ હત્યા કરી નાખી. જોકે, ઘરમાં હાજર પીડિતાની 20 વર્ષીય માનસિક રીતે અસ્વસ્થ બહેનને તેણે કોઈ નુકસાન પહોંચાડ્યું ન હતું.પોલીસની સ્પેશિયલ ટીમો બનાવવામાં આવી છે અને તમામ 6 મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે.

# News Brief

## દેશમાં વરસાદની ઘટનામાં 10ના મોત ઉત્તરાખંડ, હિમાચલમાં ભુસ્ખલન-પૂર

નવી દિલ્હી : ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ભુસ્ખલનની ઘટનાઓ યથાવત છે, જ્યારે મિઝોરમ અને ત્રિપુરામાં ભારે પૂર આવ્યા હતા. જેને પગલે જનજીવન ઠપ થઇ ગયું છે. દેશમાં વિવિધ સ્થળે વરસાદી ઘટનાઓમાં આશરે દસ લોકો માર્યા ગયા છે. રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારો તેમજ રાજસ્થાનમાં વરસાદે વિરામ લીધો હતો.હિમાચલ પ્રદેશમાં અનેક વિસ્તારોમાં ભારેથી અતી ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું, રોડ બ્લોક થઇ ગયા હતા જ્યારે અનેક પુલ અને વૃક્ષોને ભારે નુકસાન થયું છે.કેટલાક વિસ્તારોમાં શાળાઓને બંધ રાખવામાં આવી છે. પર્યટન સ્થળ શિમલામાં અનેક રોડ બંધ કરવા પડયા હોવાથી પર્યટકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.કાલકા-શિમલા નેશનલ હાઈવે પર પહાડી વિસ્તારો પરથી પથ્થરો પડયા હતા. ઉત્તર પ્રદેશમાં વરસાદની ઘટનાઓમાં બે લોકો માર્યા ગયા હતા, રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.અરુણાચલ પ્રદેશમાં પૂરની ઘટનાઓમાં મૃત્યુઆંક સાત થયો હતો, એક ગુમ મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. નોઇડામાં પાણી ભરેલા ઘાડામાં પડી જવાથી એક યુવકનું મોત થયું હતું, ઉત્તરાખંડમાં ભારે વરસાદ પડયો હતો જેને પગલે આશરે ૧૧૮ જેટલા રોડ બ્લોક કરવા પડયા હતા જેમાં યમુનોત્રી નેશનલ હાઈવેનો પણ સમાવેશ થાય છે. દેહરાદુનમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું.દેશમાં વરસાદની વિવિધ ઘટનાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ લોકો માર્યા ગયા હોવાના અહેવાલો છે.

## અમરનાથનું શિવલિંગ સંપૂર્ણ પીગળી જતાં ભક્તોમાં અપશુકનની લાગણી, હવે માત્ર ગુફાના દર્શન થશે

અમરનાથ યાત્રા ૩જી જુલાઈથી શરૂ થઈ હતી અને ૪થી જુલાઈથી શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા. યાત્રા શરૂ થઈ તેના પાંચ-છ દિવસમાં જ શિવલિંગ સંપૂર્ણ પીગળી ગયું છે. ઘણાં શ્રદ્ધાળુઓ દાવો કરે છે કે એક ફૂટનું શિવલિંગ છે, પરંતુ ઘણાં ભક્તો કહે છે કે તેઓ માત્ર ગુફાના દર્શન કરીને આવ્યા. જમ્મુ-કાશ્મીર સરકારે પણ શિવલિંગ પીગળી જવાની વાતને સમર્થન આપીને કહ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જની તીવ્ર અસર થઈ છે એટલે આ સ્થિતિ સર્જાઈ છે.અમરનાથ યાત્રાની શરૂઆત થઈ તે વખતે જ શિવલિંગ નાનું હતું એવી ચર્ચા થઈ હતી. જોકે, ત્યારે કોઈએ કલ્પના કરી ન હતી કે બાબા બર્ફાની માત્ર એક સપ્તાહમાં જ અંતર્ધ્યાન થઈ જશે. એક સપ્તાહ પછી હવે સ્થિતિ એવી આવી ગઈ છે કે શ્રદ્ધાળુઓ માત્ર ગુફાના દર્શન કરીને આવે છે. શિવલિંગ પીગળી ગયું છે. ચાર દિવસ પછી જ શિવલિંગ 80 ટકા પીગળી ગયું હતું. હવે ગુફામાં માત્ર શિવલિંગનો અંશ દેખાય ન દેખાય એવી સ્થિતિ થઈ છે. અમરનાથ યાત્રા ૫૭ દિવસ ચાલવાની છે. યાત્રા પહેલાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એક દિવસમાં 10 હજારથી વધારે યાત્રાળુ દર્શન ન કરે તે સુનિશ્ચિત થવું જોઈએ.અગાઉ પણ શિવલિંગ વહેલું પીગળી જતું હોવાની ફરિયાદ ઉઠી હતી. પહેલાં દુર્ગમ પહાડીઓ સુધી બહુ ઓછા શ્રદ્ધાળુઓ પહોંચતા હતા એટલે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા ન હતા. હવે વાહન-વ્યવહાર સરળ બન્યો હોવાથી દરરોજ હજારો ભક્તો દર્શન કરે છે. ગયા વર્ષે પહલગામમાં હુમલો થયો એટલે યાત્રા થઈ શકી ન હતી. આ વર્ષે યાત્રા શરૂ થઈ કે માત્ર ચાર દિવસમાં જ 93 હજાર લોકો પહોંચી ગયા હતા. પહલગામથી ૪૮ કિલોમીટરનો રસ્તો છે. ત્યાંથી બલતાલ સુધીનો રસ્તો થોડો સરળ છે. હવે માત્ર 14 કિલોમીટરનો રસ્તો જ દુર્ગમ અને મુશ્કેલ છે.

## કોઇ પણ એપ્લિકેશન 1600 નંબરની સિરીઝના કોલ બ્લોક ના કરી શકે : ટ્રાઇ

નવી દિલ્હી : કોઇ પણ એપ ૧૬૦૦ નંબરની સિરીઝથી આવનારા ફોન કોલને બ્લોક કરી શક્તી નથી. આ સિરીઝવાળા ફોન કોલ રેગ્યુલેટેડ સંસ્થાઓ અને સરકાર દ્વારા નાગરિકોથી વાતચીત માટે હોય છે તેમ ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું છે.ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ટ્રાઇ)એ વધુમાં સ્પષ્ટતા કરી છે કે ૧૪૦ નંબરની સિરીઝથી આવતા પ્રમોશનલ કોલને કોઇ એપ ટેગ કે ફિલ્ટર કરી શક્તા નથી અને તેમને ફક્ત ડીએનડી રજિસ્ટ્રી જ બ્લોક કરી શકે છે. જેને રગ્યુલેટર મેનેજ કરે છે .ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરેન્સ રેગ્યુલેશન (ટીસીસીસીપીઆર) હેઠળ ૧૫૦૦ સિરીઝની નંબરથી આવતા કોલને ટેગ કરવા, બ્લોક કરવા કે ફિલ્ટર કરવાની મંજૂરી નથી.રેગ્યુલેટરે જણાવ્યું છે કે તેણે આરબીઆઇ, સેબી, આઇઆરડીએઆઇ અને પીએફઆરડીએ દ્વારા રેગ્યુલેટેડ બેંકિંગ, ફાઇનાન્સિયલ સર્વિસ અને વીમા કંપનીઓને પોતાના વર્તમાન કસ્ટમર માટે સર્વિસ અને ટ્રાન્ઝેકશન કોલ માટે ૧૬૦૦ સિરીઝનાં નંબરોનો ઉપયોગ જરૂરી બનાવી દીધું છે, સરકારની નાગરિકો સાથે વાતચીત માટે પણ સરકારી કંપનીઓ ૧૬૦૦ નંબરની સિરીઝનો ઉપયોગ કરે છે.રેગ્યુલેટરે જણાવ્યું છે કે જરૂરી વાતચીત માટે ખાસ સિરીઝ આપવાનો ઉદ્દેશ નાગરિકો માટે આવા કોલને વિશ્વાસપાત્ર બનાવવાનો છે.૧૪૦નંબરની સિરીઝથી શરૂ થતા કોલ અંગે ટ્રાઇએ જણાવ્યું છે કે આ રજિસ્ટર્ડ ટેલિમાર્કેટરનાં ઉપયોગ માટે છે. કસ્ટમરને ડૂ નોટ ડિસ્ટર્બ (ડીએનડી) રજિસ્ટ્રી પર પોતાની પસંદ રજિસ્ટર કરીને કોઇ પણ અથવા તમામ સેક્ટરની કંપનીઓથી ૧૪૦ સિરીઝનાં નંબરોથી આવતા પ્રમોશનલ કોલને અલાઉ કે બ્લોક કરવાનો અધિકાર છે.

## જૂનાગઢ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારો માં કેન્દ્રીય મંત્રીશ્રી ડો.મનસુખભાઈ માંડવીયા એ મુલાકાત લીધી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૦, કેન્દ્રીય યુવા બાબતો અને રમત ગમત વિભાગના મંત્રીશ્રી અને પોરબંદરના સાંસદ શ્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ જૂનાગઢ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સાથે સંવાદ કરી ગ્રામ્ય મિટિંગમાં સરકારના વિકાસના આયોજનની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રીશ્રીએ કેશોદ, વંથલી, કોયલી, અજાબ, ધંધુસર ગામમાં જન સભા કરી હતી. તેમજ કેશોદ ખાતે વેપારી એસોસિએશન સાથે બેઠક કરી હતી. મંત્રીશ્રીએ કેશોદમાં એરપોર્ટના નવીનીકરણ ઉપર આ મુલાકાત દરમિયાન ખાસ ભાર મૂક્યો હતો.

## મહાનગરપાલિકા,જૂનાગઢ દ્વારા શહેરના દિવ્યાંગો માટે સાધન સહાય એસેસમેન્ટ અને UDID કાર્ડ જનરેશન કેમ્પનું આયોજન...

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧. ALIMCO અને મહાનગરપાલિકા જૂનાગઢની આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે શહેરી વિસ્તારમાં વસતા દિવ્યાંગ ભાઈ-બહેનો માટે એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તારીખ ૧૭-૦૭-૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે UPHC શાંતેશ્વર, ખલીલપુર રોડ, જૂનાગઢ ખાતે યોજાશે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ અસ્થિ વિષયક ખામી (Locomotor Disability), સાંભળવાની ક્ષતિ (Hearing Impaired), અંધત્વ (Visually Impaired) તેમજ સેરેબ્રલ પાલ્સી (Cerebral Palsy) જેવી દિવ્યાંગતા ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા લાભાર્થીઓને સાધન સહાય માટે એસેસમેન્ટ કરી આપવાનો છે. આ ઉપરાંત, જે દિવ્યાંગજનો પાસે હજુ સુધી યુનિક ડિસેબિલિટી આઈ.ડી. કાર્ડ (UDID) નથી, તેઓને સ્થળ પર જ નવું કાર્ડ જનરેટ કરી આપવામાં આવશે.

### પોલીસ પર પથ્થરમારો, અનેક પોલીસકર્મીઓ ઘાયલ

## દતિયામાં ભાજપ સમર્થકોનો હિંસક વિરોધ

દતિયા: મધ્ય પ્રદેશના દતિયામાં પેટાચૂંટણી માટેના ભાજપના ઉમેદવારની પસંદગીના મુદ્દે રાજકારણ ગરમાયું છે. પૂર્વ ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાને ટિકિટ ન મળતા તેમના હજારો સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ દરમિયાન સ્થિતિ એટલી હદે વણસી ગઈ કે પ્રદર્શનકારીઓએ નેશનલ હાઈવે (NH-44) જામ કરી પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ હિંસક અથડામણમાં એસપી અને કલેક્ટર સહિત છથી વધુ પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે.શુક્રવાર સાંજથી જ ૩૦૦૦ થી વધુ સમર્થકો દતિયાની સડકો પર ઉતરી આવ્યા હતા. પ્રદર્શનકારીઓએ પહેલા બજારો બંધ કરાવ્યા અને ત્યારબાદ સાંજે ૬ વાગ્યાથી નેશનલ હાઈવે-૪૪ પર ચક્કાજામ શરૂ કર્યો હતો. રસ્તા પર હજારોની ભીડ જમા થતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો, જેના કારણે લગભગ ૧૫ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ ટ્રાફિક જામની અસર દતિયાની આસપાસના પડોશી જિલ્લાઓ સુધી જોવા મળી હતી. તંત્ર દ્વારા વારંવારની અપીલ છતાં આક્રોશમાં રહેલા સમર્થકોએ રસ્તો ખાલી કરવાનો ઈનકાર કરી દીધો હતો. પરિસ્થિતિ શનિવારે વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ વધુ વણસી હતી. જ્યારે પોલીસ દળ રસ્તો ખાલી કરાવવા માટે આગળ વધ્યું, ત્યારે પ્રદર્શનકારીઓએ અચાનક પોલીસ પર ભારે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. હિંસક ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના ગોળા છોડવાની ફરજ પડી હતી, પરંતુ તેના જવાબમાં ઉપદ્રવીઓએ પથ્થરમારામાં વધારો કર્યો હતો. આ આકસ્મિક હુમલામાં એસપી મયૂર ખંડેલવાલ, એડિશનલ એસપી અને અન્ય પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.આ હિંસા બાદ તંત્ર દ્વારા કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસ ટીમે સમગ્ર વિસ્તારમાં પોતાનું નિયંત્રણ મેળવી લીધું છે અને હિંસામાં સામેલ અનેક તોફાની તત્વોની અટકાયત કરવામાં આવી છે. પોલીસ અધિક્ષકે સ્પષ્ટ કર્યું છે કે હાઈવે પર ચક્કાજામ અને કાયદો હાથમાં લેનારા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. જે લોકોએ હિંસા ફેલાવી છે તેમને આત્મસમર્પણ કરવા અથવા સામે ચાલીને ત્યાંથી નીકળી જવા ચેતવણી આપવામાં આવી છે.

# જૂનમાં ૧,૦૨૫ રેક ઉતારવામાં આવ્યા NFR ઉત્તમ માલગાડી પરિવહન ચાલુ રાખે છે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ જૂન ૨૦૨૬ માં માલગાડી અનલોડિંગ કામગીરીમાં સુધારો દર્શાવીને માલગાડી પરિવહન ક્ષેત્રમાં તેની મજબૂત હાજરી દર્શાવી છે. મહિના દરમિયાન, સમગ્ર ઝોનમાં કુલ ૧,૦૨૫ માલગાડી રેક ઉતારવામાં આવ્યા હતા, જે મજબૂત અને પ્રોત્સાહક માલગાડી કામગીરી દર્શાવે છે. NFR એ જૂન ૨૦૨૬ માં આવશ્યક અને ઔદ્યોગિક સામગ્રીના અવિરત પરિવહનને સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખ્યું. અનાજ, અનાજ, ખાતર, ખાંડ, કોલસો, મીઠું, ટાંકી વેગન અને અન્ય માલગાડીઓ કાર્યક્ષમ રીતે ઝોનમાં વિવિધ માલગાડીઓના શેડમાં પરિવહન કરવામાં આવ્યા હતા, જે સમયસર વિતરણ સુનિશ્ચિત કરે છે અને તેની માલગાડી પરિવહન સેવાઓની વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવે છે. નૂરગાડી પરિવહનનો મોટો હિસ્સો ઉત્તરપૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે હતો. આસામમાં સૌથી વધુ ૫૮૯ રેક ઉતારવામાં આવ્યા હતા, જેમાંથી ૨૭૨ આવશ્યક માલગાડીઓ માટે અને ૩૧૭ આવશ્યક માલગાડીઓ માટે હતા. આ જાહેર વિતરણ વ્યવસ્થા, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને દૈનિક ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા પર



ભાર મૂકે છે. આ દરમિયાન, ત્રિપુરાએ 68 રેક, નાગાલેન્ડે 22 રેક, મણિપુરે 20 રેક, અરુણાચલ પ્રદેશે 8 રેક અને મિઝોરમે 5 રેક અનલોડ કર્યા. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 184 રેક અનલોડ થયા, જ્યારે બિહારે 129 રેક અનલોડ કર્યા, જેમાં આવશ્યક અને આવશ્યક બંને માલનો સમાવેશ થાય છે. આ પરિવહનથી સમગ્ર પ્રદેશમાં પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓ, વેપાર જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે.આવશ્યક અને અન્ય માલસામાનની અવિરત હિલચાલ લોકોની દૈનિક જરૂરિયાતોને પૂર્ણ કરવા તેમજ પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા અને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ છે. દરેક તબક્કે અસરકારક દેખરેખથી ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવામાં અને એકંદર અનલોડિંગ કાર્યક્ષમતામાં સુધારો કરવામાં પણ મદદ મળી છે.

## લોહાણા મહાજન કેશોદની સાધારણ સભામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ, સાત સભ્યોની ચૂંટણી સમિતિની રચના

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૧: શ્રી લોહાણા મહાજન કેશોદ ના પ્રમુખના અધ્યક્ષ સ્થાને શ્રી લોહાણા જ્ઞાતિની સાધારણ સભા યોજાઈ હતી. સભામાં મહાજનના વહીવટ, બંધારણ અને આગામી ટ્રસ્ટી મંડળની રચનાને લઈને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ અનેક મહત્વપૂર્ણ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. સભામાં નવા ટ્રસ્ટ મંડળની રચના માટે સાત સભ્યોની ચૂંટણી સમિતિની રચના કરવામાં આવી હતી. ચૂંટણી સમિતિ ને બંધારણની જોગવાઈઓ અનુસાર પારદર્શક, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. સમિતિ દ્વારા આગામી 23 ઓગસ્ટ સુધીમાં ચૂંટણી યોજી નવા ટ્રસ્ટ મંડળની રચના કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી. સભા દરમિયાન ડો. સ્નેહલ તન્નાએ સૂચન કર્યું હતું કે આગામી નવરાત્રી મહોત્સવનું આયોજન નવી ચૂંટાયેલી બોડી દ્વારા કરવામાં આવે.

### દર્શન, સુરક્ષા અને દાન મેનેજમેન્ટમાં આવશે નવી પારદર્શિતા

# રામ મંદિરમાં દાન ચોરી 'કલંક', ટ્રસ્ટ કરશે મોટા વહીવટી ફેરફારો

અયોધ્યા: અયોધ્યાના રામ મંદિરમાં દાન પેટીમાંથી રકમની ચોરીની ઘટનાને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ચેરમેન નૃપેન્દ્ર મિશ્રાએ અત્યંત ગંભીરતાથી લીધી છે. મીડિયા સાથે વાત કરતા તેમણે આ ઘટનાને 'કલંક' ગણાવી હતી અને જણાવ્યું હતું કે, જે ભવ્ય મંદિર માટે કરોડો લોકોએ લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો છે, ત્યાં આ પ્રકારની ઘટના અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ટ્રસ્ટે હવે ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે વહીવટી સ્તરે વ્યાપક સુધારા કરવાનો નિર્ણય લીધો છે. નૃપેન્દ્ર મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, શ્રદ્ધાળુઓનો વિશ્વાસ ટ્રસ્ટ માટે સર્વોપરી છે. મંદિરની ગરિમા અને ભક્તોની આસ્થાને જાળવી રાખવા માટે ટ્રસ્ટ દરેક જરૂરી પગલાં લેશે. ટ્રસ્ટ દ્વારા મંદિરના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) ની નિમણૂક માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જે યોગ્ય અને અનુભવી ઉમેદવારોની પસંદગી કરશે. આ નિમણૂકથી મંદિરના વહીવટીતંત્રમાં વધુ જવાબદારી અને કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા છે. ટ્રસ્ટ ૨૨ જુલાઈ પછી રામ મંદિરની દૈનિક વ્યવસ્થાઓમાં મોટા ફેરફારો લાગુ કરવા જઈ રહ્યું છે. આગામી ટ્રસ્ટની બેઠકમાં નવી વહીવટી વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં



આવશે. પ્રસ્તાવિત ફેરફારોમાં મુખ્યત્વે નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ થાય છે:ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદ દેવગિરી અને વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓએ સંત સમાજ તથા રામાનંદીય પરંપરાના નિષ્ણાતો પાસેથી પણ જરૂરી માર્ગદર્શન મેળવ્યું છે. નિર્મોહી અખાડાના મહંત દિનેન્દ્ર દાસે પણ પૂજા-પદ્ધતિ અને ધાર્મિક વિધિઓને શાસ્ત્રોક્ત રીતે લાગુ કરવા પર ભાર મૂક્યો છે. આ તમામ સૂચનોનો ઉદ્દેશ્ય રામ મંદિરને માત્ર ભવ્ય જ નહીં, પરંતુ એક આદર્શ અને વ્યવસ્થિત તીર્થસ્થાન બનાવવાનો છે.ટૂંકમાં, આ ઘટના બાદ રામ મંદિર વહીવટીતંત્ર હવે વધુ સતર્ક બન્યું છે. ૨૨ જુલાઈની બેઠક બાદ મંદિરની કાર્યપદ્ધતિમાં મોટા બદલાવ જોવા મળશે.

### કૌભાંડ | ગરીબોના પોષણયુક્ત ચોખા સગેવગે કરનાર કૌભાંડીઓ ઝડપાયા

# મધ્ય પ્રદેશમાં ૧૧૬૦ કરોડનું ઈથેનોલ-ચોખા કૌભાંડ

ભોપાલ: મધ્ય પ્રદેશમાં ઈથેનોલ ઉત્પાદનના નામે એક ખૂબ જ મોટું અને ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે, જેમાં સરકારી અધિકારીઓ, રાઈસ મિલ માલિકો અને ઈથેનોલ પ્લાન્ટના સંચાલકોની મિલીભગતથી આશરે ૧૧૬૦ કરોડ રૂપિયાના ચોખાની હેરાફેરી કરવામાં આવી છે. આ કૌભાંડનો મુખ્ય ભોગ રાજ્યના ગરીબ બાળકો, સગર્ભા મહિલાઓ અને કિશોરીઓ બન્યા છે, કારણ કે સગેવગે કરાયેલ ચોખા 'ફોર્ટિફાઈડ' (પોષણયુક્ત) હતા, જેનો હેતુ કુપોષણ નાબૂદ કરવાનો હતો.



કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ૨ જૂનના રોજ બાલાઘાટના સરકારી ગોડાઉનમાંથી ઈથેનોલ પ્લાન્ટ માટે રવાના થયેલી ત્રણ ટ્રકો નિર્ધારિત સ્થળે પહોંચી ન હતી. પોલીસે તપાસ કરતા એક ટ્રક બાલાઘાટની જ એક ખાનગી રાઈસ મિલમાં મળી આવી હતી, જ્યારે અન્ય બે ટ્રકો ગુમ હતી. આ ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવી. અત્યાર સુધીમાં પોલીસે ચોખા ભરેલી ૧૨ ટ્રકો જપ્ત કરી છે અને ૪૦ થી વધુ લોકોની પૂછપરછ શરૂ કરી દીધી છે. આ મામલે ૪ મુખ્ય આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે.તપાસમાં સામે આવ્યું છે કે ઈથેનોલ પ્લાન્ટના સંચાલકો સરકાર પાસેથી સબસિડીવાળા ભાવે (૨૩૨૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ) ફોર્ટિફાઈડ ચોખા મેળવતા હતા. આ મોંઘા ચોખાનો ઈથેનોલ બનાવવાના બદલે, તેઓ તેને ખુલ્લા બજારના સસ્તા ટુકડા ચોખા કરતા ઊંચા ભાવે (૨૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ) ખાનગી રાઈસ મિલર્સને વેચી દેતા હતા.

રાઈસ મિલર્સ આ ચોખાને નવી ગુણીઓમાં પેક કરીને ફરીથી સરકારી ગોડાઉનોમાં જ જમા કરાવી દેતા હતા. આ રીતે તેઓ સરકારી મિલિંગ ચાર્જ પણ વસૂલતા અને ડાંગરના બદલે ચોખા જમા કરાવીને કરોડોનો નફો કમાતા હતા. સરકારી નિયમો મુજબ, ગોડાઉનમાં રહેલા જૂના ચોખાનો સ્ટોક પહેલા ઈથેનોલ માટે આપવાનો હોય છે, પરંતુ ભ્રષ્ટ અધિકારીઓએ કૌભાંડીઓને ફાયદો કરાવવા માટે આ નિયમ નેવે મૂકીને નવો અને પોષણયુક્ત ચોખાનો સ્ટોક ફાળવી દીધો હતો. રાઈસ મિલોના રેકોર્ડનું યોગ્ય મોનિટરિંગ ન થવાને કારણે આ ખેલ લાંબા સમય સુધી ચાલતો રહ્યો.તંત્ર દ્વારા હવે આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. બાલાઘાટ, છિંદવાડા અને સિવની જેવા જિલ્લાઓમાં તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે.

સિટી
એક્સપ્રેસ
SUNDAY 12 JULY-2026
AHMEDABAD

## પોલીસને આજુબાજુમાં ઉભી રાખી ટપોરીના સીનસપાટા

અમદાવાદ | AIના ઉપયોગથી લોકો અલગ અલગ વીડિયો બનાવે છે, ત્યારે શહેરના એક ટપોરીએ એક્ટિવા પર બેસીને આજુબાજુ પોલીસ બંદોબસ્તમાં હોય અને રોફ જમાવતો હોય તેવો વીડિયો બનાવ્યો હતો. જે વીડિયો વાયરલ થતા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વીડિયોના આધારે ટપોરીની ધરપકડ કરી હતી. જે બાદ ટપોરીની આજુબાજુ અસલી પોલીસનો વીડિયો બનાવવામાં આવ્યો છે. જેમાં માફી મંગાવવામાં આવી છે.એક યુવકે એક્ટિવા પર બેસીને ફોટો પડાવી તે ફોટામાં AIના ઉપયોગથી તેની આસપાસ પોલીસ અધિકારી અને કર્મચારી બંદોબસ્તમાં હોય તેવો વીડિયો બનાવ્યો હતો.

## છાતીમાં છરી સાથે જ યુવક સારવાર માટે પહોંચ્યો

અમદાવાદ | અમદાવાદના ખોખરા વિસ્તારમાં એક યુવક પર બે શખસો દ્વારા છરી વડે હુમલો કરાતા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રેમપ્રકરણમાં યુવક પર કરાયેલા હુમલામાં છરી છાતીમાં જ ફસાઈ જતા હુમલાખોર ભાગી ગયા હતા. યુવકને છરી સાથે જ સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ મામલે ખોખરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.શહેરના ગોમતીપુર વિસ્તારમાં સલાડ નગરમાં ગણેશ દંતાણી તેના પરિવાર સાથે રહે છે. 6 મહિના પહેલા ગણેશ અમરાઈવાડી વિસ્તારમાં રહેતી તેના જ સમાજની યુવતીને લઈને ભાગી ગયો હતો.



### 12 વર્ષના મયુરસિંહના જંગલમાંથી અવશેષો મળ્યા, 50 પગથિયા ચઢ્યા ત્યાં હુમલો કર્યો; હુમલો કરનાર સિંહ પકડાયો

# ગિરનાર ચઢતા બાળકને સિંહ ખેંચી ગયો



જૂનાગઢ | જૂનાગઢના પ્રખ્યાત યાત્રાધામ ગિરનાર પર્વત પર એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસી પરિવારના 12 વર્ષના બાળક પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. બાળક મયુરસિંહ કાકાનો હાથ પકડીને ગિરનાર ચઢતો હતો તે દરમિયાન સિંહ ખેંચી ગયો હતો. પરિવારજનોએ જઈને તપાસ કરતા જંગલમાંથી બાળકના અવશેષો મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે સિંહના માણસ પર હુમલાની 25 દિવસમાં આ છઠ્ઠી ઘટના છે.

આજે(11 જુલાઈ) વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વન વિભાગ તેમજ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો છે. હાલ ગિરનારની મુખ્ય સીડી પર સામાન્ય અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

વન વિભાગ, પોલીસ અને ટ્રેકર્સની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને એક સિંહને પકડી પાડ્યો હતો. પશુચિકિત્સક દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન સિંહની ઊલટીમાંથી માનવ શરીરના ભાગો મળી આવ્યા હોવાનો પ્રાથમિક ખુલાસો થયો છે. હાલમાં વન વિભાગ દ્વારા આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ અને આગળની કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે. ભક્તો અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને સર્વોપરી રાખીને તંત્ર દ્વારા ગિરનારની નવી સીડી આગામી સૂચના સુધી પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત શંકાસ્પદ અન્ય બે સિંહોને પણ પકડી લેવામાં આવ્યા છે. તેમને વધુ તપાસ અને પશુચિકિત્સકીય પરીક્ષણ માટે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ખસેડવામાં આવશે.

આ અંગે બાળકના કુટુંબી કાકા ચૌહાણ અનિલકુમારસિંહ નટવરસિંહે જણાવ્યું હતું કે, તેઓ સવારે ગિરનારના પગથિયાં ચડી રહ્યા હતા ત્યારે ગેટથી અંદર આશરે 50 જેટલા પગથિયાં ઉપર પહોંચતા જ અંધારામાંથી અચાનક એક સિંહે આવીને પાછળથી ભત્રીજા મયુરસિંહ મહેન્દ્રસિંહ પર તરાપ મારી હતી. સિંહ બાળકને હાથમાંથી જ ખેંચીને જંગલ તરફ ભાગ્યો હતો, જેના કારણે ભારે દોડધામ અને ચીસાચીસ થઈ ગઈ હતી. ત્યારબાદ શોધખોળ કરતાં જંગલમાંથી બાળકના બૂટ, કપડાં અને શરીરના કેટલાક અવશેષો જ હાથ લાગ્યા છે. તેમણે વહીવટી તંત્ર સામે રોષ ઠાલવતા માંગ કરી છે કે સીડીઓ પર લાઈટની કોઈ વ્યવસ્થા નથી, જેના કારણે અંધારામાં વન્યજીવ બેઠો હોય તો પણ ખ્યાલ નથી આવતો, જેથી અહીં તાત્કાલિક લાઈટની સગવડ કરવી જોઈએ અને અમુક અંતરે ફોરેસ્ટ ઓફિસર તહેનાત કરવા જોઈએ.

આ ઘટનાના પ્રત્યક્ષદર્શી અને સગા સંદીપભાઈએ વિગતો આપતા કહ્યું હતું કે, તેઓ રાત્રે ગિરનારમાં રોકાયા હતા અને સવારે આશરે પોણા છ વાગ્યે 50થી 60 જેટલા યાત્રિકો સાથે ચઢવાનું શરૂ કર્યું હતું. માંડ 50 પગથિયાં ચઢ્યા ત્યાં જ અચાનક સિંહે આવીને બાળક મયુરસિંહને ઉઠાવી લીધો હતો. સ્થાનિક લોકોમાં એવી પણ ચર્ચા છે કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી આ સિંહ ગિરનારની સીડીઓની આસપાસ જ બેસી રહેતો હતો, તેમ છતાં લાઈટ કે સુરક્ષાની પૂરતી સુવિધા ન હોવાથી આ મોટી દુર્ઘટના સર્જાઈ છે.

### 50 પગથિયાં ચઢ્યા ત્યાં અચાનક સિંહ બાળકને ખેંચી ગયો

આ ઘટનાના પ્રત્યક્ષદર્શી અને સગા સંદીપભાઈએ વિગતો આપતા કહ્યું હતું કે, તેઓ રાત્રે ગિરનારમાં રોકાયા હતા અને સવારે આશરે પોણા છ વાગ્યે 50થી 60 જેટલા યાત્રિકો સાથે ચઢવાનું શરૂ કર્યું હતું. માંડ 50 પગથિયાં ચઢ્યા ત્યાં જ અચાનક સિંહે આવીને બાળક મયુરસિંહને ઉઠાવી લીધો હતો. સ્થાનિક લોકોમાં એવી પણ ચર્ચા છે કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી આ સિંહ ગિરનારની સીડીઓની આસપાસ જ બેસી રહેતો હતો, તેમ છતાં લાઈટ કે સુરક્ષાની પૂરતી સુવિધા ન હોવાથી આ મોટી દુર્ઘટના સર્જાઈ છે.

**સિંહની શોધખોળ શરૂ** : બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા હાલ મુખ્ય સીડીનો આજુબાજુનો વિસ્તાર તદ્દન બંધ કરાવી દેવામાં આવ્યો છે અને શ્રદ્ધાળુઓને અવરજવર કરવા માટે જટાશંકર નજીકની જૂની સીડી તરફથી જવાની સૂચના આપવામાં આવી છે. બીજી તરફ વન વિભાગની અલગ-અલગ ટીમો બનાવીને સિંહની શોધખોળ શરૂ કરવામાં આવી છે અને તેને પકડવા માટે ઘટનાસ્થળની આસપાસ પાંજરા પણ ગોઠવી દેવાયા છે. જો કે, ઘટનાના બે કલાક સુધી આરએફઓ સ્થળ પર ન પહોંચ્યા હોવાના આક્ષેપો સાથે સ્થાનિક સ્ટાફે વહેલી સવારથી જ આગળની સઘન કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજના કિરણપુરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે અમે ગઈકાલે રાત્રે અહીં આવ્યા હતા અને રાત્રિ રોકાણ કર્યા બાદ, આજે સવારે 7 વાગ્યાની આસપાસ ગિરનાર ડુંગર ચડવા માટે નીકળ્યા હતા. અમે જ્યારે ઉપર જઈ રહ્યા હતા ત્યારે અમને માહિતી મળી કે, ગિરનાર ચડતી વખતે શરૂઆતના અંદાજે 50 પગથિયાં પાસે જ એક સિંહ આવી ચડ્યો હતો. ત્યાં એક પરિવાર પોતાના ફેમિલી મેમ્બર્સ સાથે ઉપર તરફ જઈ રહ્યો હતો, તે દરમિયાન સિંહે અચાનક હુમલો કરીને તેમના બાળકને ખેંચી ગયો હતો. હાલમાં એવી વિગત મળી છે કે એ બાળક હજુ જીવતું મળ્યું નથી, માત્ર તેનો એક પગ જ હાથ લાગ્યો છે.

નીચેથી પણ અન્ય યાત્રિકોને આગળ વધતા અટકાવી દેવાયા છે, કારણ કે સિંહ હજુ પણ આ જ વિસ્તારની આસપાસ હોવાની શક્યતા છે. પ્રવાસીઓની સુરક્ષા માટે પોલીસ તંત્રે અત્યારે ખૂબ જ સારી વ્યવસ્થા ગોઠવી દીધી છે.

હાલ પૂરતું તો તંત્ર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. જેથી આવી કોઈ બીજી દુર્ઘટના ન ઘટે. ગિરનાર એક એવું પવિત્ર અને પ્રખ્યાત પ્રવાસી સ્થળ છે જ્યાં માત્ર ગુજરાત જ નહીં, પણ આખા દેશ અને વિદેશથી પણ લાખો શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ ફરવા માટે આવે છે.તેથી, ભવિષ્યમાં આવી કોઈ પણ જાનહાનિ કે ઘટના ફરી ક્યારેય ન બને તે માટે હું તંત્રને ખાસ વિનંતી કરું છું કે અહીં કાયમી ધોરણે યોગ્ય દેખરેખ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખે.

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામ નજીક રેવન્યુ અને રિઝર્વ ફોરેસ્ટની બોર્ડર વિસ્તારમાં સિંહના હુમલામાં 21 વર્ષીય સોહીલ મેમણ નામના યુવકનું કરુણ મોત થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ સિંહ-સિંહણના મેટિંગ પિરિયડ દરમિયાન કેટલાક યુવકો સિંહ દર્શન કરવા માટે જંગલની નજીક પહોંચી ગયા હતા. આ દરમિયાન સિંહોએ અચાનક હુમલો કરતા સોહીલ મેમણને ઢસડીને દૂર સુધી ખેંચી લઈ જઈ મોતને ઘાટ ઉતાર્યો હતો.

# ગેંગસ્ટર કાલુ ગરદન અને સાગરીતો સામે વધુ એક ફરિયાદ

### અગાઉના મારામારીના કેસમાં સમાધાન ન કરતા હુમલો કર્યો, આરોપી સામે 30થી વધુ ગુના નોંધાયેલા

અમદાવાદ | અમદાવાદ શહેરના જુહાપુરા વિસ્તારમાં રહેતા મેહમુદ મારૂએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં કાલુ ગરદન, તેનો ભાઈ સુલતાન, ફરદીન ઉર્ફે પાવલી સહિત પાંચ શખસો સામે હુમલાની ફરિયાદ નોંધાવી છે. અગાઉ નોંધાયેલા મારામારીના કેસમાં સમાધાન કરવા કાલુ ગરદન અને તેના સાગરીતો મેહમુદનો સંપર્ક કરવા આવ્યા હતા. જોકે મેહમુદે સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડતા બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ મેહમુદ પર હુમલો કર્યો હતો. જેમાં મેહમુદને ઈજા પહોંચી હતી અને જે અંગે વેજલપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

કાલુ ગરદન અમદાવાદના જુહાપુરા, સરખેજ અને વેજલપુર વિસ્તારમાં લાંબા સમયથી કુખ્યાત ગેંગસ્ટર તરીકે ઓળખાય છે. તેની સામે હત્યાનો પ્રયાસ, ખંડણી, ગેરકાયદે દારૂના ધંધા, લેન્ડ ગ્રેબિંગ અને હુમલા સહિતના 30થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડમાં છે. તેની ગેંગ સામે સંગઠિત ગુનાખોરીને પગલે ગુજસીટોક હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે.

ભૂતકાળમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાલુ ગરદનની ગેરકાયદેસર મિલકતો અને દબાણો પર બુલડોઝર ચલાવી કાર્યવાહી કરી હતી. અનેક વખત જેલમાં જઈ ચૂકેલા કાલુ ગરદનનું નામ ફરી હુમલાના કેસમાં સામે આવતાં પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. હાલ સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## પશ્ચિમ રેલવે દ્વારા 3 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

પશ્ચિમ રેલવે |પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને આસારવા-કાનપુર સેન્ટ્રલ, આસારવા-આગ્રા કેન્ટ અને ગાંધીગ્રામ-પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નં. 04112 ગાંધીગ્રામ-પ્રયાગરાજ સ્પેશિયલના ફેરા 30 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. 04111 પ્રયાગરાજ-ગાંધીગ્રામ સ્પેશિયલના ફેરા 29 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.ટ્રેન નં. 01906 આસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરા 01 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. 01905 કાનપુર સેન્ટ્રલ-આસારવા સ્પેશિયલના ફેરા 31 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન નં. 01909 આસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલના ફેરા 01 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. 01910 આગ્રા કેન્ટ-આસારવા સ્પેશિયલના ફેરા 31 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન નં. 04112, 01906 અને 01909ના વિસ્તૃત ફેરાઓ માટેનું બુકિંગ 12.07.2026 થી તમામ પીઆરએસ (PRS) કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા રેકની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પરથી માહિતી મેળવી શકે છે.

# મોડાસાના દુકાનદારને કાલુપુરમાં મફતમાં રીક્ષામાં બેસાડી ખિસ્સામાંથી 50 હજાર સેરવી લીધા

અમદાવાદ | શહેરના કાલુપુરમાં ખરીદી કરવા આવેલા મોડાસાના વેપારીને ફ્રીમાં રીક્ષામાં બેસવું ભારે પડ્યું છે. રીક્ષા ચાલક અને તેના 3 સાગરીતોએ વેપારીને રિક્ષામાં બેસાડી તેમના ખીસામાંથી બળજબરીથી 50 હજાર રૂપિયા કાઢી લીધા હતા. જે બાદ વેપારીને ચાલુ રિક્ષાએ ધક્કો મારીને બહાર ફેકી દીધા હતા. વેપારીએ કાલુપુર પોલીસ સ્ટેશનના રીક્ષા ચાલક સહિત ચાર સામે ફરિયાદ નોંધાવી છે.

મોડાસામાં રહેતા ઈશ્વરભાઈ વાળંદ કરિયાણાની દુકાન ચલાવે છે.ઈશ્વરભાઈ દુકાનમાં માલની ખરીદી કરવા કાલુપુર આવ્યા હતા.ઈશ્વરભાઈ ચપ્પલની ખરીદી કરીને ચાલતા ચાલતા સિંધી માર્કેટ તરફ જઈ રહ્યા હતા ત્યાં એક રીક્ષા ચાલક તેમની પાસે આવ્યો અને રીક્ષા બેસી જવા કહ્યું હતું. ઈશ્વરભાઈએ ન પાડી પરંતુ રીક્ષા ચાલકે ભાડું લેવાની ના પાડી તો ફ્રીમાં ઈશ્વરભાઈ રીક્ષામાં બેસી ગયા હતા. રીક્ષામાં પાછળથી સીટ પર 3 યુવકો અગાઉથી જ બેઠા હતા. જેથી ઈશ્વરભાઈને આગળની સીટ પર ડ્રાઈવરની બાજુમાં બેસાડ્યા હતા. ચાલુ રીક્ષામાં ઈશ્વરભાઈના ખિસ્સામાં હાથ નાખ્યાની શંકા ગઈ તો તેમને રીક્ષા ચાલકને રોક્યા હતા. જે બાદ રીક્ષા ચાલક અને અન્ય ત્રણ શખ્સોએ ઈશ્વરભાઈના ખિસ્સામાંથી જબરજસ્તી 50 હજાર કાઢી લીધા હતા. ઈશ્વરભાઈને પણ ધક્કો મારી રિક્ષામાંથી બહાર ફેકી દીધા હતા. ઈશ્વરભાઈ લોડીંગ રીક્ષા સાથે અથડાતા ઈજા પહોંચી હતી. ઈશ્વરભાઈએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### ફ્રીમાં રીક્ષામાં બેસવું વેપારીને ભારે પડ્યું: , ચાલુ રીક્ષાએ ધક્કો મારી ફેંકી દીધા




# બેચરાજી ભક્તો માટે ખુશખબર: કટોસણ રોડ-બેચરાજી રેલવે વિભાગ પર ૧૨૦ કિમીની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ

અમદાવાદ | કમિશનર ઓફ રેલવે સેફ્ટી (વેસ્ટર્ન સર્કલ) એ 9 થી 11 જુલાઈ, 2026 દરમિયાન પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગના કટોસણ રોડ-બેચરાજી-રાનુજ (63 કિમી) બ્રોડગેજ વિભાગનું સલામતી નિરીક્ષણ સફળતાપૂર્વક કર્યું. આ નિરીક્ષણ આ વિભાગ પર પેસેન્જર ટ્રેન સેવાઓ ફરી શરૂ કરવા તરફ એક મહત્વપૂર્ણ અને અંતિમ તકનીકી પગલું રજૂ કરે છે. ત્રણ દિવસના નિરીક્ષણ દરમિયાન, રેલવે સેફ્ટી કમિશનરે મોટર ટ્રોલી દ્વારા સમગ્ર વિભાગનું વિગતવાર નિરીક્ષણ કર્યું. 11 જુલાઈ, 2026 ના રોજ, 120 કિમી/કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવ્યું, જેણે વિભાગ પર સલામત મહત્તમ ગતિ પણ ચકાસવામાં આવી. નિરીક્ષણ દરમિયાન, ટ્રેક ગુણવત્તા, સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ્સ, પુલ, ઓવરહેડ ઈલેક્ટ્રિકલ (OHE) સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, ટ્રેક ફિટિંગ, બેલાસ્ટ, OHE ઊંચાઈ અને અન્ય તમામ સલામતી ધોરણોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. અંતિમ સલામતી મંજૂરી મળ્યા પછી આ વિભાગ પર પેસેન્જર ટ્રેન સેવાઓ શરૂ થશે.




નિરીક્ષણમાં રેલ્વે સલામતી કમિશનર (વેસ્ટર્ન સર્કલ), શ્રી ઇ. શ્રીનિવાસ, ડિવિઝનલ રેલ્વે મેનેજર, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), શ્રી પ્રદીપ ગુપ્તા, ડિરેક્ટર, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE), શ્રી રાજકુમાર, જનરલ મેનેજર (સિવિલ), G-RIDE, શ્રી શિવેન્દ્ર કુમાર, ચીફ ટ્રેક એન્જિનિયર, ચીફ ઓપરેશન્સ મેનેજર (G), અને બાંધકામ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ : કટોસણ રોડ-બેચરાજી-રણુજ (63 કિમી) ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટને 2017 માં મંજૂરી આપવામાં આવી હતી. આશરે 1,000 કરોડના ખર્ચે વિકસિત, આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વે અને ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE) ના સંયુક્ત સાહસ હેઠળ બનાવવામાં આવ્યો હતો. આ વિભાગમાં 14 રેલ્વે સ્ટેશન, 9 મુખ્ય પુલ, 100 નાના પુલ, 47 રોડ અંડરબ્રિજ/મર્યાદિત ઊંચાઈ સબવે (RUB/LHS) અને 16 વળાંકોનો સમાવેશ થાય છે. બેચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ : આ વિભાગ પરનું મુખ્ય સ્ટેશન, બેચરાજી, ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે અને તેને વિશ્વ વિખ્યાત શ્રી બહુચર માતા મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતા મંદિર ગુજરાતના મુખ્ય શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો ભક્તો મુલાકાત લે છે. ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને, તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલ્વે (GBR) ને બેચરાજી સુધી લંબાવ્યું. આ પ્રદેશને આધુનિક રેલ કનેક્ટિવિટી મળશે : લાંબા સમયથી, બેચરાજી પ્રદેશ રેલ કનેક્ટિવિટીથી વંચિત હતો, જેના કારણે યાત્રાળુઓ, સ્થાનિક નાગરિકો અને ઔદ્યોગિક એકમો મુખ્યત્વે રોડ ટ્રાન્સપોર્ટ પર આધાર રાખતા હતા. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આ પ્રદેશને આધુનિક રેલ નેટવર્ક સાથે જોડવાનો માર્ગ મોકળો થયો છે, જે ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ અને પ્રાદેશિક પરિવહનને નવી ગતિ આપશે. ત્રણ દિવસનું સલામતી નિરીક્ષણ : સુરક્ષા નિરીક્ષણના પહેલા દિવસે, કટોસણ રોડથી બેચરાજી, બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુંજ સુધીના વિભાગનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બધી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી અને અંતિમ સલામતી મંજૂરી મળ્યા પછી, આ વિભાગ પર પેસેન્જર રેલ સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

### 'એક પેડ મા કે નામ': ગાંધીનગર અને અમદાવાદમાં સ્થાનિક પ્રજાતિના વૃક્ષોથી રચાશે નવી ઈકોસિસ્ટમ

# અમિત શાહના પ્રોજેક્ટ હેઠળ સવા કરોડ વૃક્ષો વાવવાની મહાઝુંબેશ

ગાંધીનગર : થોડા દિવસો પહેલા જો તમે બગોદરાથી નળસરોવર તરફ જતા રસ્તા પર આવતા કણોતર ગામનાં 23 હેક્ટર ગૌચર જમીનની બાજુમાંથી પસાર થયા હોત, તો બહુ ઓછા લોકોને ત્યાં ઉભા રહેવાનું મન થયું હોત. કેમ કે ખૂબ જ ક્ષારવાળી અને ગાંડા બાવળોથી ઘેરાયેલી આ જમીન ઉજ્જડ જેવી હતી. જો કે, આજે આ સ્થળેથી પસાર થતા કોઈ રોકાયા વગર રહી શકતું નથી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહનાં મહત્વાકાંક્ષી 'ગાંધીનગર હરિયાળી લોકસભા' અભિયાનનાં ભાગરૂપે, ગુજરાત વન વિભાગે આ 23 હેક્ટર જમીનની કાયાપલટ કરી નાખી છે. ગાંડો બાવળ દૂર કરી, પથ્થર જેવી કડક માટીને ઉંડી ખેડી નાખી છે અને ત્યારબાદ ખારાપાટ જેવી જમીનની ફળદ્રુપતા વધારવા માટે તેમાં જિપ્સમ, છાણિયું ખાતર, જરૂરી પોષકતત્વો અને ખાતર નાખી જમીન સુધારણાનું કામ હાથ ધર્યુ છે. અને હવે, નવસાધ્ય થયેલી જમીનમાં 2.30 લાખ વૃક્ષો વાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વૃક્ષોમાં મુખ્યત્વે સ્થાનિક પ્રજાતિનું વાવેતર કરવામાં આવશે. ગૌચરની આ 23 હેક્ટર જમીનને ચારે તરફથી ફેન્સિંગ કરી તેને સુરક્ષિત કરવામાં આવી છે. વૃક્ષોને પાણી પૂરું પાડવા માટે પાણીનો એક બોર બનાવ્યો છે. આ બોર સોલર પાવરથી ચાલશે. આ દ્રશ્ય માત્ર કણોતર ગામ પૂરતું નથી, પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના ગાંધીનગર લોકસભા મત વિસ્તાર હેઠળ આવતા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનાં 82 સ્થળોએ આ પ્રકારની કામગીરી યુદ્ધનાં ધોરણે ચાલી રહી છે. સાવ ઉજ્જડ અને ખારાપાટ જેવી જમીનને નવસાધ્ય કરી સ્થાનિક પ્રજાતિઓનાં વૃક્ષોનું વાવેતર કરી નવી ઈકોસિસ્ટમ ઉભી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના 'ગાંધીનગર હરિયાળી લોકસભા પ્રોજેક્ટ' હેઠળ ચાલુ વર્ષે સવા કરોડ (1.25 કરોડ) રોપા વાવવાનો લક્ષ્યાંક છે. આ સવા કરોડનાં લક્ષ્યાંકમાં વન વિભાગ દ્વારા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં 82 સ્થળોએ 540.92 હેક્ટર વિસ્તારમાં 60 લાખ રોપા વવાશે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે એક વિશાળ વૃક્ષારોપણ ઝુંબેશ દ્વારા તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારને દેશનો સૌથી હરિયાળો મતવિસ્તાર બનાવવાનો સંકલ્પ કર્યો છે. જળવાયુ પરિવર્તન સામે લડવાનાં અભિયાનના ભાગરૂપે, આ વર્ષે સમગ્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સવા કરોડ રોપા વવાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હાથ ધરાયું છે અને લોકભાગીદારી થકી દેશને હરિયાળો બનાવવાનો મહાયજ્ઞ ચાલી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલું આ અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં વિસ્તરી રહ્યું છે.

# દ્વારકામાં કોંગ્રેસને મોટો ઝટકો: જીવાભાઈ આંબલીયા સહિતના ત્રણ નેતાઓ AAPમાં જોડાયા




અમદાવાદ : દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયામાં 'સંગઠન સંકલ્પ અભિયાન' અંતર્ગત આમ આદમી પાર્ટીની મહત્વપૂર્ણ સંગઠન બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, ગુજરાત સહપ્રભારી ગૌરવ શર્મા, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી પુષ્પેન્દ્ર ભારદ્વાજ, દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રમુખ રામજીભાઈ પરમાર સહિત જિલ્લાના અને વિધાનસભાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણી આગેવાનો જીવાભાઈ આંબલીયા (પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય, પૂર્વ તાલુકા પ્રમુખ કોંગ્રેસ અને આહીર સમાજના આગેવાન), પરબતભાઈ હડિયલ (પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય કોંગ્રેસ તથા સતવારા સમાજના આગેવાન) અને ભરતભાઈ નકુમ (મોવાણ તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર તથા સતવારા સમાજના યુવા આગેવાન)એ કોંગ્રેસનો ત્યાગ કરીને વિધિવત્ આમ આદમી પાર્ટીમાં પ્રવેશ કર્યો હતો. ઈસુદાન ગઢવીએ તમામ નવા આગેવાનોને આમ આદમી પાર્ટીનો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા. બેઠકને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સંગઠનને વધુ મજબૂત બનાવી જનતાના પ્રશ્નો માટે વધુ અસરકારક રીતે લડત આપવામાં આવશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...